અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ઓક્ટોબર ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ ૧૧
વર્ષ : ૧૭
અંક : ૯૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજનાથ સિંહની પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી

## પાકિસ્તાન તરફથી કોઈ છમકલું થશે તો તેની ભૂગોળ બદલી નખાશે

### રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો, ત્યારબાદ ભારતીય સૈનિકોને સંબોધન કર્યું

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુરુવારે (૨ ઓક્ટોબર) ફરી એકવાર પાકિસ્તાનને ચેતવણી આપી. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, પરંતુ આપણી ભારતીય સેનાએ તેનો જડબાતોડ જવાબ આપ્યો હતો. રક્ષામંત્રીએ કહ્યું કે, જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ છમકલું કરવામાં આવશે તો તેનું ભૂગોળ બદલી નાખવામાં આવશે. રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમીના અવસરે ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધતા કહ્યું કે, "ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાઓએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને નષ્ટ કરી દીધી અને વિશ્વને એ સંદેશ આપ્યો કે ભારતીય સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે તે રીતે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે." તેમણે કહ્યું કે, "આઝાદીના ૭૮ વર્ષ વીતી ગયા હોવા છતાં પણ સર ક્રીક વિસ્તારમાં સીમાને લઈને વિવાદ ઉભો કરવામાં આવે છે. ભારતે અનેક વખત વાતચીત દ્વારા આનું સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ પાકિસ્તાનની નિયતમાં જ ખોટ છે, તેની નિયત સાફ નથી. તાજેતરમાં પાકિસ્તાનની સેનાએ સર ક્રીકની નજીક આવેલા વિસ્તારોમાં પોતાનું લશ્કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધાર્યું છે, જે તેની નિયત બતાવે છે." રાજનાથ સિંહે કહ્યું કે, "ભારતની સરહદનું રક્ષણ ભારતીય સેનાઓ અને બીએસએફ સાથે મળીને સતર્કતાપૂર્વક કરી રહ્યા છે. જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારનું છમકલું કરવામાં આવશે તો તેનો એવો કડક જવાબ મળશે કે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જશે. પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો એક રસ્તો સર ક્રીકમાંથી થઈને જ પસાર થાય છે." રાજનાથ સિંહે કહ્યુ, ભારતની સરહદોની રક્ષા ભારતીય સેનાઓ અને બીએસએફ મળી મજબૂતીથી કરી રહી છે. જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ હિમાકત કરવામાં આવી તો તેનો એવો જવાબ આપવામાં આવશે કે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જશે. પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો એક રસ્તો ક્રીકથી થઈ પસાર થાય છે. રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને ઉજાગર કરી અને દુનિયાને તે સંદેશ આપ્યો કે ભારતની સેનાઓ જ્યારે ઈચ્છે.



**રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો**

**રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને ઉજાગર કરી અને દુનિયાને તે સંદેશ આપ્યો કે ભારતની સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર ગુજરાતની ધરતી પરથી પાકિસ્તાનને ચેતવણી આપી છે.**

### PM મોદીએ રાજઘાટ પર મહાત્મા ગાંધી - લાલ બહાદુર શાસ્ત્રીને આપી શ્રદ્ધાંજલિ



**આજે ૨ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૬મી જન્મજયંતિ અને ભૂતપૂર્વ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની ૧૨૧મી જન્મજયંતિના અવસરે દેશભરમાં અહિંસા, સત્ય અને દેશભક્તિના સંદેશાઓ ગુંજી રહ્યા છે. ઉપરાંત આજના દિવસે લોકો વિજયાદશમી અથવા દશેરાની ઠેરઠેર ઊજવણી કરી રહ્યા છે, જે અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીઓ, વિપક્ષી નેતાઓ અને અન્ય મહાનુભાવો સાથે દિલ્હીના રાજઘાટ અને વિજય ઘાટ ખાતે બંને મહાનુભાવોને શ્રદ્ધાંજલિ આપી હતી. આજે સાંજે પીએમ મોદી દિલ્હીના યમુનાપાર વિસ્તારના આઈપી એક્સટેન્શનમાં ઉત્સવ ગ્રાઉન્ડ ખાતે રામલીલામાં ભાગ લેશે, જ્યાં તેઓ રાવણના વિશાળ પૂતળાનું દહન કરશે.**

### દ. ચિલીથી ન્યુઝીલેન્ડ સુધી રિંગ ઓફ ફાયરમાં આવેલા

## ફિલિપાઇન્સમાં પ્રચંડ ધરતીકંપ ૬૯ના મોત, અનેકને ઇજા : સુનામી વોર્નિંગ

### ઉ.પૂ. ફિલિપાઇન્સના સેબુટાપુમાં મોડી રાત્રે ધરતીકંપ : અંધારપટ છવાઈ ગયો : લોકો બેબાકળા બની ઘરની બહાર દોડી ગયા



। (એજન્સી) મનીલા, તા.૨ ।

ફિલિપાઈન્સના બોગોથી ઉત્તર પૂર્વે ૧૭ કિ.મી. દૂર થયેલા પ્રબળ ધરતીકંપે તારાજી મચાવી દીધી હતી. ગઈકાલે રાત્રે થયેલો આ પ્રબળ ધરતીકંપ રીકટર સ્કેલ ઉપર ૬.૯ની તિવ્રતાનો નોંધાયો હતો.છેલ્લી માહિતી પ્રમાણે આ ધરતીકંપમાં સમગ્ર દેશમાં મળી કુલ ૬૯ના મૃત્યુ થયા છે. ઈજાગ્રસ્તોની સંખ્યા તો ઘણી વધુ છે.આ વિષે માહિતી આપતા ડીઝાસ્ટર પીટીગેશન ઓફિસર રેક્સ ચીગોટે જણાવ્યું હતું કે એકવા સેબુ જિલ્લામાં જ ૧૪ નાગરિકોના મૃત્યુ નોંધાયા હતા. આ સાથે એપીને ટેલિફોન ઉપર કરેલી વાતમાં તેઓએ કહ્યું હતું કે, ત્યાં મૃત્યુ આંક વધવાની પૂરી શક્યતા છે.આ ઉપરાંત ૩ કોસ્ટ ગાર્ડ એક ફાયર ફાઈટર અને એક બાળક સહિત કુલ છના, સાન-રેનિજીયો શહેરમાં મૃત્યુ થયા હતા. તેમ શહેરના વાઈસ મેયર આલ્ફી રયન્સે પત્રકારોને જણાવ્યું હતું. આ માહિતી આપવા સાથે તેઓએ રેડીયો ઉપર પણ અપીલ દર્જ કરતાં સૌને કહ્યું હતું કે અહીં પાણીની પાઈપલાઈનો પણ તૂટી ગઈ છે. ખાદ્ય પદાર્થોની ભારે ખેંચ છે. અમોને મદદ કરવા સૌને વિનંતી છે.રાત્રીના સમયે થયેલા આ ધરતીકંપને લીધે વીજળી ડુલ થઈ ગઈ હતી. રાત્રીના ઓચિંતી જ ધરા ધ્રુજવા લાગી હોવાથી લોકો બેબાકળા બની ઘરની બહાર દોડી ગયા હતા.આ ધરતીકંપને લીધે ઉત્તર પૂર્વના સેબુટાપીમાં અંધારપટ છવાઈ ગયો હતો. પાકા મકાનોની દિવાલોમાં તિરાડો પડી ગઈ હતી. આ ટાપુનાં અન્ય શહેરોમાં પણ આવી જ ખાનાખરાબી ભરી સ્થિતિ ઉપસ્થિત થઈ હતી. જયાં પાકા મકાનોમાં પણ તિરોડી પડી ગઈ હોય ત્યાં કાચા કે પાટિયાના બનાવેલા મકાનો તો ટકી શકે જ નહીં તે સહજ છે.ધરતીકંપ થતા સુનામી વોર્નિંગ પણ આપવામાં આવી હતી. પરંતુ પછીથી પાછી ખેંચાઈ હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે તો માત્ર ૩૧ના જ મૃત્યુ નોંધાયા હતા, પરંતુ મૃત્યુ આંક વધવાની પૂરી શકયતા છે.વાસ્તવમાં દક્ષિણ ચિલીથી શરૂ થયેલી જ્વાળામુખીઓની રિંગ ઓફ ફાયર પેસિફિકમાં પૂર્વ છોડાથી આગળ વધી એરૂ મેપ્રિકોના પેસિફિક તટથી એલાસ્કા થઈ, પૂર્વ રશિયા થઈ જાપાન અને ફિલિપાઈન્સથી દક્ષિણે છેક ન્યુઝીલેન્ડ સુધીની રિંગ ઓફ ફાયર (જ્વાળામુખીઓની રિંગમાં) પૂર્વ તરફે ફિલિપઈન્સના મધ્યમાં આવેલુ છે. તેથી ત્યાં વારંવાર ધરતી કંપો થાય છે.ધી ફિલિપાઈન્સ ઈન્સ્ટિટયુટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સીસ્મોલોજીના ડીરેકટર ટેરેસિએ બેકોબ કૉલે જણાવ્યું હતું કે, સમુદ્રમાં પહેલા જોરદાર મોજા ઊછળ્યા હતા. તેથી સુનામી- વોર્મિંગ જાહેર કરાઈ હતી પરંતુ પછી મોજા ઊછળતા બંધ થતાં તે ચેતવણી પાછી ખેંચાઈ હતી.આ ધરતીકંપ તેવે સમયે થયો છે કે શુક્રવારે પ્રચંડ ચક્રવાતે સમગ્ર ફિલિપાઈન્સને ધમરોળી નાખ્યું હતું.

### કચરો નાખતા જ એકાઉન્ટમાં તુરંત જમાં થઈ જશે પૈસા

। (એજન્સી) તિરુમાલા, તા.૨ ।

આંધ્ર પ્રદેશના તિરુમાલા તિરુપતિ મંદિરે સ્વચ્છતા જાળવવા અને કચરો ઘટાડવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. આ પહેલ ડિજિટલ ડિપોઝિટ રિફંડ સ્કીમ (DDRS) હેઠળ શરૂ થઈ છે. મંદિરમાં છૈંથી સજ્જ સ્માર્ટ મશીનો લગાવવામાં આવી છે, જે ખાલી ટેટ્રા પેક અને એલ્યુમિનિયમ કેન નાખવા પર તુરંત UPI દ્વારા રિફંડ આપે છે. આથી મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓ સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખશે. આ પ્રોજેક્ટ હૈદરાબાદની એક કંપનીએ તૈયાર કર્યો છે અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ તેની સમીક્ષા કરી છે. ચાલો, જાણીએ કે આ મશીનો કેવી રીતે કામ કરે છે અને તેમાંથી રિફંડ કેવી રીતે મળે છે? ડેકન હેરાલ્ડના રિપોર્ટ અનુસાર, તિરુમાલામાં વેચાતા ટેટ્રા પેક અને એલ્યુમિનિયમ કેન પર એક ખાસ ઊઇ કોડ છપાયેલો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ આ પ્રોડક્ટ્સ ખરીદે છે, ત્યારે તેની થોડી કિંમત એક ખાસ એકાઉન્ટમાં જમા થાય છે. ઉપયોગ કરાયા પછી જ્યારે ખાલી ડબ્બા કે પેકને છૈં મશીનમાં નાખવામાં આવે છે, ત્યારે જમા થયેલી રકમ તુરંત UPI દ્વારા પરત મળે છે. આ સિસ્ટમ મંદિર પરિસરને સાફ રાખે છે, સાથે જ કચરો લેન્ડફિલમાં જતો પણ અટકાવે છે.

### Gen Z પ્રદર્શનો પર બોલ્યા RSS ચીફ

## હિંસક પ્રદર્શનનો અયોગ્ય, આ રીતે ક્યારેય કોઈને ફાયદો થયો નથી

### સંઘ પ્રમુખે કહ્યુ કે જો દેશમાં સ્થિતિ ખરાબ થાય છે તો બહારની શક્તિઓ હાવી થવાનો પ્રયાસ કરે છે

। (એજન્સી) નાગપુર, તા.૨ ।

વિજયાદશમીના કાર્યક્રમમાં RSS એટલે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ભારતના પાડોશી દેશોમાં થયેલી અશાંતિની ઘટનાઓ પર વાત કહી. તેમણે કહ્યુ કે જ્યારે સરકાર લોકો અને તેની મુશ્કેલીથી દૂર રહે છે, તો તેની વિરુદ્ધ પ્રદર્શન થાય છે. પરંતુ તેમણે હિંસક પ્રદર્શનનો અયોગ્ય ગણાવ્યા અને કહ્યું કે આ રીતે ક્યારેય કોઈને ફાયદો થયો નથી. તાજેતરમાં નેપ



ાળમાં Gen Z આંદોલન થયું, જેમાં યુવાઓએ સરકાર વિરુદ્ધ હિંસક પ્રદર્શન કર્યા હતા.

ભાગવતે કહ્યુ, શ્રીલંકામાં, બાદમાં બાંગ્લાદેશમાં, બાદમાં નેપાળમાં. આપણા પાડોશી દેશોએ તેનો અનુભવ કર્યો છે. તંત્ર જનતા પાસે નથી રહેલું, સંવેદનશીલ નથી રહેતું, તેમની નીતિઓ જનતાની આસ્થાને ધ્યાનમાં રાખી ન બને તો અસંતોષ રહે છે. પરંતુ તે અસંતોષને આ પ્રકારે વ્યક્ત કરવો, કોઈના લાભની વાત નથી. તેમણે કહ્યું જો આપણે અત્યાર સુધીના ઈતિહાસ પર નજર કરીએ, તો આપણે જોઈશું કે જ્યારથી કહેવાતી ક્રાંતિઓ થઈ છે જેણે ઉથલપાથલ મચાવી છે, તેમાંથી કોઈએ પણ પોતાના ઉદ્દેશ્યો પ્રાપ્ત કર્યા નથી. રાજા વિરુદ્ધ ફ્રેન્ચ ક્રાંતિનું પરિણામ શું આવ્યું? નેપોલિયન રાજા બન્યો.

### પૂર્વ પત્ની પર ભડક્યાં સિંગર કુમાર સાનૂ, મોકલી લીગલ નોટિસ

। (એજન્સી) મુંબઈ, તા.૦૨ ।

છેલ્લા કેટલાક દિવસોમાં કુમાર સાનુની પૂર્વ પત્ની રીટા ભટ્ટાચાર્યએ વિવિધ પોડકાસ્ટમાં સિંગર વિશે અનેક દાવા કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે કુમાર સાનુ અને તેમની બહેનોએ તેમને ત્રાસ આપ્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે કુમાર સાનુની બહેને તેમને ગર્ભપાત કરાવવા માટે કંઈક ખવડાવ્યું હતું. કુમાર સાનુ હવે આ આરોપોથી ગુસ્સે થયા છે અને તેમણે તેમની પૂર્વ પત્ની વિરુદ્ધ કાનૂની નોટિસ મોકલી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કુમાર સાનુએ તેમની પત્ની વિરુદ્ધ કાનૂની નોટિસ મોકલી છે.


### રશિયાએ ભારતને દગો આપ્યો!

## ઇનકાર છતાં, રશિયા પાકિસ્તાનને ફાઇટર જેટ એન્જિન મોકલશે

### પાકિસ્તાનને JF-17 ફાઇટર જેટ માટે RD-93MA એન્જિનની જરૂર છે : ભારતે રશિયાને આ મુદ્દે વાત કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત અને રશિયાના સંબંધો અત્યાર સુધી ખૂબ સારા રહ્યાં છે, પરંતુ વ્લાદિમીર પુતિન ભારતની એક મહત્વની અપીલને માની શક્યા નહીં. પાકિસ્તાનને JF-17 ફાઈટર જેટ માટે એક ખાસ એન્જિનની જરૂર છે. આ ફાઈટર જેટ ચીન બનાવે છે, પરંતુ તે આ માટે રશિયા પર નિર્ભર છે. ભારતે રશિયાને આગ્રહ કર્યો કે તે આ ખાસ એન્જિનની સપ્લાય



પાકિસ્તાનને ન કરે, જેનો ઉપયોગ JF-17 ફાઈટર જેટમાં થાય છે, પરંતુ રશિયાએ તેની અપીલ ન માની. ડિફેન્સ સિક્યોરિટી એશિયાના રિપોર્ટ પ્રમાણે ભારતે રશિયાને લાંબા સમય સુધી આગ્રહ કર્યો કે તે પાકિસ્તાનને સીધી રીતે એન્જિન ન વેચે, પરંતુ તેણે ભારતની અપીલને નજરઅંદાજ કરી. રશિયા હવે પાકિસ્તાનને એન્જિન વેચવાના નિર્ણય પર ટકી ગયું છે. પાક વાયુસેના પોતાની તાકાત વધારવા માટે ચીનનો સહારો લે છે. તેના મોટા ભાગના હથિયાર અને ફાઈટર જેટ ચીની મદદથી તૈયાર થઈ રહ્યાં છે. ચીન બાદ હવે રશિયા પણ ફાઈટર જેટના મામલામાં તે જૂથમાં જતું જોવા મળી રહ્યું છે.

### UNમાં ભારતની પાક.ને ફિટકાર

## માનવાધિકારોને લઈને સૌથી ખરાબ રેકોર્ડ વાળો દેશ ગણાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC) માં પાકિસ્તાનની આકરી ટીકા કરી છે. ભારતીય રાજદૂત મોહમ્મદ હુસૈને બેઠકમાં કહ્યું કે, 'આ વિડંબના છે કે પાકિસ્તાન જેવો દેશ માનવાધિકારો પર બીજાઓને જ્ઞાન આપવાની હિંમત કરે છે, જ્યારે તેના પોતાના જ દેશમાં લઘુમતીઓ પર સતત અત્યાચાર થઈ રહ્યા છે. પાકિસ્તાને જુઠાણું ફેલાવવાને બદલે પોતાના ઘરની પરિસ્થિતિ સુધારવી જોઈએ અને લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોને અટકાવવા જોઈએ.' ભારતે જીનીવામાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ (UNHRC) ના ૬૦મા સત્રમાં માનવાધિકારના મુદ્દાઓ પર પાકિસ્તાનના પાખંડનો પર્દાફાશ કર્યો. ભારતે પાકિસ્તાનમાં લઘુમતીઓ પર થતા અત્યાચારને ઉજાગર કરતા પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી. ભારતનું પ્રતિનિધિત્વ કરતા રાજદ્વારી મોહમ્મદ હુસૈને કહ્યું, "માનવાધિકારના ક્ષેત્રમાં સૌથી ખરાબ રેકોર્ડ ધરાવતો દેશ અન્ય દેશોને ઉપદેશ આપવાનો પ્રયાસ કરી રહ્યો છે તે વિડંબના છે."

### માહિતી સબમિટ ન કરવા અને તેમની વેબસાઇટ પર માહિતી જાહેર ન કરવા બદલ યુનિવર્સિટીઓ સામે કાર્યવાહી

## ગુજરાતની ૮ સહિત દેશની ૫૪ યુનિવર્સિટીઓ ડિફોલ્ટર જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ રાજ્યોની ૫૪ ખાનગી યુનિવર્સિટીઓને ડિફોલ્ટર જાહેર કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, UGC એક્ટ, ૧૯૫૬ ની કલમ ૧૩ હેઠળ ફરજિયાત માહિતી સબમિટ ન કરવા અને તેમની વેબસાઈટ પર માહિતી જાહેર ન કરવા બદલ યુનિવર્સિટીઓ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. મધ્યપ્રદેશમાં ૧૦ યુનિવર્સિટીઓ સાથે ડિફોલ્ટરોની સંખ્યા સૌથી વધુ છે. ગુજરાતમાં આઠ, સિક્કિમમાં પાંચ અને ઉત્તરાખંડમાં ચાર છે. UGC એ ડિફોલ્ટર અથવા ભૂલ કરતી યુનિવર્સિટીઓની યાદી બહાર પાડી અને તેમને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવા ચેતવણી આપી. ઈમેઈલ અને ઓનલાઈન મીટિંગ્સ દ્વારા અનેક રીમાઈન્ડર્સનો ઉલ્લેખ કરતા, UGC એ જણાવ્યું હતું કે યુનિવર્સિટીઓને નિરીક્ષણ માટે વિગતવાર માહિતી સબમિટ કરવા અને રજિસ્ટ્રાર દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત સહાયક દસ્તાવેજો સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. UGC સચિવ મનીષ જોશીએ જણાવ્યું હતું કે તેમને હોમ પેજ પર એક લિંક આપીને પૂર્ણ થયેલા ફોર્મ અને પરિશિષ્ટો તેમની વેબસાઈટ પર અપલોડ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો જેથી માહિતી વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો માટે સુલભ હોય. આ પછી ઈમેઈલ અને ઓનલાઈન મીટિંગ્સ દ્વારા અનેક રીમાઈન્ડર્સ આપવામાં આવ્યા હતા.

### US-ઇરાક વચ્ચે ગત વર્ષે સમજૂતી થઈ હતી

## અમેરિકાએ ઈરાકમાંથી પોતાના સૈનિકોને પાછા ખેંચવાનું શરૂ કર્યુ

। (એજન્સી) બગદાદ, તા.૨ ।

ઈરાકના સદ્દામ હુસૈનના શાસનને ઉથલાવવામાં અમેરિકાની મહત્વપૂર્ણ ભૂમિકા હતી. આ દરમિયાન હવે ગત વર્ષે ઈરાકની સરકાર સાથે થયેલા એક કરાર અંતર્ગત અમેરિકાએ ઈરાકમાં પોતાનું સૈન્ય મિશનને ઓછું કરવાની કવાયત શરૂ કરી દીધી છે, તેમ અધિકારીઓએ જણાવ્યું છે. ઈસ્લામિક સ્ટેટ જૂથ સામે લડવા માટે અમેરિકાના નેતૃત્વમાં એક સૈન્ય ગઠબંધન કરવામાં આવ્યું હતું. આમાં વર્ષ ૨૦૨૪માં થયેલા એક કરાર અનુસાર અમેરિકાએ ઈરાકમાંથી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં પોતાના સૈન્યને હટાવવાની બાબત સામેલ હતી. આ સાથે જ અમેરિકાનું સૈન્ય ઈરાકના કેટલાક સ્થળો છોડી દશે, જ્યાં છેલ્લા બે દાયકાથી અમેરિકાના સૈનિકોના મોટો કેમ્પો હતા. પેન્ટાગોનનો પ્રવકતા સીન પાર્નેલે બુધવારે એક નિવેદન આપીને કહ્યું કે અમેરિકા ઈરાકમાં પોતાના સૈન્ય મિશનમાં ઘટાડો કરશે,

## ગોધરામાં અસામાજિક તત્ત્વોના ૩૫ ગેરકાયદે દબાણો તોડી પડાયા

। (એજન્સી) ગોધરા, તા.૨ ।

પંચમહાલના ગોધરામાં અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી. દશેરાના દિવસે શહેરના સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલા નાગા તલાવડી વિસ્તારમાં અસામાજિક તત્ત્વો દ્વારા કરાયેલા ગેરકાયદે દબાણો પર જેસીબી ફેરવાયું હતું. સમગ્ર કામગીરી દરમિયાન કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યવાહી ગોધરા શહેરના સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલ નાગા તલાવડી વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં સરકારી જગ્યામાં અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું. નગરપાલિકા, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ અને મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) દ્વારા સંયુક્ત રીતે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ૩૫ જેટલા કાચા-પાકા મકાનો અને દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. તોડી પાડવામાં આવેલા દબાણોમાં એવા શખસોના મકાનો પણ સામેલ હતા, જેમની સામે ગંભીર ગુન્હા નોંધાયેલા છે. ખાસ કરીને, ગત માર્ચ મહિનામાં ગોધરાના ભામૈયા ગામના શિવ મંદિરમાં તોડફોડ અને ચોરી કરનાર આરોપીઓ દ્વારા આજ વિસ્તારમાં કરવામાં આવેલા ગેરકાયદે દબાણોને પણ દૂર કરવામાં આવ્યા હતા. કુલ ૮ જેટલા શખસો સામે ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમના દબાણોનો સફાયો બોલાવવામાં આવ્યો હતો. સમગ્ર ડિમોલિશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## કારની ટક્કરે ત્રણ લોકો નીચે પટકાયા, એકનું ઘટનાસ્થળે જ મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક **Artica** (આર્ટિકા) કારના ચાલકે પૂરપાટ ઝડપે આવીને એક મોટરસાયકલ (બાઈક)ને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનો પૈકી એક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવાનોને ઈજા પહોંચી હતી. બનાવની વિગતો મુજબ, ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે આ અકસ્માત સર્જાયો હતો. **Artica** કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરીને મોટરસાયકલને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણેય યુવાનો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય બે યુવાનો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જાયા બાદ કારનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસે કારના નંબરના આધારે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે અને મૃતક યુવાનની ઓળખ પ્રસ્થાપિત કરવા અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટેની તજવીજ શરૂ કરી છે. આ ગમખ્વાર અકસ્માતને પગલે વિસ્તારમાં થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરીને ટ્રાફિકને પૂર્વવત્ કર્યો હતો. આ ઘટનાએ ફરી એકવાર માર્ગ સલામતીના નિયમો અને બેફામ ડ્રાઈવિંગના જોખમ અંગે ચિંતા જગાવી છે.

### પ્રદેશ હોદ્દેદારો સાથે જિલ્લા કક્ષાથી આગેવાનો ઉપસ્થિત રહેશે, નવા નામની જાહેરાત તમામ આગેવાનોની સમક્ષ થશે

# ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો, ૪ ઓક્ટોબરે થશે નવા નામની જાહેરાત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી (ભ્જ્ઁ) દ્વારા પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આગામી ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવા પ્રમુખની જાહેરાત થઈ શકે છે. કમલમ ખાતે આ ચૂંટણી પ્રક્રિયાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પ્રદેશ ભાજપે પ્રમુખની ચૂંટણી માટે વિગતવાર કાર્યક્રમની જાહેરાત કરી છે, જેમાં મુખ્યત્વે બે દિવસની કાર્યવાહીનો સમાવેશ થાય છેઃ ચૂંટણી કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટણીના પહેલા જ દિવસે એટલે કે ૦૩ ઓક્ટોબરે ફોર્મ ભરવાથી લઈને ફોર્મ પરત ખેંચવા સુધીની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ અગાઉ, ચૂંટણી માટેની મતદાર યાદી પણ જાહેર કરી દેવામાં આવી છે. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ યોજાનાર મતદાન, મત ગણતરી અને પરિણામની જાહેરાતના કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાના હોદ્દેદારો સહિત જિલ્લા કક્ષાથી પણ મહત્ત્વના આગેવાનો ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, પાર્ટીના આંતરિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તમામ આગેવાનોની હાજરીમાં જ નવા પ્રદેશ પ્રમુખના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી શકે છે. આ ચૂંટણી પ્રક્રિયા ગુજરાત ભાજપના સંગઠનમાં એક નવા અધ્યાયનો પ્રારંભ કરશે અને આગામી રાજકીય રણનીતિ માટે પાયો નાખશે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના નવા પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવતીકાલે, ૩ ઓક્ટોબરે, પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ ચૂંટણી માટે કુલ ૨૨૯ મતદારોના નામની યાદી જાહેર કરવામાં આવી છે, જે પાર્ટીના બંધારણ મુજબ તૈયાર કરવામાં આવી છે. પાર્ટીના નિયમો અનુસાર, આ મતદાર યાદીમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરાયો છે. લોકસભા અને રાજ્યસભાના સભ્યો પૈકી ૧૦% સભ્યો (૪ સભ્યો) મતદાર બનશે. વિધાનસભાના ચૂંટાયેલા ધારાસભ્યો પૈકી ૧૦% સભ્યો (૧૬ સભ્યો) મતદાર બનશે. પ્રદેશ પરિષદના પ્રતિનિધિઓ આ ચૂંટણીમાં મતદાર તરીકે ભાગ લેશે. ચૂંટણી પ્રક્રિયાને સુચારુ બનાવવા માટે, ચૂંટણી અધિકારી કે. લક્ષ્મણ અને ભૂપેન્દ્ર યાદવ પણ ગુજરાતની મુલાકાતે આવશે. ઉમેદવારો આવતીકાલે, ૩ ઓક્ટોબરે બપોરે ૨:૦૦ વાગ્યા સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે. જો માત્ર એક જ ઉમેદવારી ફોર્મ રજૂ થશે, તો તે ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવશે. રાજકીય વર્તુળોમાં એવી પ્રબળ શક્યતા વ્યક્ત થઈ રહી છે કે ભાજપ દ્વારા આ વખતે ઓબીસી સમુદાયના નેતાને પ્રદેશ અધ્યક્ષની કમાન સોંપવામાં આવી શકે છે. આ પદ માટે અનેક મોટા નામો ચર્ચામાં છે.

## બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતીય ધરતી પર ૫૦ વિકેટ પૂર્ણ કરી

### રવિચંદ્રન અશ્વિન (૧૪૯ વિકેટ) અને રવિન્દ્ર જાડેજા (૯૪ વિકેટ) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઘરેલુ મેદાન પર ૫૦ થી વધુ વિકેટ લઈ ચૂક્યા છે



। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પહેલી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન ખરાબ રીતે નિષ્ફળ રહ્યા. આખી વેસ્ટ ઈન્ડિઝ ટીમ ફક્ત ૧૬૨ રન જ બનાવી શકી. ભારત માટે મોહમ્મદ સિરાજ, જસપ્રીત બુમરાહ અને કુલદીપ યાદવે સારી બોલિંગ કરી અને વિરોધી ટીમને ઓછા સ્કોર સુધી રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી.

જસપ્રીત બુમરાહએ વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ઈનિંગમાં ત્રણ વિકેટ લીધી હતી. તેણે ઓપનર જોન કેમ્પબેલ, જસ્ટિન ગ્રીવ્સ અને જોહાન લેનને આઉટ કર્યા. આ સાથે ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતીય ધરતી પર ૫૦ વિકેટ પૂર્ણ કરી હતી. તે ઉઝમાં ઘરેલુ મેદાન પર ૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય ફાસ્ટ બોલર બન્યો છે. તેમના પહેલા રવિચંદ્રન અશ્વિન (૧૪૯ વિકેટ) અને રવિન્દ્ર જાડેજા (૯૪ વિકેટ) વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઘરેલુ મેદાન પર ૫૦ થી વધુ વિકેટ લઈ ચૂક્યા છે, પરંતુ બંને સ્પિનર છે.

જસપ્રીત બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઘરઆંગણે કુલ ૧૩ મેચ રમી છે, જેમાં ૫૦ વિકેટ લીધી છે. આ સમયગાળા દરમિયાન તેનું શ્રેષ્ઠ પ્રદર્શન એક ઈનિંગમાં ૪૫ રન આપીને ૬ વિકેટ હતી. બુમરાહનો યોર્કર અજોડ છે, અને જ્યારે તે તેની લયમાં હોય છે, ત્યારે તે કોઈપણ બેટિંગ આક્રમણને તોડી શકે છે.

જસપ્રીત બુમરાહને ભારતના શ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક માનવામાં આવે છે અને તેણે એકલા હાથે ઘણી મેચોમાં ટીમ ઈન્ડિયાને જીત અપાવી છે. તેણે ૨૦૧૮ માં ભારત માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી, તેણે ૪૯ ટેસ્ટમાં કુલ ૨૨૨ વિકેટ લીધી છે, જેમાં ૧૫ પાંચ વિકેટનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે મોહમ્મદ સિરાજે એક મોટો રેકોર્ડ બનાવ્યો. તેણે પહેલા સત્રમાં કુલ ત્રણ વિકેટ લીધી, જેમાં ચોથા સત્રમાં તેની પહેલી વિકેટનો પણ સમાવેશ થાય છે. આ સાથે તે આ વર્ષની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં રમી રહેલી ટીમોમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. તેણે મિશેલ સ્ટાર્કને પાછળ છોડી દીધો, જે હવે બીજા સ્થાને પહોંચી ગયો છે.

## ભારત-વેસ્ટ ઈન્ડીઝની ટેસ્ટ મેચમાં ખુરશીઓ ખાલી

। અમદાવાદ, તા.૨ ।

ભારત અને વેસ્ટઈન્ડીઝની ટેસ્ટ મેચ અમદાવાદ સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. જેમાં આજે ગુરુવારે (૨ ઓક્ટોબર) ભારત-વેસ્ટઈન્ડીઝની પહેલી ટેસ્ટ મેચમાં ખુરશીઓ ખાલી જોવા મળી છે. આ માહોલ જોઈને ક્રિકેટ એક્સપર્ટ પણ ચોંકી ઉઠી હતા.

અમદાવાદના સ્ટેડિયમમાં આયોજિત ભારત-વેસ્ટઈન્ડીઝની ટેસ્ટ મેચમાં પહેલા દિવસે જ સ્ટેડિયમમાં ઘણા ઓછો ફેન્સ આવવાથી ખુરશીઓ ખાલી જોવા મળી હતી. આ મામલે સોશિયલ મીડિયામાં લોકો વિવિધ પ્રતિક્રિયા આપી હતી. તમને જણાવી દઈએ કે, ટેસ્ટ રેંકિંગમાં ભારત ચોથા સ્થાને છે, બે વખત ઉઝ ફાઈનલ રમી ચૂકી છે. જ્યારે દુનિયાન આઠમાં નંબરની વેસ્ટઈન્ડીઝ ટીમ છે. લોકોએ સવાલો ઉઠાવ્યા કે, BCCIએ નબળી ટીમની સાથે મેચ માટે આવડું મોટું મેદાન પસંદ કરવાની જરૂર હતી.

એક ફેન્સે સોશિયલ મીડિયામાં આ મામલે સવાલ ઉઠાવતા કહ્યું કે, લોકો રેડ-બોલ ક્રિકેટ જોવાની ઈચ્છા રાખતા હોય તેવા મેદાનોમમાં ટેસ્ટ મેચનું આયોજન કરવું જોઈએ. જ્યારે ટેસ્ટ મેચ ટુરિઝમ અને પર્ટનની સુગમ વ્યવસ્થાને ધ્યાને રાખીને રાખવી જોઈએ.

# દશેરા પર ફાફડા-જલેબી લેવા માટે દુકાનો પર લાગી લાંબી લાઈનો

। અમદાવાદ, તા.૨ ।

ગુરૂવારે આસો સુદ દશમ એટલે કે વિજયાદશમીના શુભ પર્વ નિમિત્તે અમદાવાદની સવાર એક અનોખા ઉત્સાહ અને મીઠી સુગંધથી મહેકી ઊઠી છે. અધર્મ પર ધર્મની જીત અને અસત્ય પર સત્યના વિજયના પ્રતીક સમાન આ તહેવારની ઉજવણીની શરૂઆત અમદાવાદીઓ માટે પરંપરાગત રીતે ફાફડા અને જલેબીની મિજબાની સાથે થાય છે. નવરાત્રીના છેલ્લા નોરતાની રાત્રે ગરબે ઘૂમ્યા બાદ, ઘણા લોકો સીધા જ આ સ્વાદિષ્ટ નાસ્તાની મજા માણવા માટે દુકાનો પર પહોંચ્યા હતા. માતાજીના ગરબાની ઊર્જા અને વિજયાદશમીની મીઠાઈનો સ્વાદ આ સંયોજન ખરેખર અદ્ભુત છે! આ વર્ષે ફાફડા-જલેબીના ભાવ ગત વર્ષોની સરખામણીએ ઘણા ઊંચા છે, તેમ છતાં લોકોનો ઉત્સાહ જરાય ઓછો થયો નથી. માહિતી મુજબ, બજારમાં દેશી ઘીમાં બનેલી જલેબીનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૧૩૨૦ સુધી પહોંચ્યો છે, જ્યારે ક્રિસ્પી અને સ્વાદિષ્ટ ફાફડાનો ભાવ ૧૧૮૦ પ્રતિ કિલોગ્રામ આસપાસ ચાલી રહ્યો છે. આ ઉપરાંત, બજારમાં ગુણવત્તા અને બનાવટ (જેમ કે શુદ્ધ ઘી, તેલ,



વગેરે)ના આધારે ફાફડા-જલેબીના જુદા જુદા ભાવો જોવા મળી રહ્યા છે. જોકે, આ મોંઘવારી પણ તહેવારની મજામાં બાધારૂપ બની નથી. દેશી ઘીમાં બનેલી જલેબીની ખાસ મહેક સમગ્ર વાતાવરણને સુગંધિત કરી રહી છે અને તહેવારની ખુશીમાં વધારો કરી રહી છે. અમદાવાદીઓ માટે, વિજયાદશમીનો આ તહેવાર ફાફડા અને જલેબીના મીઠા-ખારા સ્વાદ વગર અધૂરો ગણાય. જોકે ગુજરાતમાં દશેરાનો તહેવાર ફાફડા-જલેબી ખાધા વગર અધૂરો ગણાય છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. દશેરાના દિવસે ફાફડા-જલેબી માત્ર એક વાનગી ન રહેતા, તે ધાર્મિક વિજયની ઉજવણી, વ્રતની પૂર્ણાહુતિ અને ઋતુ સંધિ દરમિયાન શરીરને સ્વસ્થ રાખવા માટેનો એક વિશિષ્ટ ગુજરાતી રિવાજ બની ગયા છે. તમને જણાવી દઈએ કે, આજે વહેલી સવારથી ફાફડા જલેબીની મજા માણવા અમદાવાદીઓ લાઈનમાં ઉભા રહી ગયા હતા. જલેબી ૧૩૨૦ રૂપિયા તો ફાફડા ૧૧૮૦ રૂપિયા કિલો વેંચાઈ રહી છે. જો કે, એરિયા પ્રમાણે આ ભાવ અલગ અલગ હોઈ શકે છે. ફાફડા જલેબીની જહેફત ઉડાવવા અમદાવાદીઓ કતારમાં જોવા મળ્યા હતા. કેટલાક લોકો તો છેલ્લા નોરતાના ગરબા લઈ સીધા જ ફાફડા જલેબીની મજા માણવા પહોંચ્યા હતા. ફાફડા,જલેબી ઉપરાંત સાટા લેવા માટે લોકોની સવારથી લાઈનો જોવા મળી રહી છે. નવરાત્રિના નવ દિવસના ઉપવાસ બાદ આજે લોકોએ ફાફડા જલેબીની લિજ્જત માણી હતી.

# અમદાવાદ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝ ૧૬૨ રનમાં ઓલ આઉટ થયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝની પહેલી મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમ માત્ર ૧૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનો ભારતીય બોલરોનો સામે બે સેશન સુધી પણ ટકી શક્યા નહીં. મોહમ્મદ સિરાજે સૌથી વધુ ૪ વિકેટ લીધી, જ્યારે જસપ્રીત બુમરાહે ૩ અને કુલદીપ યાદવે ૨ વિકેટ લીધી. સિરાજ ભારતમાં ૫ વિકેટ લેવાની તક ચુકી ગયો. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ ખૂબ જ નિરાશાજનક પ્રદર્શન કર્યું. કોઈપણ બેટ્સમેન ૪૦ રનનો આંકડો સ્પર્શી શક્યો નહીં. જસ્ટિન ગ્રીવ્સ ૩૨ રન સાથે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રહ્યો. વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ ઈનિંગ શરૂ થતાં જ વેસ્ટ ઈન્ડિઝની ટીમ દબાણમાં આવી ગઈ. શિસ્તબદ્ધ ભારતીય બોલિંગ આક્રમણે લંચ પહેલા પાંચ વિકેટ ઝડપી હતી. પહેલા સાત બેટ્સમેનમાંથી ફક્ત જસ્ટિન ગ્રીવ્સ ૩૦ રન સુધી પહોંચી શક્યા. તેણે ૩૨ રનનું યોગદાન આપ્યું. શાઈ હોપે ૨૬, કેપ્ટન રોસ્ટન ચેઝ ૨૪, બ્રાન્ડન કિંગ ૧૩ અને એલિક એથાનાઝે ૧૨ રન બનાવ્યા. જોન કેમ્પબેલ આઠ રન બનાવીને આઉટ થયો અને તેજનારાયણ ચંદ્રપોલ કોઈ રન બનાવ્યા વિના પેવેલિયન પરત ફર્યો. સિરાજ અને બુમરાહ ઉપરાંત કુલદીપ યાદવે બે વિકેટ લીધી. અક્ષર પટેલને પણ એક સફળતા મળી.

## રાજ્યભરમાં શસ્ત્રો, વાહનો અને વ્યવસાયના સાધનોની પૂજા કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

આજે વિજયાદશમીના પાવન અવસરે રાજ્યભરમાં શૌર્ય, શક્તિ અને વિજયના પ્રતીક સમાન શસ્ત્રપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરવાનું વિશેષ મહત્વ છે, જે દુષ્ટતા પર સારાની જીત અને અનિષ્ટ તત્વોને દૂર કરવાના સંકલ્પને મજબૂત કરે છે. આ પવિત્ર દિવસે આર્મી જવાનો, સુરક્ષાદળો અને પોલીસકર્મીઓએ પણ વિધિવત રીતે શસ્ત્રોની પૂજા કરી હતી. શસ્ત્રપૂજા આપણી રક્ષા શક્તિની ભાવનાને દર્શાવે છે. પૂજા દરમિયાન શસ્ત્રોને કંકુ, ચોખા અને પુષ્પો અર્પણ કરીને તેમની રક્ષા શક્તિ માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પૂજન તેમને પોતાની જવાબદારીનું ભાન કરાવે છે અને સતત જનસેવા માટે પ્રેરિત કરે છે. ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા દશેરાના રોજ શસ્ત્રપૂજાનું વિશેષ આયોજન કરવામાં આવે છે. ગુજરાતના અનેક જિલ્લામાં સમાજના લોકોએ આજે વિધિવત રીતે શસ્ત્રપૂજા કરી હતી. ઘણા સ્થળોએ જાહેર કાર્યક્રમ રાખીને સામૂહિક પૂજા કરવામાં આવી હતી, જેમાં પરિવારના અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અસત્ય પર સત્યના વિજયના પ્રતીક એવા વિજયાદશમી (દશેરા)ના પાવન અવસર પર અમરેલી ખાતે ગીરાસદાર ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### દશેરાને વાહન ખરીદી માટે પવિત્ર માનવામાં આવે છે

# દશેરાના દિવસે ગુજરાતમાં 3300 કરોડ રૂપિયાના વાહનો વેચાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨।

સામાન્ય રીતે દશેરાના તહેવારનાં દિવસે લોકો નવા વાહનની ખરીદી મોટા પ્રમાણમાં કરતા હોય છે. એમાં પણ આ વર્ષે તો સોને પે સુહાગા, ય્જી ઘટતા બાઈકમાં ૧૦ હજાર અને કારમાં ૧ લાખ આસપાસ ફાયદો થઈ રહ્યો છે ત્યારે આજે રાજ્યમાં ૪૪ હજાર ટુ વ્હીલર અને ૧૦ હજાર કારનું વેચાણ થયું હતું. એમાંથી ૬ હજાર ટુ વ્હીલર અને ૨૪૦૦ કારનું વેચાણ તો માત્ર અમદાવાદમાં જ નોંધાયું હતું. નવરાત્રી દરમિયાન સમગ્ર ગુજરાતભરમાં અધધધ ૩૩૦૦ કરોડના વાહનોનું વેચાણ થયું છે. ય્જી ઘટતા વેપારીઓ અને ગ્રાહકોમાં બંને પક્ષે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દશેરાને વાહન ખરીદી માટે પવિત્ર માનવામાં આવે છે. આ શુભ પ્રસંગે લોકો વાહન ખરીદવા માટે રાહ જોતા હોય છે. દશેરાનો તહેવાર કોઈ પણ શુભ કાર્ય અને નવી ખરીદી માટે ખુબ જ પવિત્ર માનવામાં આવે છે. આ દિવસે ખરીદી માટે અત્યંત પવિત્ર અને ફળદાયી માનવામાં આવે છે. જ્યોતિષીય ગણતરીએ અનુસાર વર્ષ ૨૦૨૫ માં દશેરા ક્યારે છે અને વાહન ખરીદી માટેનો સૌથી શુભ સમયગાળો માનવામાં આવે છે. જ્યોતિષીય ગણતરી અનુસાર આ શુભ સમય દરમિયાન દશમી અને એકાદશી તિથિનો સમન્વય રહેવાથી દશેરાને વિજયાદશમી પણ કહેવામાં આવે છે. આ દિવસે વાહન ખરીદી અને વિધિવત પૂજા કરવી ખુબ જ ફાયદાકારક અને શુભ સમૃદ્ધિકારક માનવામાં આવે છે. આ મુહૂર્તમાં કરેલી ખરીદી લાંબા સમય સુધી લાભ આપનારી નિવડે છે.

### નૂતન વર્ષથી સેવા થશે શરૂ

## વિજયાદશમીએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેનનો કરાયો ટ્રાયલ રન

### સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક થયું હતું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

અસત્ય પર સત્યના વિજયના પ્રતીક એવા વિજયાદશમીના પાવન અને શુભ અવસરે ગાંધીનગરના નાગરિકો માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. આજે (બીજી ઓક્ટોબર) ગાંધીનગરમાં મેટ્રો રેલની કામગીરીમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ છે, જેમાં સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક થયું હતું. હાલમાં સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે. આ ટ્રાયલ રનમાં મેટ્રો રેલને સચિવાલયથી આગળ વધારીને કુલ પાંચ નવા સ્ટેશનો અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ અને અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી દોડાવવામાં આવી છે. આ સફળ ટ્રાયલ રનથી ગાંધીનગરના નાગરિકોને ટૂંક સમયમાં મેટ્રોની સુવિધા મળવાની આશા બંધાઈ છે.

મેટ્રો રેલની ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફટી (ઝસ્ઈજી) સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે. તમામ જરૂરી મંજૂરીઓ મળ્યા બાદ નૂતન વર્ષના આરંભમાં (આવતા વર્ષની શરૂઆતમાં) ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થતી થશે. ગાંધીનગરમાં આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલની સુવિધા પ્રાપ્ત થશે.

# ૩૦ કલાકની જહેમત બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં આવી

। (એજન્સી) પંચમહાલ, તા.૨ ।

પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમના એક દરવાજામાં લિકેજ થવાની ઘટના સામે આવી હતી. જોકે, પાનમ યોજના અને સિંચાઈ વિભાગની ટીમોએ સતત ૩૦ કલાકથી વધુની મહેનત કરીને પરિસ્થિતિને સફળતાપૂર્વક નિયંત્રણમાં લીધી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પાનમ ડેમના નંબર-૨ના દરવાજાની ડાબી બાજુએ રબર સીલમાં લિકેજ થયું હતું. ડેમના દરવાજામાં લિકેજની જાણ થતાં આસપાસના કાંઠા વિસ્તારના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પાનમ વિભાગ દ્વારા લોકોને ગભરાયા વગર અફવાઓથી દૂર રહેવા માટે અપીલ કરવામાં આવી હતી. આ લિકેજને તાત્કાલિક બંધ કરવા માટે પાનમ યોજના વર્તુળ વિભાગ પંચમહાલ અને સિંચાઈ યાંત્રિક વિભાગ-૧ વડોદરાની વિશેષ ટીમ કામે લાગી હતી. પાનમ અને મિકેનિકલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ૩૦ કલાક ઉપરાંતના સમય સુધી પાનમ ડેમ પર ખડેપગે રહ્યા હતા. અંતે, અથાગ પ્રયત્નો બાદ ડેમના નંબર-૨ના દરવાજામાં આગળના ભાગે સ્ટોપ લોક ગેટ (Stop Lock Gate) ઈન્સ્ટોલ કરીને લિકેજ થતાં પાણીને સફળતાપૂર્વક બંધ કરવામાં આવ્યું હતું. પાનમ વર્તુળ વિભાગે વધુમાં જણાવ્યું હતું કે, લિકેજને હાલ પૂરતું બંધ કરી દેવામાં આવ્યું છે અને થોડા સમય બાદ જૂના દરવાજાના સ્થાને નવો ગેટ બદલવામાં આવશે. વિભાગની સમયસરની કામગીરી અને સતર્કતાને કારણે મોટી અનિચ્છનીય ઘટના ટળી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# નિવૃત્તિ વિશે કલ્પના કરવી? તમે છોડવા માંગતા ન હો તે કારકિર્દી કેવી રીતે બનાવવી તે અહીં છે

**મોટા ભાગનું કામ વ્યર્થ છે, તમારા બોસ માંગણી કરી રહ્યા છે, કાર્યો મામૂલી છે, તમને તમારી કિંમતની ચૂકવણી કરવામાં આવી નથી અને તમે ક્યારેય પૂરતી ઊંઘ મેળવી શકતા નથી.**



પ્રથમ સમસ્યા એ છે કે કામ ઘણીવાર જરૂરી છે. બીજી સમસ્યા એ છે કે, જો તમે ભાગી શકો તો પણ તમને સમાન પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડશે. તમને જીવવા માટે પૈસાની જરૂર છે, અને, ધારી લઈએ કે તમે ટ્રસ્ટ ફંડ સાથે જન્મ્યા નથી, તેનો અર્થ એ કે તમારે તેને કમાવવા માટે કામ કરવું પડશે. ચોરી કર્યા વિના તે પૈસા મેળવવા માટે, અન્ય લોકોએ તે તમને આપવા પડશે. જેનો અર્થ થાય છે કે તેઓને વધુ મૂલ્યવાન વસ્તુના બદલામાં તે આપવાની જરૂર છે. આ મૂલ્ય સમીકરણ એ કારણ છે કે ઘણા રોકાણ કૌભાંડો કામ કરતા નથી. તેઓ તમને એવું વિચારીને ફસાવે છે કે તમે વિનિમયમાં મૂલ્ય ઉમેર્યા વિના પૈસા મેળવી શકો છો. વાસ્તવિક રોકાણ આ કરે છે - અન્ય લોકોને તમારા નાણાંનો ઉપયોગ કરવાની મંજૂરી આપીને, તેના બદલામાં પાછળથી વ્યાજ (અથવા નફો) સાથે. જો કે, યોજનાઓ આ તર્કને બાયપાસ કરવાનો પ્રયાસ કરે છે, તેમ છતાં, તમને બતાવવા માટે કે તમે ઓછા કામ માટે અને ઓછા જોખમમાં બીજા બધા કરતાં વધુ કમાણી કરી શકો છો તેવો એક માર્ગ છે. મૂલ્ય, જોકે, પૂરતું નથી. કારણ કે આપણે બજારના અર્થતંત્રમાં રહીએ છીએ, અમે બધા તેને પહોંચાડવા માટે સ્પર્ધા કરી રહ્યા છીએ. જેનો અર્થ એ છે કે તમે જે મૂલ્ય ઓફર કરો છો તે દરેક વ્યક્તિ સૌથી નીચી કિંમતે બિડ મેળવવાનું વલણ ધરાવે છે. આ સ્પર્ધાત્મક સમીકરણ બતાવે છે કે મોટાભાગની નિષ્ક્રિય-આવક પ્રણાલીઓ કેમ નિષ્ફળ જાય છે. તમે એવી સિસ્ટમને સ્વચાલિત કરી શકો છો કે જે તમે સૂતા હોવ ત્યારે નાણાં ઉત્પન્ન કરી શકે, પરંતુ તે જ વસ્તુ કરવાથી અને તમારા નફાને ઘટાડવાથી બીજાને શું અટકાવવાનું છે? પ્રારંભિક નિવૃત્તિના ઉત્સાહીઓ કરકસરથી જીવીને અને ઉન્મત્ત બચત દર રાખીને આ મુશ્કેલીને ટાળી શકે છે. સારું કર્યું, તમે તમારા કાર્યકારી જીવનમાંથી એક દાયકા (અથવા બે) પણ હજામત કરી શકશો. જો કે, કામને એકસાથે છોડી દેવાથી શૂન્યાવકાશ સર્જાય છે. તમે તમારા સમય સાથે શું કરવા જઈ રહ્યા છો? તમને અર્થ અને હેતુ શું આપશે? વહેલા નિવૃત્ત થવું સેક્સી લાગે છે, જ્યાં સુધી તમને ખ્યાલ ન આવે કે તે તમને ન ગમતી વસ્તુને ટાળવાની માત્ર એક યોજના છે - તમને ગમશે તેવું જીવન બનાવવાની વ્યૂહરચના (પોતાની રીતે) નથી. ભાગી જવાને બદલે તમારે શું કરવું જોઈએ? મોટા ભાગનું કામ વ્યર્થ છે. પરંતુ તમારા માટે જરૂરી નથી. ખરેખર અર્થપૂર્ણ અને પરિપૂર્ણ કારકિર્દી મેળવવી શક્ય છે. એક જે તમને પડકાર આપશે, તમને ઉત્તેજિત કરશે અને તમને એવું અનુભવ કરાવશે કે તમારી પાસે એક મિશન છે - માત્ર નોકરીની સ્થિતિને બદલે. આ પ્રકારનું કામ કેવી રીતે મેળવવું તે માટેની ઉત્તમ સલાહ તમારા જુસ્સાને અનુસરવાની હતી. બહાદુર બનો. નોકરી છોડી દો. તમારા સપનાના વ્યવસાયમાં જાઓ, ભલે મોટાભાગના લોકો તે કરી શકતા નથી. આ મૂંગી સલાહ છે, અને તે બે કારણોસર ખરાબ છે. સૌપ્રથમ, તમારી પેશન સલાહને અનુસરો એ જ સમસ્યાઓ ઊભી કરે છે જેવી અન્ય વર્ક-એસ્કેપ વ્યૂહરચનાઓ જે મેં ઉપર ઉલ્લેખ કર્યો છે. પૂર્વ-અસ્તિત્વમાં રહેલા જુસ્સોની સૂચિ જે લોકો માને છે કે તેમની પાસે અસ્તિત્વમાં રહેલી કુલ નોકરીઓ કરતાં ઘણી સાંકડી છે. લોકો ઓફિસ મેનેજર નહીં પણ ડાન્સર બનવાનું સપનું જુએ છે. "જુસ્સો" નોકરીઓ ત્યાંની કુલ નોકરીઓ કરતાં ઘણી ઓછી હોવાથી, તેઓ અત્યંત સ્પર્ધાત્મક હોય છે. આમ તેઓ ઓછા પૈસા ચૂકવે છે અને ટકી રહેવું મુશ્કેલ બનાવે છે. સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે છે. હું તમને કહી શકતો નથી કે મેં કેટલી વાર ધિક્કારપાત્ર બોસ અને સહકર્મીઓ વિશે સાંભળ્યું છે જે ઉદ્યોગોમાં લોકો જુસ્સા માટે જાય છે. તેઓ અસ્તિત્વમાં છે.

**"જુસ્સો" સ્પર્ધા અન્ય નકારાત્મક વલણોને પણ વધારી શકે**

## ડિફૉલ્ટ જીવનશૈલી પસંદગી ઓથી સાવચેત રહો


# તમારે તમારી જીવનશૈલીને વાટાઘાટ કરવાની જરૂર છે

**મોટાભાગની વસ્તુઓ વાટાઘાટ કરી શકાય તેવી હોય છે, જો તમે દુર્લભ અને એટલા મૂલ્યવાન છો કે લોકો તમને અપવાદ બનાવી શકે**



જ્યારે કારકિર્દીની મૂડી મેળવવી એ મામૂલી નથી, અને તે મુખ્ય વસ્તુ છે જે વિવિધ કારકિર્દીની ઈચ્છનીયતાને અલગ પાડે છે, તે તમને ગમશે તેવું કામ કરવાનું એકમાત્ર પગલું નથી. કારકિર્દીની મૂડી પૂરતી નથી, તમારે જે જીવનશૈલી જીવવી હોય તે માટે વાટાઘાટો કરવા માટે તમારે ખરેખર તેનો ઉપયોગ કરવાની જરૂર છે. તમે ખરેખર કેવા પ્રકારની જીવનશૈલી ઈચ્છો છો? ઘણા લોકો માટે, તેઓ ક્યારેય પાછળ હટતા નથી અને ખરેખર પોતાને પૂછે છે કે તેઓ કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. તેના બદલે, તેઓ સ્કિનર બોક્સમાં મહત્વાકાંક્ષી ઉંદરોની જેમ કાર્ય કરે છે, ટૂંકા ગાળાના કારકિર્દીના પુરસ્કારો મેળવવા માટે યોગ્ય લિવર્સને દબાણ કરે છે, તે પૂછ્યા વિના કે તેઓ તે બોક્સમાં પ્રથમ સ્થાને રહેવા માંગે છે કે કેમ. મેં તાજેતરમાં એવી વ્યક્તિ વિશેની આ રસપ્રદ વાર્તા વાંચી કે જે ભૌતિકશાસ્ત્રમાં "આકસ્મિક રીતે" મેજર બન્યો, ગ્રેડ મેળવવા માટે ટૂંકા ગાળાની સ્પર્ધા દ્વારા આગળ વધ્યો, અને પછી ગ્રેડ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો, તેણે ખરેખર ક્યારેય પૂછ્યું નહીં કે તે ખરેખર કેવા પ્રકારની કારકિર્દી ઈચ્છે છે. મને લાગે છે કે આ વાસ્તવમાં મોટાભાગના લોકો સમજે છે તેના કરતાં ઘણું સામાન્ય છે. તેઓ એવી કંપનીમાં પ્રવેશ કરે છે જે ખરેખર લાંબા સમય સુધી કામ કરવાને પ્રાથમિકતા આપે છે, તેથી તેઓ તેમની આસપાસના લોકોને ખુશ કરવા માટે કલાકો મૂકવાનું શરૂ કરે છે, આ કંપની ખરેખર યોગ્ય છે કે કેમ તે પૂછવાને બદલે. અથવા તેઓ વધારાના પ્રમોશનનો પીછો કરવાનું શરૂ કરે છે, ખરેખર પૂછ્યા વિના કે પગારમાં એક નાનો બમ્પ વધારાની જવાબદારીને યોગ્ય છે કે કેમ. પ્રથમ પાઠમાં, મેં એવા લોકોની મજાક ઉડાવી જેઓ મૂલ્ય ઉમેર્યા વિના સમૃદ્ધ થવા માટે ભ્રમનો પીછો કરે છે. પરંતુ, નિષ્પક્ષતામાં, ઓછામાં ઓછા તે લોકો પાસે જીવનશૈલી છે જે તેઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. તેઓ તેના વિશે બિનઅસરકારક રીતે જઈ શકે છે, પરંતુ તેઓ ઓછામાં ઓછું જાણે છે કે તેઓ કેવા પ્રકારનું જીવન બનાવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. શું તમે? "પરંતુ તે જ રીતે વસ્તુઓ છે..." પ્રસંગોપાત હું એવી કોઈ વ્યક્તિ સાથે વાત કરીશ કે જે તેના અથવા તેણીના કામની સ્થિતિ વિશે ફરિયાદ કરે છે. કલાકો ખૂબ લાંબા છે. રજાઓ અસ્તિત્વમાં નથી. તમે ઘરેથી કામ કરી શકતા નથી અથવા લવચીક કલાકો મેળવી શકતા નથી. આ ફરિયાદોમાં ગર્ભિત એ છે કે નોકરીની આ જ રીત છે. તમારી પાસે કોઈ વિકલ્પ નથી. અલબત્ત, કેટલાક કિસ્સાઓમાં, તેઓ સાચા હોઈ શકે છે. જો તમારી નોકરી લગ્ન ફોટોગ્રાફર છે, તો તમે ઘરેથી કામ કરી શકતા નથી. જો તમે પ્રોગ્રામર છો, તો તમે આખો દિવસ કમ્પ્યુટર્સ સાથે કામ કરશો. કેટલીકવાર અવરોધો વાસ્તવિક કાર્યમાં આંતરિક રીતે જોડાયેલા હોય છે. પરંતુ દરેક વ્યક્તિ માટે મેં સાંભળ્યું છે કે જેઓ ફરિયાદ કરે છે કે "આ જ રીતે વસ્તુઓ છે", હું અન્ય લોકોને જાણું છું જેઓ નિયમો તોડે છે. મારા એક સારા મિત્રએ કંપનીની નીતિની વિરુદ્ધ હોવા છતાં તેનો બાકીનો સમય વ્યક્તિગત પ્રોજેક્ટ પર કામ કરવા માટે કંપનીમાં પાર્ટ ટાઈમ કામ માટે વાટાઘાટો કરી. હું એવા લોકોને જાણું છું જેઓ ઘરેથી કામ કરે છે, પછી ભલે તેમના સહકાર્યકરો ન કરી શકે. હું એવા લોકોને ઓળખું છું જેઓ વર્ષના છ મહિના કામ કરે છે અને બાકીના છ મહિનાની રજા લે છે.

# શું તમે વિચાર્યું છે કે તમે તમારા જીવન સાથે શું કરવા માંગો છો?



મને ખબર નથી કે મારે જીવનમાં શું કરવું છે, હું માત્ર એટલું જાણું છું કે તે આ નથી ." તે લાગણી હતી જે એક મિત્રએ મને પ્રતિબિંબિત કરી. તેણી વીસના દાયકાના મધ્યમાં છે, સ્માર્ટ, સમજદાર અને મહેનતુ છે. પરંતુ તેણી હજી પણ કામ કરતી નોકરીઓમાં અટવાઈ છે જે લઘુત્તમ વેતનથી વધુ આગળ વધતી નથી. દર વર્ષે, તેણી મને કહે છે, કે તેણી યુનિવર્સિટીઓ માટે અરજી કરે છે, પરંતુ તે ક્યારેય પસાર થતી નથી. શા માટે? કારણ કે તે આ પ્રશ્નનો જવાબ આપી શકતો નથી. ઉત્કટ વિકાસ થાય છે, મને ચિંતા છે કે ઘણા લોકો સમાન જાળમાં ફસાઈ જાય છે. તેઓ કંઈપણ કરવાનું શરૂ કરી શકે તે પહેલાં તેઓએ જીવનના મોટા નિર્ણયો લેવાની જરૂર છે તેવું માનવાની જાળ. તમારે ઉત્કટ સાથે જન્મ લેવાની જરૂર છે તે જાળ. અને જૂઠાણું કે તમારી રુચિઓને વ્યવસાય સાથે જોડવામાં સક્ષમ છે તે સરળ છે. જ્યારે લોકો મને પૂછે છે કે હું પાંચ કે દસ વર્ષમાં શું કરીશ, ત્યારે હું સામાન્ય રીતે તેમને કહું છું કે હું એક ઉદ્યોગસાહસિક બનવા જઈ રહ્યો છું. "ઓહ. તમારો વ્યવસાય શું હશે?" મારી પાસે એવું માનવા માટેનું કારણ છે કે આ ઈન્ટરનેટ વ્યવસાય તે હોઈ શકે છે. આવક અને ફ્રીલાન્સ વર્ક વચ્ચે હું આ વર્ષે લગભગ દસ હજાર ડોલર કમાવવાની અપેક્ષા રાખું છું. આગામી ચાર કે પાંચ વર્ષ માટે એકાગ્ર પ્રયત્નો ચોક્કસપણે આને રહેવા યોગ્ય આવક બનાવી શકે છે. પરંતુ હું સામાન્ય રીતે તે કહેતો નથી. કારણ કે તે મુદ્દો નથી. સંપૂર્ણ પ્રમાણિકતામાં, મને કોઈ ખ્યાલ નથી કે હું એક દાયકામાં ક્યાં જઈશ. મારો ટ્રેક રેકોર્ડ દર્શાવે છે કે છેલ્લા બે વર્ષોમાં પણ મારા જુસ્સામાં નોંધપાત્ર વિકાસ થયો છે. જેમ જેમ બેન તેની કિશોરવયના ઝઈ બનવાની વાર્તા શેર કરે છે, તે સ્પષ્ટ થાય છે કે તેનો જુસ્સો વિકસિત થયો છે. ઉદ્યોગસાહસિકતા અને તફાવત લાવવામાં રસ હતો. પરંતુ આ રુચિઓમાંથી, તેણે નાના પગલાઓ બનાવ્યા, દરેક એક ઉત્કટ નિર્માણ. હું માનતો નથી કે તેની મુસાફરી ક્યારેય તે નક્કી કરવા સાથે શરૂ થઈ છે કે તે તેના જીવનમાં શું કરવા માંગે છે. જિજ્ઞાસા સાથે નિર્ણય બદલો, કારકિર્દીના માર્ગ વિશે ચોક્કસ નિર્ણયો લેવાને બદલે, હું માનું છું કે તમારે ઉત્સુક થવું જોઈએ. વિશ્વ કેવી રીતે કાર્ય કરે છે તે વિશે ઉત્સુક બનો. તમારી પોતાની રુચિઓ પર ધ્યાન આપો અને તમે કોઈ વસ્તુમાં જુસ્સાનો ઉપયોગ કરી શકો તેવી નાની રીતો શોધો. જો તમે હજી સુધી તેમાંથી પૈસા કમાવવાનો કોઈ રસ્તો શોધી શકતા નથી. જુસ્સાથી પૈસા કમાવનાર સુધીનો સેતુ ઉતાવળમાં ન બનાવી શકાય. વ્યાજ ઘણીવાર કાઢી નાખવામાં આવે છે કારણ કે તેને આવકના સ્ત્રોતમાં તરત જ રિલે કરી શકાતું નથી. અને તેથી તે કાર્ય જેટલું મહત્વનું નથી. બ્લોગિંગ એ એક ઉત્તમ ઉદાહરણ છે. હું ઘણા બ્લોગર્સને જાણું છું જેઓ પ્રો જવા માંગે છે. તેઓ તેમની પાસે જે વ્યાજ ધરાવે છે તે લેવા અને તેને આવકના ઉત્કટ સ્ત્રોતમાં ફેરવવા માંગે છે. પરંતુ બ્લોગિંગ સરળ નથી. મેં જોયેલી સૌથી ઝડપી સફળતાઓ પણ, લેખક બ્લોગિંગને શોખ કરતાં વધુ હોવાનો દાવો કરી શકે તે પહેલાં એક વર્ષનો સમય લીધો. અને તે પ્રતિભા, નસીબ અને અવિશ્વસનીય કાર્યને કારણે હતા. ધીરજ એ જુસ્સાના વિકાસ માટે જરૂરી ઘટક છે. પરંતુ તેનાથી પણ વધુ, તમારે અન્ય શક્યતાઓ માટે ખુલ્લા રહેવાની જરૂર છે. આવક માટે વ્યાજ એ સીધો માર્ગ નથી, ૮૦% નવા વ્યવસાયો પ્રથમ પાંચ વર્ષમાં નિષ્ફળ જાય છે. પરંતુ વધુ રસપ્રદ વાત એ છે કે ૨૦% જે સફળ થયા છે, તેમાંના મોટાભાગના લોકોએ અપેક્ષા મુજબ તેમ કર્યું નથી. તેની અત્યંત લોકપ્રિય વેબસાઈટ સેટ કરતા પહેલા, સ્ટીવ પાવલીના માનતા હતા કે તે ઉત્પાદનો અને વર્કશોપ દ્વારા તેની મોટાભાગની આવક મેળવશે. પરંતુ લગભગ પાંચ વર્ષ પછી, તે આ બધું જાહેરાત અને સંલગ્ન વેચાણમાંથી બનાવે છે.

**તે એક પ્રશ્ન છે જે લગભગ દરેક જણ પોતાને પૂછે છે, તે પણ એક પ્રશ્ન છે જે હું માનતો નથી કે તમારે પ્રથમ સ્થાને પૂછવાની તસ્દી લેવી જોઈએ**

## જુસ્સો વિકસાવવા માટેના પગલાં

પ્રથમ પગલાં એ છે કે તમારી ઉર્જાને ફક્ત ધૂન માં રોકાણ કરો. રસના તે નાના તણખા જ્યાં તમે તેમને ઉત્કટ બનાવવા માટે પૂરતા પ્રમાણમાં જાણતા નથી. બેન કાસ્નોચા આને શોધતી રેન્ડમનેસ કહે છે. આનો અર્થ એ છે કે વિવિધ પુસ્તકો વાંચવા, વિવિધ પ્રવૃત્તિઓ કરવી અને જુદા જુદા લોકોને મળવું. વ્યાપક સંગઠનો કામ કરી શકે તેવા જુસ્સાને ઠોકર મારવાની ઘણી તકો આપે છે. પગલું બેઃ રસની જ્વાળાઓને ચાહક કરો,તમારી જાતને ઘણી બધી અવ્યવસ્થિતતા માટે ખુલ્લા કર્યા પછી, તમારે સફળતાઓ કેળવવાની જરૂર છે. તમારા જીવનમાં આવતા રસના નાના સ્પાર્ક પર બિલ્ડ કરો. પગલું ત્રણઃ વિક્ષેપોને કાપી નાખો, ધૂન કેળવવા અને નવા જુસ્સાને અન્વેષણ કરવા માટે સમયની જરૂર છે. મેં મારી જાત સાથે ઉત્પાદકતા પર આટલો ભાર મૂક્યો છે તેનું એક કારણ એ છે કે તેના વિના હું આ વિકલ્પોનું અન્વેષણ કરી શકતો નથી. ચોથું પગલુંઃ ન્યૂનતમ જીવવું, જો તમારી પાસે પહેલેથી જ એવી નોકરી છે જેના વિશે તમે ઉત્સાહી નથી, તો તમારે ચાલુ રાખવા માટે એટલું જ કામ કરો. માન્ય જુસ્સોને આવક પેદા કરવાની કૌશલ્યમાં વૃદ્ધિ કરવા માટે સમયની જરૂર છે. પગલું પાંચઃ એક જુસ્સો બનાવો જે મૂલ્ય બનાવે, જો તમારી પાસે કોઈ કૌશલ્ય છે જે સામાજિક મૂલ્ય બનાવે છે, તો તમે લગભગ કોઈપણ માધ્યમ દ્વારા પૈસા કમાઈ શકો છો. જુસ્સાનું મુદ્રીકરણ કૌશલ્ય લે છે, કારણ કે કોઈપણ ઉદ્યોગસાહસિક તમને કહી શકે છે, પરંતુ કાયદેસર મૂલ્ય પ્રદાન કર્યા વિના તે અશક્ય છે.

## તમારી કારકિર્દી સાથે તમારે કેવા પ્રકારનો સંબંધ રાખવો જોઈએ? જો તમને એવું લાગતું નથી કે તમારી પાસે તે છે, તો તમારે તેના વિશે શું કરવું?

# કામ કેટલું મહત્વનું છે? અને શા માટે કામ વિશે કાળજી?

**જ્યારે વધુ પડતા કઠોર અર્થો વધુ પડતા તાણમાં આવે છે, ત્યારે તેઓ ક્યારેક ત્વરિત થઈ શકે છે**



કારકિર્દીની પસંદગીઓ કંઈક અંશે સમાન છે. કેટલાક માટે, કામ તેમને માત્ર આજીવિકા પ્રદાન કરતું નથી, તે તેમનું જીવન છે. અન્ય લોકો માટે, નોકરી એ છે જે તમારે મેળવવાની છે-તમારા જીવનની પૃષ્ઠભૂમિ, સ્પોટલાઈટ હેઠળ મુખ્ય દ્રશ્ય નહીં. હું કોની સાથે દલીલ કરું? પરંતુ, આજે, હું પૂછવા માંગુ છું કે કાર્ય કેવી રીતે મહત્વનું છે અને તે જીવનમાં કેવી રીતે બંધબેસે છે તે જોવા માંગુ છું. કોઈ પ્રિસ્ક્રિપ્શન નથી, પરંતુ એક અન્વેષણ, તે જોવા માટે કે અમારી કારકિર્દી સાથેનો આપણો સંબંધ કેવો બને છે અને અમે તેને કેવી રીતે સુધારી શકીએ છીએ. શા માટે કામ વિશે કાળજી? આ લેખ સાંભળો, તમારી કારકિર્દીની ચિંતા કરવાનું સ્પષ્ટ કારણ એ છે કે તમારે જીવવા માટે પૈસાની જરૂર છે. સર્વાઈવલ ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ કરતાં ઊંચો છે, તેથી આપણામાંના મોટા ભાગના લોકો માટે, નોકરી ફક્ત એક આવશ્યકતા છે. પરંતુ જીવનમાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા વિના ઘણી વસ્તુઓ જરૂરી છે. ખાવું પણ જરૂરી છે, પરંતુ હું મારા જીવનનો અર્થ ખોરાકમાંથી મેળવતો નથી. ખરેખર, એવું લાગે છે કે જે લોકો તેમની કારકિર્દી પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે તે લોકો છે જેમને તેની ઓછામાં ઓછી જરૂર હોય છે. પાર્ટનર બનાવવા માટે એંસી-કલાક અઠવાડિયા લગાડનાર વકીલને ભાડાના પૈસાની ચિંતા નથી. પરંતુ જો ટકી રહેવાનું નથી, તો ઓછામાં ઓછું આરામ એ કાર્યનું મુખ્ય લક્ષ્ય છે. જો તમે નાની આવક પર, કડક શબ્દોમાં કહીએ તો, ટકી શકતા હોવ તો પણ, તે ઘણીવાર જીવનને વધુ મુશ્કેલ બનાવશે. તેવી જ રીતે, આપણામાંના મોટા ભાગના લોકો એક મોટું ઘર, સારી વસ્તુઓ અથવા વધારાના વેકેશનની કલ્પના કરી શકે છે જે સારી નોકરી મેળવવા માટેના પ્રયત્નોને યોગ્ય છે. આ પરિપ્રેક્ષ્ય, તે કાર્ય મોટે ભાગે ભૌતિક અસ્તિત્વ અને આરામ વિશે છે, તે એક વાર્તા છે જે આપણે આપણી જાતને કામ વિશે કહીએ છીએ. તે દેખીતી રીતે સાચું છે, પરંતુ આ મુખ્ય પ્લોટલાઈન છે કે નહીં તે વ્યક્તિ પર આધારિત છે. જો કે, ત્યાં જુદી જુદી વાર્તાઓ છે જે તમે તમારા કામ વિશે તમારી જાતને કહી શકો છો. આદર તરીકે કામ કરો, એક અલગ વાર્તા, કદાચ સમૃદ્ધ દેશોમાં રહેતા મોટાભાગના લોકો પોતાને કહે છે, તે કામ આદર વિશે છે. તમારું કાર્ય સમાજમાં તમારી કેટલીક સ્થિતિ નક્કી કરે છે, અને તમારી કારકિર્દીમાં સારું કરવું એ મોટે ભાગે તમને મળેલા સન્માનને વધારવા વિશે છે. અહીં સ્વ-છેતરપિંડીનું એક તત્વ છે. જીવન ટકાવી રાખવા (અથવા તો આરામ) વિશેનું કામ વધુ દરજ્જો મેળવવાનો પ્રયાસ કરતાં વધુ સારું લાગે છે. મિથ્યાભિમાન અને અભિમાન એ આકર્ષક લક્ષણો નથી, તેથી ઘણા લોકો તેમના કામ વિશેની વિવિધ વાર્તાઓ હેઠળ આદર માટેની તેમની અંતર્ગત ઈચ્છાને ઢાંકી દે છે. ઘણીવાર, તમે સાચા પ્રેરણાને અનમાસ્ક કરી શકો તે એકમાત્ર રસ્તો એ છે કે લોકો તેમના કાર્યમાં જે પસંદગીઓ કરે છે તે જોવાનું છે. જ્યારે તેઓ મોટી સ્થિતિ ધરાવતા લોકો માટે વધુ નાણાકીય પુરસ્કાર સાથેના વિકલ્પોને ઠુકરાવી દે છે, ત્યારે તમે જોઈ શકો છો કે તેમના અચેતન મનમાં પૈસા કરતાં આદર સ્પષ્ટપણે ઊંચો છે. મને લાગે છે કે આ વાર્તા, કાર્ય-સન્માનની, કૉલેજ શિક્ષણના વિસ્ફોટના કારણનો એક મોટો ભાગ છે. જ્યારે તે સાચું છે કે કૉલેજ લોકોને વધુ ચૂકવણી કરે છે, આ માત્ર સરેરાશ પરિણામ છે. જેઓ ભાગ્યે જ પ્રવેશ મેળવે છે, તેમના માટે શાળાના થોડા વર્ષો માત્ર અધવચ્ચે જ સમાપ્ત થાય છે તે નાણાકીય આપત્તિ છે. તેનાથી વિપરિત, ઘણા વેપારોમાં ખૂબ ઊંચા પગારની ઓફર કરવા છતાં, લાયકાત ધરાવતા લોકોની અછત હોય છે. કૉલેજ-શિક્ષિત નોકરીઓ વધુ પ્રતિષ્ઠા પ્રદાન કરે છે અને તેથી લોકો તેમને પ્રાપ્ત કરવા માટે ભૌતિક આરામ પર બલિદાન આપવા તૈયાર છે. કોઈપણ જે પ્લમ્બિંગને બદલે મનોવિજ્ઞાનનો અભ્યાસ કરવા માટે દર વર્ષે $30,000 ચૂકવે છે, તે આંશિક અર્થમાં કહે છે કે તેમના માટે ભૌતિક આરામ કરતાં પ્રતિષ્ઠા વધુ મહત્વની છે.

## તંત્રી લેખ...

# ભારતની લોકશાહી પર થઈ રહ્યા છે હુમલા, દેશમાં ધર્મની તિરાડો

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કોલંબિયામાંથી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, ભારતમાં લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે. લોકશાહીમાં વિવિધ વિચારોને સમાવિષ્ટ કરવા જોઈએ. રાહુલ ગાંધીએ ભારત અને ચીન વચ્ચેના સંબંધો પર પણ સ્પષ્ટતા આપી હતી. નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન સાધતા, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું છે કે ભારત માટે સૌથી મોટો ખતરો ''લોકશાહી પર હુમલો'' છે. કોલંબિયાની ઈૈંછ યુનિવર્સિટીમાં એક વાર્તાલાપમાં રાહુલ ગાંધીએ કહ્યું, ભારતમાં ઘણા ધર્મ, પરંપરાઓ અને ભાષાઓ છે. લોકશાહી વ્યવસ્થા દરેક માટે સ્થાન પૂરું પાડે છે. પરંતુ હાલમાં, લોકશાહી વ્યવસ્થા પર ચારે બાજુથી હુમલો થઈ રહ્યો છે. રાહુલ ગાંધીના આ આક્ષેપ પર ભાજપે આકરો જવાબ આપતાં તેમને પ્રચારના નેતા કહ્યા છે. તેમના પર વિદેશી ધરતી પર ભારતીય લોકશાહીને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. આ કાર્યક્રમમાં રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું હતું કે શું ભારત અને ચીન આગામી ૫૦ વર્ષમાં વિશ્વનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે. જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, મને ચીન વિશે ખબર નથી, પરંતુ મને નથી લાગતું કે ભારત પોતાને વિશ્વ નેતા માને છે. વૈશ્વિક પરિદૃશ્યમાં ભારતની વધતી જતી સુસંગતતા અંગેના પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, ભારતમાં તેના ૧.૪ અબજ લોકો સાથે પ્રચંડ ક્ષમતા છે. પરંતુ ભારતમાં ચીનથી સંપૂર્ણપણે અલગ વ્યવસ્થા છે. ચીન ખૂબ જ કેન્દ્રિય અને એકરૂપ છે. ભારત વિકેન્દ્રિત છે અને તેમાં અનેક ભાષાઓ, સંસ્કૃતિઓ, પરંપરાઓ અને ધર્મો છે. ભારતમાં ઘણી જટિલ વ્યવસ્થા છે. નોંધનીય છે, રાહુલ ગાંધી છેલ્લા કેટલાક સમયથી સતત મોદી સરકાર પર હુમલો કરી રહ્યા છે. વોટ ચોરી, બિહારમાં જૈંઈ પ્રક્રિયા તેમજ લદાખમાં સોનમ વાંગચુકની ધરપકડ જેવા અનેક મુદ્દાઓ પર કોંગ્રેસના નેતા કેન્દ્ર સરકાર પર આક્ષેપો કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર લદાખના લોકો સાથે દગો કરવાનો આરોપ મૂક્યો છે.

## અમદાવાદ ડિવિઝન માં ''સ્વચ્છતા પખવડા-૨૦૨૫''નો શુભારંભ






। (રેલવે) અમદાવાદ, તા.૦૩ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં ૦૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ''સ્વચ્છતા પખવાડા - ૨૦૨૫'' નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પખવાડિયાનો ઉદ્દેશ્ય સ્વચ્છતાને માત્ર વહીવટી જવાબદારી નહીં પરંતુ જન આંદોલન બનાવવાનો છે, જેનાથી રેલવે પરિસર, પ્લેટફોર્મ, ટિકિટ કાઉન્ટર, વેઈટિંગ હોલ અને અન્ય મુસાફરોની સુવિધાઓમાં સ્વચ્છતા વધુ અસરકારક અને સતત બની રહે. તારીખ ૦૧.૧૦.૨૦૨૫ ના રોજ, ''સ્વચ્છતા પખવાડા'' નો શુભારંભ મંડળ કાર્યાલય ખાતે આયોજિત શપથ ગ્રહણ કાર્યક્રમ અને પ્રભાતફેરી સાથે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણાએ અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતા જાળવવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી અને તમામ કર્મચારીઓને પખવાડિયાના સફળ આયોજન અને મુસાફરોને વધુ સારી સુવિધા આપવા માટે પ્રેરિત કર્યા હતા. અમદાવાદ, સાબરમતી, પાલનપુર, ગાંધીધામ, મહેસાણા સહિતના ડિવિઝનના વિવિધ સ્ટેશનો પર પણ શપથ ગ્રહણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦૦૦થી વધુ રેલવે કર્મચારીઓએ ભાગ લીધો હતો અને સ્વચ્છતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ સિવાય રેલવે પરિસર અને પ્લેટફોર્મ પર સ્વચ્છતાના મહત્વ વિશે જનજાગૃતિ લાવવા માટે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ડિવિઝનના વિવિધ સ્થળોએ ૫૦૦ થી વધુ કર્મચારીઓએ શ્રમદાન કરીને રેલવે પરિસરને સાફ કર્યું અને મુસાફરો માટે સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કર્યું. ''સ્વચ્છતા પખવાડા-૨૦૨૫'' અંતર્ગત અમદાવાદ ડિવિઝન આગામી દિવસોમાં વિશેષ સ્વચ્છતા અભિયાન, જનજાગૃતિ કાર્યક્રમો, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ તથા મુસાફરોને સ્વચ્છતાનો સંદેશ આપવા માટે વિવિધ પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિઓનું આયોજન કરશે. અમદાવાદ ડિવિઝનનું માનવું છે કે સ્વચ્છતા માત્ર એક ફરજ નથી, પરંતુ એક સામાજિક જવાબદારી છે. આ પખવાડિયા દરમિયાન, રેલવે ફક્ત તેના પરિસરને સાફ કરશે નહીં પરંતુ મુસાફરો અને સામાન્ય લોકોમાં સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ પણ લાવશે. ''સ્વચ્છતા પખવાડા-૨૦૨૫'' અંતર્ગત અમદાવાદ ડિવિઝન આગામી દિવસોમાં વિશેષ સ્વચ્છતા અભિયાન, જનજાગૃતિ કાર્યક્રમો, નિબંધ અને ચિત્ર સ્પર્ધાઓ તથા મુસાફરોને સ્વચ્છતાનો સંદેશ આપવા માટે વિવિધ પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિઓનું આયોજન કરશે. અમદાવાદ ડિવિઝનનું માનવું છે કે સ્વચ્છતા માત્ર એક ફરજ નથી, પરંતુ એક સામાજિક જવાબદારી છે. આ પખવાડિયા દરમિયાન, રેલવે ફક્ત તેના પરિસરને સાફ કરશે નહીં પરંતુ મુસાફરો અને સામાન્ય લોકોમાં સ્વચ્છતાના મહત્વ વિશે જાગૃતિ પણ લાવશે.


### ખરેખર બીજી ઓક્ટોબર ને દિવસે આ રાષ્ટ્રીય સંતને શ્રદ્ધાંજલિ આપવી હોય તો, ગાંધીજીનાં અગિયાર મહાવ્રત વિશે વિચારીયે

# શુંરાવણઅનેગાંધીનીસરખામણીથઇશકે? હિંસાઅનેઅહિંસાનીસરખામણીન્હોય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગાંધીજીએ ૭ સામાજિક પાપ ગણાવ્યાં છે, એમાં સંવેદનહીન વિજ્ઞાનને સામાજિક પાપ છે, એવું કહ્યું છે. આપણે જે વૈજ્ઞાનિક વિકાસ કર્યો છે, તેમાં સંવેદનાનું મૂલ્ય ઘટતું જાય છે, એ આપણે જાતે અનુભવીએ છીએ. કારણકે સમાજમાં પહેલા કરતા માનવતા ખત્મ થતી જાય છે,જે ખરેખર ખતરો છે. પ્રદૂષણયુક્ત પ્રકૃતિમાં જે કંઈ અનાજ રૂપે કે પછી અન્ય કોઈ સાધન સામગ્રી તૈયાર થશે, એ પ્રદૂષણયુક્ત જ રહે. એટલે જે કોઈ એને ગ્રહણ કરે, તેમાં એ પ્રદૂષણ પ્રવેશ કરે,**



આજે બીજી ઓક્ટોબર એટલે ગાંધી જયંતિ, પણ આ વખતે દશેરા અને ગાંધી જયંતિ સાથે છે, અને સોશિયલ મીડિયા પર એને લઈને બહુ ભદ્દી મજાક ચાલી રહી છે, રાક્ષસ અને રાષ્ટ્રપિતાની સરખામણી, વિચારતાં પણ અરેરાટી થાય! હિંસા અને અહિંસાને એક ત્રાજવે તોલી ન શકાય! એ બંને તો છે નહીં પણ આવાં મેસેજ ફોરવર્ડ કરી આપણે આપણી માનસિકતા છતી કરીએ છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને આપણે ત્યાં આઝાદીનાં મુખ્ય ઘડવૈયા ગણવામાં આવે છે. પણ ભારતીય સમાજમાં આજે ગાંધીજી વિશે પ્રિય, અપ્રિય એવો વિરોધાભાસ જોવા મળે છે. ગાંધીજીની રાષ્ટ્રભક્તિ અને સાદગી વિશે બધું જ જાણીએ છીએ, છતાં સમાજમાં જોઈએ એટલું આચરણ કેમ નથી થતું? ૨ ઓક્ટોબર એ રાષ્ટ્રીય પર્વ છે, અને ગાંધીજીનાં ચિત્રો કે મૂર્તિઓ પર હારતોરા કરવામાં આવશે, ગાંધીજી વિશે સુંદર સુંદર વાતો કરવામાં આવશે. પરંતુ શું રાષ્ટ્ર ભક્તિ માટે કે એ મહાપુરુષને શ્રદ્ધાંજલી આપવા માટે એટલું પર્યાપ્ત છે? એવું મનોમન વિચારી એ તો જવાબ ''ના'' મળશે, અને હકીકતમાં ગાંધી એ શું હતા? એવો પ્રશ્ન થશે. ૧૮૬૯ની બીજી ઓક્ટોબરે ગુજરાતના સૌરાષ્ટ્ર પંથકમાં આવેલા પોરબંદર શહેરમાં કરમચંદ ગાંધી અને પૂતળીબાઈ નામના વણિક દંપતીને ઘેર એક બાળકનો જન્મ થયો, અને તેનું નામ મોહનદાસ રાખવામાં આવ્યું. આપણે સૌ જાણીએ છીએ તેમ મોહનદાસને બેરિસ્ટરની પદવી માટે વિલાયત ભણવા મોકલવામાં આવ્યાં હતાં, એટલે કે બહુ સ્વાભાવિક રીતે જ ગરીબ પરિવાર ન્હોતો એવું કહી શકાય. ત્યાં કોઈ સીધા મહાત્માનો કે રાષ્ટ્રીય સંતનો જન્મ થયો નહોતો, પહેલા તો એ મોહન એટલે કે એક સામાન્ય માણસ હતાં. બહુ ઓછાંને આંખો બંધ કરે ત્યારે મોહનદાસનું પાઘડી ગ્રહણ કરતા એ ચિત્ર દેખાતું હશે, મોટે ભાગે તો પોતડી પહેરેલાં, ગોળ ચશ્માવાળા, સાવ સપાટ મસ્તક, અને હાથમાં લાકડી લઈને ઉભેલા એક કડક મિજાજના છતાં, આનંદી સ્વભાવના ગાંધીજીનું ચિત્ર સૌને દેખાય, એટલે કે ચરિત્રની સચ્ચાઈ એટલી બધી તીવ્ર છે, કે મોટેભાગે કોઈને મોહનદાસ યાદ નથી, માત્ર મહાત્મા બનેલાં ગાંધીજી યાદ છે. પરંતુ ચરિત્ર સીધેસીધુ જન્મ લેતું નથી, એની માટે કેટલાય ત્યાગ, બલિદાન કરવાં પડે છે, અને એ જ રીતે મોહનદાસે પણ પોતાની જીવનયાત્રામાં કેટલાય બલિદાનો આપ્યાં હશે. ભારતમાં સ્વતંત્રતાની જ્યારે લડત ચાલી રહી હતી, ત્યારે પણ દરેક લોકો ગાંધીજીના વિચારો સાથે સંમત થતા નહીં, અને એ વખતે પણ ક્રાંતિકારીઓ હતા જે, ધાક-ધમકી કે હિંસાના પ્રયોગથી આઝાદી મેળવવા માંગતા હતાં. પરંતુ નાનપણથી જ સત્ય અહિંસાનાં ગુણ જીવનમાં ઘર કરી ગયાં હતાં, અને એના ફાયદા વિશે પણ જાણતા હોવાથી, સમાજ ગુમરાહ ન થાય એ માટે તેઓએ સતત સમાજમાં જાગૃતિ બની રહે એવા પ્રવચનો કર્યા, તેમજ પોતાનું જીવન એટલી હદે સાદું બનાવ્યું, કે લોકો એને વિષે વિચારવા મજબૂર બન્યા. ભારત સ્વતંત્ર થયાં પછી ભારતે વૈજ્ઞાનિક રીતે પ્રમાણમાં ઘણો વિકાસ કર્યો, અને એમાં પણ છેલ્લા બે દાયકામાં તો વધુ વિકાસ જોવા મળ્યો. પરંતુ આ વિકાસ માટે સમાજ એ બલિદાન પણ ખૂબ આપ્યાં, એટલે કે આવા સિદ્ધ સાધુ પુરુષની વાત જો માની હોત તો પ્રમાણમાં, વૈજ્ઞાનિક રીતે કદાચ ઓછો વિકાસ થયો હોત, પરંતુ સામાજિક રીતે વધુ વિકાસ થયો હોત, થોડે અંશે સમાજમાં અર્થ વ્યવસ્થાની અસમાનતા ઓછી હોત. ગાંધીજી અને ગોડસે બંને એક જ રાષ્ટ્રની સુરક્ષા અને આઝાદી માટે સતત પ્રયત્નશીલ રહ્યાં, પણ બંને જો એક અહિંસાની બાબત પર સંમત થયા હોત તો આજે પરિસ્થિતિ કંઈક જુદી હોત! ન હિન્દુ રાષ્ટ્ર બન્યું કે ન ગાંધીજીને જોઈતું રામરાજ્ય! વિચારો બંનેએ આપસમાં સમાધાન કરીને જો કોઈ નિર્ણય કર્યો હોત તો!

ગાંધીજીએ ૭ સામાજિક પાપ ગણાવ્યાં છે, એમાં સંવેદનહીન વિજ્ઞાનને સામાજિક પાપ છે, એવું કહ્યું છે. આપણે જે વૈજ્ઞાનિક વિકાસ કર્યો છે, તેમાં સંવેદનાનું મૂલ્ય ઘટતું જાય છે, એ આપણે જાતે અનુભવીએ છીએ. કારણકે સમાજમાં પહેલા કરતા માનવતા ખત્મ થતી જાય છે,જે ખરેખર ખતરો છે. પ્રદૂષણયુક્ત પ્રકૃતિમાં જે કંઈ અનાજ રૂપે કે પછી અન્ય કોઈ સાધન સામગ્રી તૈયાર થશે, એ પ્રદૂષણયુક્ત જ રહે. એટલે જે કોઈ એને ગ્રહણ કરે, તેમાં એ પ્રદૂષણ પ્રવેશ કરે, અને એમાંથી જે વિકાર ઉત્પન્ન થાય, એ વિકારને કારણે માનવીય બુદ્ધિ અસંતુલન અનુભવે, આ આ અસંતુલનને કારણે જ સામાજિક વિકાસ થતો નથી, અને આપણે ધીરે-ધીરે પતન તરફ એટલું આગળ વધી ગયા છીએ કે, હવે પ્રકૃતિ સંરક્ષણ એટલું ઝડપથી થઈ શકે તેમ નથી. આ ઉપરાંત અન્ન તેવો ઓડકાર એ સૂત્ર મુજબ આ વિકારીત બુદ્ધિ કે પ્રદૂષણયુક્ત આહાર ગ્રહણ કરીને બધાની માનસિકતા સ્વની આસપાસ કેન્દ્રિત થઈ ગઈ છે. મારું કોઈ નુકસાન ન હોય તો અન્યની પંચાતમાં મારે શું કામ પડવું જોઈએ? એવી વૃત્તિ પણ ધીરે ધીરે બધાની થતી જાય છે, અને એને કારણે પીડિત કે અન્યાયનો ભોગ બનેલાં કે પછાત સામે જોઈએ તેટલું સામાજિક કાર્ય થતું નથી.

આ એ જ દેશ છે, જ્યાં કલકત્તાની અતિશય ગરીબી જોઈ, એક સ્ત્રી પાસેનાં એક જ વસ્ત્રને કારણે, ગાંધીજીએ પોતાની ઉપરનું ઉપવસ્ત્ર સ્ત્રીને આપ્યું હતું, ત્યારથી તેઓ માત્ર પોતડી પહેરતા. જ્યારે આજે સરેઆમ સ્ત્રીની ઈજ્જતના વસ્ત્રો ખેંચાઈ રહ્યા છે. એક દિવસ એવો નહિ હોય કે જ્યાં ફલાણી જગ્યાએ સ્ત્રીનું શોષણ કે ત્યાં તેનો બળાત્કાર ન થયો હોય. હજી તો ઘરેલુ હિંસા ગણીએ તો આવા તો કેટલાય ઘર હશે, જ્યાં આઝાદીના આટલા વર્ષે પણ તેનું સાચું મૂલ્યાંકન ન થતાં ક્યાંક દેશવાસીઓ કોઈને કોઈની ગુલામી ભોગવી રહ્યા છે. ખરેખર બીજી ઓક્ટોબર ને દિવસે આ રાષ્ટ્રીય સંતને શ્રદ્ધાંજલિ આપવી હોય તો, ગાંધીજીનાં અગિયાર મહાવ્રત વિશે વિચારીયે, અને દેશકાળ પ્રમાણે એમાં પરિવર્તન કરી, આપણાથી થાય એટલું એ વ્રતનું પાલન કરીએ તો, સમાજમાં ઘણો સુધાર આવશે. પણ એની માટે દરેકે દરેક જણાએ વ્યક્તિગત રીતે જાગૃત થઈને આ અગિયાર વ્રતનું પાલન કરવું પડે, તો જ કોઈ પરિણામ મળી શકે, અને માત્ર વિચારોમાં નહી, પરંતુ આચરણમાં તેને મૂકીને એ ગુણનો મહિમા અથવા એ વ્રતની પૃષ્ટિ કરી જીવનને સદ્ગુણોથી સમૃદ્ધ બનાવવાનું છે. કોઈપણ પ્રકારના ભોગ એ કાયમી સુખ આપી શકે નહીં, પણ સંસારી છીએ અને સામાજીક પ્રાણી હોવાથી, આ જ સમાજમાં આપણે સગા સંબંધીઓ સાથે રહેવાનું છે. અભાવનો ભાવ ઉત્પન્ન થાય, તો એ ભાવને પકડીને જીવનને ગાંધી મૂલ્યો અનુસાર સાંચી દિશાએ લઈ જઈ શકાય, એવાં સમયનો સદુપયોગ કરી, અને આ બીજી ઓક્ટોબર એ ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલી આપીને આપણો તથા દેશનો વિકાસ થાય એ માટે કંઈક કરી છૂટવાની એક અદમ્ય ભાવના સૌનાં હૃદયમાં અંકિત થાય, અને એની માટે ગાંધી ચરિત્રનું વારંવાર મનમાં સ્મરણ કરીએ. ગાંધીજીને જીવનમાં એમનાં ગુણો થકી જીવંત રાખીએ, તથા એની એકમાત્ર ઈચ્છા કે રામરાજ્યની સ્થાપના આપણે પૂર્ણે સાર્થક કરી શકીએ, તો આપણે એ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી,, આપી કહેવાશે. જય હિન્દ.

### કેવળ વિદ્વાન કથા સંભળાવે એમ ધ્રુવકુમાર બોલ્યા નથી

# સાધન કરતાં દીન થયેલો જીવ જ્યારે રડી પડે છે ત્યારે ભગવાન કૃપા કરે છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**રુક્ષ્મણીજી કહે, તમારા આટ આટલા ભક્તો રોજ દર્શન કરવા આવેછેતેમ છતાં તમે કોઇનેનજર કેમ આપતા નથી?શા સારું નીચે જોઇ રહો છો? ભગવાન કહેછે, મંદિરમાં લોકો કયા-કયા ભાવથી દર્શન કરવા આવે છેતે હું જાણુંછું.તેઓ પોતાના માટે કાંઇકને કાંઇક માગે છે. કેવળ મારા માટે તો કોઇક જ આવે છે અને તેને હું નજર આપું છું.**

નવલાં નોરતાંની રમઝટ દશ દિવસ બોલાવી રાવણ દહન અસત્ય પર સત્યનો વિજય, અધર્મ પર ધર્મની જય જયકાર કર્યા પછી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો ધ્રુવજીએ સંયમવધાર્યો.બીજો મહિનો આવ્યો.હવે એકી સાથે આસને છ દિવસ ધ્યાનમાં બેસેછે ત્રીજો માસ આવ્યો.હવે નવ દિવસ એક આસને બેસે છે. હવે ફળ ખાતા નથી,વૃક્ષનાં પાન ખાય છે. ચોથો મહિનો આવ્યો.હવે ફક્ત જમનાજીનું જળ લઈ બાર દિવસ એક આસને બેસે છે પાંચમા મહિને હવે જળ નહીં, વાયુનું ભક્ષણ કરે છે અને પંદર દિવસ એક આસને બેસે છે. હવે છઠ્ઠો માસ આવ્યો.ધ્રુવજીએ નિશ્ચય કર્યો કે, હવે પરમાત્મા મળશે ત્યારે જ આસન ઉપરથી ઊઠવું છે.ભગવાન મળે ત્યાં સુધી મારે ઊઠવુંનથી,એવો નિશ્ચય કરી ધ્યાન-જપમાં બેઠા છે.

ધ્રુવજી છ મહિના સુધી સતત પરમાત્માનું ધ્યાન કરે છે. હૃદયમાં નારાયણના સ્વરૂપને નિહાળે છે. હવે જીભથી નહીં મનથી જપ થાય છે.

જગતનો આધાર પરમાત્મા છે અને જગતના આધારના આધાર આજે ધ્રુવ હતા.ધરતી પણ ધ્રુવનું વજન સહી શકતી નથી, એટલે ધરતીએ પણ પરમાત્માને વિનંતી કરી કે ધ્રુવજીને દર્શન આપો.

બીજી તરફ ધ્રુવની તપશ્ચર્યાજોઈ દેવો ભગવાન નારાયણ પાસે આવ્યા આપ ધ્રુવકુમારને જલદી દર્શન આપો! ભગવાન દેવોને કહે છે,ધ્રુવને દર્શન આપવા નહીં,પણ મારાં ધ્રુવનાં દર્શનકરવા હુંજવાનો છું.આજે ધ્રુવજીનાં દર્શન કરવાની ઈચ્છા ભગવાનને થઈ છે. ચોખ્ખું લખ્યું છેકે,સેવક ભક્તનાં દર્શન કરવાની ઈચ્છાથી પ્રભુ મધુવનમાં ગયા. પંઢરપુરના મંદિરમાં એક દિવસ શ્રી વિઠ્ઠલનાથ અને રુક્ષ્મણીજી વચ્ચે સંવાદ થયેલો.

રુક્ષ્મણીજી કહે,તમારા આટ આટલા ભક્તો રોજ દર્શન કરવા આવેછેતેમ છતાં તમે કોઇનેનજર કેમ આપતા નથી?શા સારું નીચે જોઈ રહો છો?

ભગવાન કહેછે,મંદિરમાં લોકો કયા-કયા ભાવથી દર્શન કરવા આવે છેતે હું જાણુંછું.તેઓ પોતાના માટે કાંઈકને કાંઈક માગે છે. કેવળ મારા માટે તો કોઈક જ આવે છે અને તેને હું નજર આપું છું.

પંઢરપુરમાં ભગવાનનાં દર્શન માટે એટલી ભીડ હોય છે કે,સવારે ગયેલા માણસને સાંજે વિઠ્ઠલનાથ ની ઝાંખી થાય છે.એક વખત લક્ષ્મીજીએ ભગવાનને ઉદાસ જોઈને પૂછ્યું,આટલા બધા ભક્તો આપનાં દર્શન માટે આવ્યા છે અને આપ ઉદાસ કેમ છો? ભગવાને કહ્યું કે, આ બધા મને જોવા આવ્યા છે પણ જેનાં દર્શન કરવાની મને ઈચ્છા છે તે મારો તુકારામ બિમાર હોવાથી આવી શક્યો નથી એટલે તેને ત્યાં જવા વિચારું છું. લાખો વૈષ્ણવો પંઢરપુરમાં વિઠ્ઠલનાથનાં દર્શન કરવા આવે છે અને પરમાત્મા પધારે છે તુકારામને ત્યાં! સાચા વૈષ્ણવો જેમ ઠાકોરજીનાં દર્શન કરવા આતુર હોય છે તેમ તેવા ભક્તનાં દર્શન કરવા ભગવાન પણ આતુર હોય છે. ધ્રુવ સમક્ષ ભગવાન નારાયણ પ્રગટ થયા, પણ ધ્રુવજી આંખ ઊઘાડતા નથી.ભગવાને વિચાર્યું, આમ ક્યાં સુધી ઊભો રહીશ? એટલે ધ્રુવજીના હૃદયમાં જે તેજોમય સ્વરૂપ પ્રગટ થયું હતું, તે હૃદયમાંથી અંતર્ધાન કર્યું. ધ્રુવ અકળાયા. તે દિવ્ય સ્વરૂપ ક્યાં ગયું? આંખ ઊગાડી તો ચતુર્ભુજ નારાયણ કી જય! ધ્રુવજી દર્શન કરતા નથી. દર્શનથી ઠાકોરજીને પી જાય છે.બોલવાની ઈચ્છા છે પણ ભણેલા નહીં એટલે બોલી કેવી રીતે શકે?ભગવાનના હાથમાં શંખ હતો તે વડે બાળકના ગાલને સ્પર્શ કર્યો.પ્રસુપ્ત સરસ્વતી જાગૃત થઈ. ધ્રુવજીએ સ્તુતિ કરી

હે સર્વશક્તિમાન પ્રભો! તમે જ મારાં અંતઃકરણમાં પ્રવેશ કરીને તમારા તેજથી મારી આ સુષુપ્ત વાણીને જગાડો છો તથા પગ, કાન ત્વચા આદિ અન્ય બીજી ઈન્દ્રિયો તેમજ પ્રાણોને પણ સજીવન કરો છો એવા તમે અંતર્યામી ભગવાનને હું પ્રણામ કરું છું. મારી બુદ્ધિમાં પ્રવેશી મારાં મન, બુદ્ધિને સત્કર્મની પ્રેરણા આપનાર મારા પ્રભુને વારંવાર વંદન કરું છું.

આપે કરેલા ઉપકારોને જાણનારો મનુષ્ય આપને કેમ ભૂલી જાય છે? તમને જેઓ ભજતા નથી એ ખરેખર કૃતઘ્ની છે.તમે તો મનુષ્ય ને જન્મમરણથી મુક્ત કરનારાછો આપને જેલોકો દુન્યવીક્ષણભંગુર સુખો માટે ભજે તેઓ મૂર્ખ છે.

તમે કૃપા કરો તો જ આ જીવ તમને ઓળખી શકે છે.તમે કૃપા કરો છોત્યારે જ આ જીવ તમારાં દર્શન કરી શકે છે. તમને મેળવી શકે છે. કેવળ સાધનાથી ઈશ્વરનાં દર્શન થતાં નથી.કનૈયો આ કૃપાસાધ્ય છે સાધન સાધ્ય નથી. પરમાત્મા કૃપાસાધ્ય છે એટલે એવું નહીં કે સાધન ન કરવાનું. સાધન કરો પણ સાધનનો ભરોસો ન રાખો. સાધનનું અભિમાન ન રાખો. સાધન તો કરવાનું જ છે. સાધન કરતાં જીવ થાકી જાય, સાધન કરતાં દીન થયેલો જીવ જ્યારે રડી પડે છે ત્યારે ભગવાન કૃપા કરે છે.તેથી તો ઉપનિષદમાં કહ્યું છે કે,આ આત્મા વેદોના અભ્યાસથી નથી મળતો,ન તો બુદ્ધિચાતુરીથી અથવા બહુ શાસ્ત્ર સાંભળવાથી તે મળે છે. પરંતુ જેનું આ આત્મા વરણ કરે છેતેને જ આ આત્માની પ્રાપ્તિ થાય છે.આત્મા તેને જ પોતાનું સ્વરૂપ દેખાડે છે.સાધ્યની પ્રાપ્તિ કર્યા પછી કેટલાક સાધનની ઉપેક્ષા કરે છે.સાધનની ઉપેક્ષા થાય એટલે ફરી માયા તેમનામાં પ્રવેશ કરે છે. અદ્વૈતભાવ સિદ્ધ થાય પછી પણ વૈષ્ણવ ભગવાન ની ભક્તિ કરે છે. ઈશ્વર પ્રાપ્તિ પછી પણ મનુષ્યે સાધન તો ન જ છોડવું. અરે, સાધનની એવી ટેવ પડી જાય છે કે તે છૂટતું જ નથી. તુકારામે કહ્યું છે તેમ સત્સંગથી તુકારામ પાંડુરંગ જેવો બન્યો છે. તેને ભજન કરવાની હવે જરૂર નથી, પણ તુકારામને ભજનની એવી ટેવ પડી ગઈ છે કે ભજન છૂટતું જ નથી.

આરંભમાં સત્સંગ કર્યો અને તુકારામને જપ કરવાની આજ્ઞા થઈ.જપ કરતા ભગવાનનાં દર્શન થયાં.પછી ભગવાને કૃપા કરી.હવે તુકારામ અને પાંડુરંગમાં ભેદ નથી તેમ છતાં હવે ટેવ એવી પડી છે કે ભજન છૂટતું નથી. આવી સ્થિતિને પહોંચ્યા પછી પણજ્ઞાની ભક્તો ભક્તિ છોડતા નથી.જ્ઞાની ભક્તની ભક્તિ વ્યસનરૂપ બને છે ભક્તિ વ્યસનરૂપ બને તો બેડો પાર છે. તમારાં દર્શન થયા પછી સાચા જ્ઞાનીઓ તમારી ભક્તિ છોડી શકતા નથી. તમારાં દર્શન થયા પછીજે તમારું સેવાસ્મરણ કરતો નથી તે કૃતઘ્ની છે.અપરોક્ષ સાક્ષાત્કાર કર્યા પછી ભજન છોડી શકાતું જ નથી. ધ્રુવકુમારે સુંદર સ્તુતિ કરી છે. હે નાથ, એવી કૃપા કરો કે તમારા લાડીલા ભક્તો તમારી કથા કરે. તે સાંભળવાનો મને સુયોગ મળે. તે આનંદ યોગીઓના બ્રહ્માનંદ કરતાં શ્રેષ્ઠ છે. કેવળ વિદ્વાન કથા સંભળાવે એમ ધ્રુવકુમાર બોલ્યા નથી,પણ જેનું હૃદય શ્રી કૃષ્ણ પ્રેમમાં પીગળેલું છે તેવા કથાકાર કથા સંભળાવે. જ્ઞાની ભક્ત કથા કરે અને ભક્તહૃદય વાળા કથા કરે તેમાં અંતર છે. ભક્તહૃદયની કથાનો આનંદ બ્રહ્માનંદ કરતાં પણ શ્રેષ્ઠ છે. ઉપનિષદમાં આનંદનું વર્ણન કરતાં કહ્યું છે કે, મનુષ્યના આનંદ કરતાં ગંધર્વોનો આનંદ શ્રેષ્ઠ છે. તેનાથી સ્વર્ગના દેવોનો આનંદ શ્રેષ્ઠ છે. દેવો કરતાં ઈન્દ્રનો આનંદ શ્રેષ્ઠ છે ઈન્દ્રથી બૃહસ્પતિનો આનંદ શ્રેષ્ઠ છે, પણ બધા કરતાં બ્રહ્માનંદ શ્રેષ્ઠ છે.જે નિષ્કામ, નિર્વિકાર છે જેના મનનો નિરોધ થયો છે તેને જે આનંદ મળે છે, તે બ્રહ્માનંદ. એ સર્વથી શ્રેષ્ઠ છે.જેનીબ્રહ્માકાર વૃત્તિ થઈ છે એવા યોગીઓને જે બ્રહ્માનંદ મળે છે તે આનંદ શ્રેષ્ઠ છે. જ્યાં સુધી દ્વૈત પ્રપંચ રહેતો

### રણવીર સિંહ ડોન ૩નું શૂટિંગ પૂરું થયા પછી આ ફિલ્મનું કામ શરૂ કરશે

# ‘પ્રલય’ની કથામાં ઝોમ્બીનો ભારતીય અવતાર રજૂ થશે

છેલ્લાં થોડા સમયથી એવા અહેવાલો આવી રહ્યા હતા કે રણવીર સિંહ જય મહેતા સાથે કોઈ ફિલ્મની ચર્ચા કરી રહ્યો છે. તેમની આ ઝોમ્બી ફિલ્મ ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થાય એવી શક્યતા છે. લાંબા સમયથી આ ફિલ્મનાં પ્રિ પ્રોડક્શનનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું હતું. ત્યારે હવે એવા અહેવાલો છે કે તેમણે આ ફિલ્મનું નામ નક્કી કરી લીધું છે. આ ઝોમ્બી ફિલ્મમાં વિશ્વનો વિનાશ થઈ ગયા પછીની વાર્તા દર્શાવાશે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, “રણવીર સિંહની આવનારી ફિલ્મનું નામ પ્રલય હોવાની શક્યતા છે. આ ફિલ્મમાં જે પ્રકારની દુનિયા દર્શાવાઈ છે, તે મુજબ તેને નામ અપાયું છે. જેમાં દુનિયા એક અકલ્પનીય વિનાશનો સામનો કરી ચુકી છે. આ ફિલ્મમાં ક્યારેય ન જોવા મળી હોય એવી દુનિયા જોવા મળશે. આ એક માનવજાત વિશેની ફિલ્મ છે, જેમાં મનુષ્ય કઈ હદ સુધી જઈ શકે છે, તે દર્શાવાશે. એક માણસ પોતાના પરિવારને બચાવવા માટે કઈ હદ સુધી જઈ શકે છે, કપરા પડકારોનો સામનો કરીને તેને કઈ પરિસ્થિતિમાંથી પસાર થવું પડશે, એ જોવા મળશે.” રણવીર સિંહને ફિલ્મની સ્ક્રિપ્ટ બહુ ગમી છે અને ફિલ્મના વિવિધ પાસા પર જય મહેતા અને ટીમ સાથે ચર્ચાઓ કરી રહ્યો છે. સુત્રએ આગળ જણાવ્યું, “રણવીર સિંહ ૨૦૨૬ના અંત સુધીમાં ડોન ૩નું શૂટિંગ પૂરું કરીને આ ફિલ્મ શરૂ કરશે. આ એક એવી ફિલ્મ છે, જેમાં પ્રી પ્રોડક્શનમાં ઘણી મહેનત કરવી પડે છે. તેમને એક સંપુર્ણ નવી દુનિયા રચવાની હોવાથી તેમને શૂટિંગ પહેલાં વધારે મહેનત કરવી પડશે. વર્લ્ડ વોર અને આઈ એમ એ લિજેન્ડ, પ્રકારની દુનિયા આ ફિલ્મમાં જોવા મળશે, જેમાં હિરો અને તેના પરિવારે અનેક મુસીબતોનો સામનો કરવાનો છે.”એવા પણ અહેવાલો છે કે મેકર્સ એ લિસ્ટની એક્ટ્રેસને આ ફિલ્મમાં લેવા માગે છે. હાલ રણવીર ધુરંધરની રિલીઝની રાહ જોઈ રહ્યો છે, પછી તે ડોન ૩નું કામ શરૂ કરશે. ત્યાર બાદ તે આ ફિલ્મ શરૂ કરશે એવી ચર્ચા છે.



### આ પહેલાં ૬૯મા એવોર્ડ ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે યોજાયો હતો

# અમદાવાદમાં ૧૭ વર્ષે ફરી એક વખત શાહરુખ ફિલ્મફેરનું સંચાલન કરશે

**૨૦૦૮ પછી પહેલી વખત શાહરુખ, અભિનેતા મનિષ પૌલ અને કરણ જોહર સાથે સંચાલન સંભાળશે**

આ વખતે ફરી એક વખત ગુજરાતમાં ફિલ્મફેર એવોર્ડનું આયોજન થઈ રહ્યું છે. એકા એરેના, કાંકરીયા ખાતે યોજાનારા આ એવોર્ડ્ઝમાં શાહરુખ ખાન ૧૭ વર્ષે ફિલ્મ ફેર એવોર્ડનું સંચાલન કરશે. મંગળવારે ફિલ્મફેર દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવી હતી. આ વખતે શાહરુખ ખાન, કરણ જોહર અને મનિષ પૌલ આ શોનું સંચાલન કરશે. આ પહેલાં શાહરુખ કેટલીક વખત આ શોનું સંચાલન કરી ચૂક્યો છે, ખાસ તો સૈફ અલી ખાન સાથે તેણે ૨૦૦૩ અને ૨૦૦૪માં કરેલું સંચાલન યાદગાર હતું, આજે પણ સોશિયલ મીડિયા પર તેના વીડિયો જોવા મળે છે. ૨૦૦૭માં ફરી એક વખત તેણે અને કરણ જોહરે સંચાલન કર્યું હતું. ૨૦૦૮માં છેલ્લે તે સ્ટેજ પર સંચાલન કરતો જોવા મળ્યો હતો, જેમાં તેની સાથે વિદ્યા બાલન, મનિષ પૌલ અને કરણ જોહર પણ હતા. તેની ડ્રાય હ્યુમર અને વિટ માટે શાહરુખ જાણીતો છે. પછીના વર્ષોમાં શાહરુખ ગેસ્ટ હોસ્ટ તરીકે કેટલાક સેગમેન્ટ હોસ્ટ કર્યા છે. ૧૧ ઓક્ટોબરે, એકા એરેના, કાંકરિયા લેક, અમદાવાદ ખાતે ફિલ્મ ફેર એવોર્ડ ૨૦૨૫ યોજાવાના છે. આ એવોર્ડનું આ ૭૦મું વર્ષ છે, આ પહેલાં ૬૯મા એવોર્ડ ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે યોજાયા હતા. ત્યાર પછી ફરી એક વખત ગુજરાત ટુરીઝમ અને ફિલ્મફેર વચ્ચે એમઓયૂ સાઈન થયા છે. ગયા મહિને આ એવોર્ડ માટેના નોમિનેશનની જાહેરાત થઈ ગઈ છે. ૧૧ ઓક્ટોબરે, એકા એરેના, કાંકરિયા લેક, અમદાવાદ ખાતે ફિલ્મ ફેર એવોર્ડ ૨૦૨૫ યોજાવાના છે. આ એવોર્ડનું આ ૭૦મું વર્ષ છે, આ પહેલાં ૬૯મા એવોર્ડ ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે યોજાયા હતા. ત્યાર પછી ફરી એક વખત ગુજરાત ટુરીઝમ અને ફિલ્મફેર વચ્ચે એમઓયૂ સાઈન થયા છે. ગયા મહિને આ એવોર્ડ માટેના નોમિનેશનની જાહેરાત થઈ ગઈ છે.

# પંકજ ત્રિપાઠીએ મુંબઈમાં ૧૦.૮૫ કરોડના બે આલીશાન ફ્લેટ ખરીદ્યા




બોલિવૂડ અભિનેતા પંકજ ત્રિપાઠી તેમના શાનદાર અભિનય માટે જાણીતા છે. તેમણે ગેંગ્સ ઓફ વાસેપુર, સ્ત્રી અને લુડો જેવી ઘણી ઉત્તમ ફિલ્મોમાં કામ કર્યું છે. લોકો તેમના અભિનયથી મોહિત છે. જ્યારે પણ પંકજ ત્રિપાઠી કોઈ ફિલ્મની જાહેરાત કરે છે, ત્યારે તેમના ચાહકો ખુશ થાય છે. પંકજ તેમના અંગત જીવન વિશે ઓછી વાત કરવાનું પસંદ કરે છે. તેમની પત્ની મૃદુલા ત્રિપાઠી અને પુત્રી આશી ત્રિપાઠી તેમની સાથે ભાગ્યે જ જોવા મળે છે. પંકજ ત્રિપાઠીએ હવે મુંબઈમાં તેમના પત્ની માટે બે એપાર્ટમેન્ટ ખરીદ્યા છે. આ એપાર્ટમેન્ટની કિંમત જાણીને તમને આશ્ચર્ય થશે.પંકજ ત્રિપાઠી એક વૈભવી ઘરમાં રહે છે અને હવે તેમણે વધુ બે મિલકતો ખરીદી છે. તેમણે ખરીદેલા બે ફ્લેટ કરોડો રૂપિયાના છે. તેમના એપાર્ટમેન્ટની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે.અહેવાલ મુજબ, પંકજ ત્રિપાઠીના આ બે ફ્લેટની સંયુક્ત કિંમત ૧૦.૮૫ કરોડ છે. પંકજે અંધેરી વેસ્ટમાં એક ફ્લેટ ખરીદ્યો છે. આ એક વૈભવી એપાર્ટમેન્ટ છે અને તેની કિંમત ૯.૯૮ કરોડ છે. આ ઘરમાં આશરે ૨,૦૨૬ ચોરસ ફૂટનો રેરા કાર્પેટ એરિયા અને ૩૨.૧૪ ચોરસ મીટરનો બાલ્કની એરિયા છે. આ ડીલમાં ત્રણ કાર પાર્કિંગ સ્પેસનો પણ સમાવેશ થાય છે. કાંદિવલી વેસ્ટમાં ખરીદેલી બીજી મિલકતની કિંમત ૮૭ લાખ છે અને તેનો કાર્પેટ એરિયા ૪૨૫ ચોરસ ફૂટ છે. કામની વાત કરીએ તો, પંકજ ત્રિપાઠી ટૂંક સમયમાં મિર્ઝાપુર ૪ માં જોવા મળશે. ચાહકો તેની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેમની પાસે ઘણા પ્રોજેક્ટ્સ પણ છે, અને ચાહકો તેમની ફિલ્મોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેઓ છેલ્લે અનુરાગ બાસુની મેટ્રોમાં જોવા મળ્યા હતા, જેને બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળ્યો હતો. કામની વાત કરીએ તો, પંકજ ત્રિપાઠી ટૂંક સમયમાં મિર્ઝાપુર ૪ માં જોવા મળશે. ચાહકો તેની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેમની પાસે ઘણા પ્રોજેક્ટ્સ પણ છે, અને ચાહકો તેમની ફિલ્મોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેઓ છેલ્લે અનુરાગ બાસુની મેટ્રોમાં જોવા મળ્યા હતા, જેને બોક્સ ઓફિસ પર સારો પ્રતિસાદ મળ્યો હતો.

# ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ માટે પહેલી પસંદગી આલિયા નહી, રાની મુખર્જી હતી

**મને બાળપણથી જ સંગીત અને મ્યુઝિક વીડિયો નિર્માણમાં રસ હોવાથી હું ફિલ્મ નિર્માણ તરફ આકર્ષાયો : આદિત્ય**

આલિયા ભટ્ટની ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ ૨૦૨૨ માં મોટા પડદે આવી. સંજય લીલા ભણસાલી દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મની બધાએ પ્રશંસા કરી. આલિયાએ તેના શક્તિશાળી અભિનયથી બધાનું દિલ જીતી લીધું. જ્યારે આલિયાને સંજય લીલા ભણસાલીની ‘ગંગુબાઈ કાઠિયાવાડી’માં મુખ્ય ભૂમિકા તરીકે જાહેરાત કરવામાં આવી, ત્યારે એવા અહેવાલો આવ્યા હતા કે તે ફિલ્મ માટે પહેલી પસંદગી નથી.તે સમયે, એવા અહેવાલો હતા કે નિર્માતાઓ આલિયા ભટ્ટ પહેલા અભિનેત્રી રાની મુખર્જીને ફિલ્મમાં કાસ્ટ કરવા માંગતા હતા. જો કે, ભણસાલીના ભૂતપૂર્વ સહાયક દિગ્દર્શક આદિત્ય નારાયણે હવે આ વાતની પુષ્ટિ કરતા કહ્યું છે કે રાની મુખર્જી ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ માટે નિર્માતાઓની પહેલી પસંદગી હતી. તેમણે એક ટીવી કાર્યક્રમમાં આ વાતનો ખુલાસો કર્યો.આદિત્ય નારાયણે યાદ કર્યું કે કેવી રીતે ‘શાપિત’ની નિષ્ફળતા પછી તેમને કામ વગર છોડી દેવામાં આવ્યા હતા અને અંતે તેમને સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાની તક મળી. આદિત્યએ કહ્યું, “મારી પાસે બીજું કોઈ કામ ન હોવાથી, મેં કંઈક નવું શીખવાનું નક્કી કર્યું. મને બાળપણથી જ સંગીત અને મ્યુઝિક વીડિયો નિર્માણમાં રસ હોવાથી હું ફિલ્મ નિર્માણ તરફ આકર્ષાયો. સોનુ નિગમે (જે ‘એક્સ ફેક્ટર ઈન્ડિયા’ના જજ પણ છે) મને પૂછ્યું કે શું મારે ભણસાલી સાથે કામ કરવાનું વિચારવું જોઈએ. ગાયકે આગળ કહ્યું, “આ એક સરસ વિચાર લાગ્યો.



જ્યારે મેં આ વાત રજૂ કરી, ત્યારે તે હસ્યો, વિચાર્યું કે હું પાંચ દિવસમાં હાર માની લઈશ. મને દુઃખ ન થાય તે માટે, તેણે મને તેની ઓફિસમાં આવવા કહ્યું. જોકે, તેણે પહેલા અઠવાડિયા સુધી મને કોઈ કામ આપ્યું નહીં, ખાતરી આપી કે હું જલ્દી હાર માની લઈશ. એક અઠવાડિયા પછી, તેણે ધીમે ધીમે મને કામ આપવાનું શરૂ કર્યું.તેણે આગળ કહ્યું, “તે સમયે, તેની પાસે બે સ્ક્રિપ્ટો હતીઃ એકનું નામ ‘રામ-લીલા’ અને બીજી ‘ગંગુબાઈ કાઠિયાવાડી’. મને લાગે છે કે તે રાની મુખર્જીને મુખ્ય ભૂમિકામાં રાખીને ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ બનાવવાનું વિચારી રહ્યો હતો. તેણે અમને બંને સ્ક્રિપ્ટો આપી અને પૂછ્યું કે કઈ સારી છે. મને રામ-લીલા પણ વધુ ગમ્યું.” જોકે, રાની મુખર્જી સાથે બધું કામ ન આવ્યું, અને નિર્માતાઓએ આલિયા ભટ્ટને કાસ્ટ કરવાનું નક્કી કર્યું.

## મેનેજર સિદ્ધાર્થ શર્મા અને ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝરની ધરપકડ કરાઈ

સિંગર ઝુબીન ગર્ગ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઝુબીન ગર્ગના મૃત્યુ મામલે તેના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલ ના ચીફ ઓર્ગેનાઈઝર શ્યામકાનુ મહંતની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ બાદ બંનેને ગુવાહાટી લઈ જવામાં આવ્યા છે. પોલીસે આ મામલે જણાવ્યું કે, ઝુબીન ગર્ગના મેનેજર અને ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝરની પૂછપરછ કરવામાં આવી રહી છે. સિંગાપોરથી નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચતા જ મહંતની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે સિદ્ધાર્થ શર્માની ગુરુગ્રામના એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી છે.આસામ સરકારે ૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં ડૂબી જવાથી સિંગરના મોત બાદ મૃત્યુની તપાસ માટે સ્પેશિયલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ એમપી ગુપ્તાના નેતૃત્વમાં ૧૦ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ની રચના કરી હતી. SITએ મહંત, શર્મા અને સિંગાપોર આસામ એસોસિએશનના સભ્યો અને મહોત્સવ માટે સિંગાપોર ગયેલા લોકો સહિત અનેક લોકોને હાજર રહીને પોતાના નિવેદનો નોંધાવવા માટે નોટિસ ફટકારી હતી.મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ અગાઉ કહ્યું હતું કે, શ્યામકાનુ મહંત અને સિદ્ધાર્થ શર્મા વિરુદ્ધ ઈન્ટરપોલ દ્વારા લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેમને ૬ ઓક્ટોબર સુધીમાં CID સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, ૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં લોકપ્રિય સિંગર ઝુબીન ગર્ગનું નિધન થયું હતું. તેઓ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે યાટ પર ગયા હતા, જ્યાં તેઓ લાઈફ જેકેટ વિના સ્કુબા ડાઈવિંગ કરવા ગયા હતા અને આ દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.



# ‘ડોનાલ્ડ ટ્રમ્પ જ મારા અસલી પપ્પા’ : રાખી સાવંત, વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ



એક્ટ્રેસ રાખી સાવંત છેલ્લા ઘણા મહિનાઓથી મીડિયામાં જોવા મળી નથી. તે ઘણા મહિનાઓથી ભારતમાં નથી અને તેનો મોટાભાગનો સમય દુબઈમાં વિતાવી રહી હતી. તે સોશિયલ મીડિયા પર સક્રિય હતી, ઘણા જીમ વિડીયો અને ક્યારેક જૂના વીડિયો પણ શેર કરતી હતી, પરંતુ હવે, મહિનાઓ પછી, તે મુંબઈ પાછી આવી છે. હંમેશા વિવાદોમાં રહેતી રાખી સાવંતે ફરી એકવાર તેના નિવેદનથી લોકોને આશ્ચર્યચકિત કર્યા છે. તેના વિચિત્ર નિવેદનનો એક વિડીયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે એવું કહી રહી છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ તેમના અસલી પપ્પા છે.વિડીયોમાં રાખીને એવું કહેતી સાંભળી શકાય છે કે, ‘મારી માતા હવે નથી રહી. મારી માતાએ એક પત્ર છોડ્યો હતો. જેમાં લખ્યું છે કે તારા અસલી પિતા ડોનાલ્ડ ટ્રમ્પ છે. ત્યારબાદ તરત જ, એક પાપારાઝીએ કહ્યું કે તે આ દિવસો ટ્રમ્પ મોદીને ખૂબ હેરાન કરી રહ્યા છે, જેના જવાબમાં રાખી સાવંતે કહ્યું, ‘ખૂબ ખૂબ આભાર, મારી સાથે પંગો લેતા નહીં.’ રાખીના નિવેદનોમાં સ્પષ્ટપણે કોઈ સત્ય નથી. હંમેશની જેમ તેણીએ આ ટિપ્પણીઓ રમૂજી રીતે કરી હતી. તે ફરી એકવાર આવી ઉતાવળ અને વિચાર્યા વિના મીડિયા સમક્ષ આવી છે.રાખીનું અંગત જીવન ખૂબ જ ઉથલપાથલભર્યુ રહ્યું છે. રાખી તેના ભૂતપૂર્વ પતિ આદિલ ખાન દુર્રાની સાથે દુઃખદ છૂટાછેડા અને અનેક કાનૂની વિવાદોમાં ફસાયેલી હતી. તેણીએ તેના પર નાણાકીય બાબતોમાં ગેરવહીવટ, ઘરેલુ હિંસા અને ખંડણીનો આરોપ લગાવ્યો. બદલામાં, આદિલે તેના પર મિલકતની છેતરપિંડી અને બેવફાઈનો આરોપ લગાવ્યો, અને દાવો કર્યો કે રાખીએ તેના ખાનગી વીડિયો લીક કર્યા હતા.ટીકાકારો કહે છે કે તે આ કેસોમાં ધરપકડ ટાળવા માટે વિદેશ ગઈ હતી, પરંતુ રાખી સાવંત કહે છે કે દુબઈમાં તેનું સ્થળાંતર નવી કારકિર્દીની તકોથી પ્રેરિત હતું. તેની અભિનય એકેડેમીનો હેતુ મધ્ય પૂર્વના મહત્વાકાંક્ષી પ્રતિભાઓને તાલીમ આપવાનો છે જેઓ બોલિવૂડમાં કામ કરવાનું સ્વપ્ન જુએ છે.વિવાદો છતાં રાખી સાવંત તેના રમૂજ અને સ્પષ્ટ ખુલાસાઓથી ધ્યાન ખેંચવાનું ચાલુ રાખે છે, પછી ભલે તે ડોનાલ્ડ ટ્રમ્પના પિતા હોવાની મજાક હોય કે તેના અંગત સંઘર્ષોની ચર્ચા હોય.

# ભણસાલીની ‘બૈજુ બાવરા’માં રણવીરના બદલે રણબીરની પસંદગી કરાશે

**બૈજુ બાવરા એક બે ગાયકોની વાત કહેતી મ્યુઝિકલ ફિલ્મ છે, આ ફિલ્મ ૧૯૫૫માં આવેલી બૈજુ બાવરાની રીમેક હશે**

વૈભવી અને ઝાકઝમાળભરી ફિલ્મના સેટ અને કાલ્પનિક દુનિયા સમાન ફિલ્મ સર્જવા જાણીતા મેકર સંજય લીલા ભણસાલી માટે ‘બૈજુ બાવરા’ ફિલ્મ એક ડ્રીમ પ્રોજેક્ટ સમાન છે. તેમણે આ ફિલ્મ પાછળના રિસર્ચ માટે ૨૦ વર્ષ મહેનત કરી છે. વર્ષોથી આ ફિલ્મ અંગે વિવિધ પ્રકારના અહેવાલો અવતા રહે છે અને તેની કાસ્ટ અંગે પણ ચર્ચા થયા કરે છે. શરૂઆતમાં તો ભણસાલી ઐશ્વર્યા રાય અને સલમાન ખાન સાથે પણ આ ફિલ્મ કરવા ઈચ્છતા હોવાની ચર્ચા હતી. પરંતુ બાદમાં આ ફિલ્મ પડતી મુકાઈ હતી. ભણસાલી હાલ ‘લવ એન્ડ વૉર’ પર કામ કરી રહ્યા છે. ત્યારે હાલ એવા અહેવાલો છે કે ભણસાલીએ રણબીર કપૂરને બર્થ ડે ગિફ્ટમાં આ ‘બૈજુ બાવરા’ આપી છે.કેટલાક અહેવાલો અનુસાર, “સંજય લીલા ભણસાલીની ટીમે આ ફિલ્મ માટે પ્રોડક્શનનું કામ શરૂ કરી દીધું છે. રણબીર કપૂર પુરાણા સંગીતનો શોખીન છે અને તે પોતાની સવારની શરૂઆત ૧૯૫૦ના ગીતોથી કરવા માગે છે, જેમાં ૧૯૫૨માં રિલીઝ થયેલી પહેલી બૈજુ બાવરાનો પણ સમાવેશ થાય છે. તે પોતાની નાની દિકરી રાહાને પણ આ ગીતોનો પરિચય કરાવી રહ્યો છે.” હાલ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ બંને ભણસાલી સાથે લવ ઍન્ડ વૉરમાં કામ કરી રહ્યા છે. આ અહેવાલો અનુસાર, સંજય લીલા ભણસાલીએ રનબીર કપૂરને બૈજુ બાવરા ફિલ્મમાં લીડ રોલ તેના ૪૩મા જન્મ દિવસ નિમિત્તે ગિફ્ટ કર્યો છે. શરૂઆતમાં આ ફિલ્મ રણવીર સિંહ કરવાનો હોવાના પણ અહેવાલ હતા. કેટલાક અહેવાલ પણ હતા કે ભણસાલીએ પહેલાં આ ફિલ્મ રણવીર સિંહને ઓફર કરી હતી અને તેણે આ ફિલ્મ માટે તૈયારી પણ શરૂ કરી દીધી હતી. જોકે, હજુ આ ફિલ્મ માટેની ફાઈનલ કાસ્ટ ક્યારેય અનાઉન્સ થઈ નથી. શરૂઆતમાં આલિયા અને રણવીર આ ફિલ્મ કરવાના હોવાના અહેવાલ હતા. સુત્રો દ્વારા મળેલી માહિતી અનુસાર, “રણવીર સિંહ સંજય લીલા ભણસાલી સાથે લાંબા સમયથી આ ફિલ્મ અંગે ચર્ચા કરી રહ્યો હતો. આ ફિલ્મ સાથેના બધાં જ ચઢાવ ઉતાર સાથે રણવીર અને ભણસાલી ફરી એક વખત બૈજુ બાવરા માટે સાથે આવવાના હતા.



# દુર્ગાપૂજા મારામાં આનંદ, આધ્યાત્મિક ઉર્જાનો સંચાર કરે છે : રાની મુખર્જી

બોલીવુડ એક્ટ્રેસ રાની મુખર્જી માટે દુર્ગાપુજા એક તહેવારથી વધુ શકિત, આધ્યાત્મિકતા અને એક સાથે જોડાવવાનો ઉત્સવ છે. તે આ તહેવાર સાથે જોડાયેલી બાળપણની યાદો એવા મુલ્યો કે જે પોતાની દીકરી અદીરાને શીખવવા માંગે છે. રાની મુખર્જી કહે છે બંગાળીઓ માટે દુર્ગા પુજા માત્ર એક તહેવાર જ નથી બલકે એક ઉત્સવ અને ભાવના છે. જે ઢગલાબંધ ખુશીઓના આગમનનું પ્રતીક છે. તમામ પરીવાર આ પાંચ દિવસીય મહોત્સવ દરમીયાન સ્વાદીષ્ટ વાનગીઓ, માના પંડાલોના ભ્રમણ અને સંગીત અને સાંસ્કૃતીક સંધ્યાઓનો આનંદ લેવામાં તલ્લીન થઈ જાય છે.રાની કહે છે કે દુર્ગાપુજા મારી અંદર આનંદ, આધ્યાત્મીકતા ઉર્જા અને સાહસનું સંચાર કરે છે. જે ખરાબ પર સારાનો વિજય ઉત્સવ છે. તે સામુહીક ભાવનાને પ્રોત્સાહન આપે છે. આંતરીક આત્મ વિશ્વાસને મજબુત કરે છે. અને લોકોને તેમની પરંપરાઓ સંસ્કૃતી અને આંતરીક શકિત સાથે જોડે છે. રાની મુખર્જી કહે છે બંગાળીઓ માટે દુર્ગા પુજા માત્ર એક તહેવાર જ નથી બલકે એક ઉત્સવ અને ભાવના છે. જે ઢગલાબંધ ખુશીઓના આગમનનું પ્રતીક છે. તમામ પરીવાર આ પાંચ દિવસીય મહોત્સવ દરમીયાન સ્વાદીષ્ટ વાનગીઓ, માના પંડાલોના ભ્રમણ અને સંગીત અને સાંસ્કૃતીક સંધ્યાઓનો આનંદ લેવામાં તલ્લીન થઈ જાય છે.રાની કહે છે કે દુર્ગાપુજા મારી અંદર આનંદ, આધ્યાત્મીકતા ઉર્જા અને સાહસનું સંચાર કરે છે. જે ખરાબ પર સારાનો વિજય ઉત્સવ છે. તે સામુહીક ભાવનાને પ્રોત્સાહન આપે છે. આંતરીક આત્મ વિશ્વાસને મજબુત કરે છે. અને લોકોને તેમની પરંપરાઓ સંસ્કૃતી અને આંતરીક શકિત સાથે જોડે છે. રાની મુખર્જી કહે છે બંગાળીઓ માટે દુર્ગા પુજા માત્ર એક તહેવાર જ નથી બલકે એક ઉત્સવ અને ભાવના છે. જે ઢગલાબંધ ખુશીઓના આગમનનું પ્રતીક છે. તમામ પરીવાર આ પાંચ દિવસીય મહોત્સવ દરમીયાન સ્વાદીષ્ટ વાનગીઓ, માના પંડાલોના ભ્રમણ અને સંગીત અને સાંસ્કૃતીક સંધ્યાઓનો આનંદ લેવામાં તલ્લીન થઈ જાય છે.રાની કહે છે કે દુર્ગાપુજા મારી અંદર આનંદ, આધ્યાત્મીકતા ઉર્જા અને સાહસનું સંચાર કરે છે. જે ખરાબ પર સારાનો વિજય ઉત્સવ છે. તે સામુહીક ભાવનાને પ્રોત્સાહન આપે છે. આંતરીક આત્મ વિશ્વાસને મજબુત કરે છે. અને લોકોને તેમની પરંપરાઓ સંસ્કૃતી અને આંતરીક શકિત સાથે જોડે છે.



**રાની મુખર્જી કહે છે બંગાળીઓ માટે દુર્ગા પુજા માત્ર એક તહેવાર જ નથી બલકે એક ઉત્સવ અને ભાવના છે**

# મરચીની ખેતીમાં પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના ખેડૂતની નોંધપાત્ર સિધ્ધી

## ખેડૂત શ્રી કેતનભાઇ પટેલે મરચીના વાવેતરમાં રૂ.૩.૫૦ લાખ જેટલા ખર્ચની સામે બમણાથી ઉપરાંતની આવક મેળવી



આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભાટીયેલ ગામના આત્મનિર્ભર ખેડૂત શ્રી કેતનભાઈ પટેલે મરચીની ખેતીમાં નવી સફળતા હાંસલ કરી છે. તેમના દ્વારા મરચીનું ઓક્ટોબર મહિનામાં વાવતેર કરવામાં આવ્યું હતું. મરચીનું મોડી રોપણી હોવા છતાં, તેમણે **Good agricultural practices** પધ્ધતિ દ્વારા તેમજ યોગ્ય પાણી વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણના ઉપયોગથી ગુણવતાવાળું ઉત્પાદન મેળવ્યું છે. શ્રી કેતનભાઈ પટેલના ખેતરમાં મરચીનો પાક ૨ વિઘા વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી તેમણે મરચીના વાવેતરમાં રૂ.૩ લાખ ૫૦ હજાર જેટલો ખર્ચ કર્યો છે.જેની સામે મરચીના વેચાણથી બમણાથી ઉપર એટલે કે રૂ.૭ લાખ ૨૫ હજારની આવક મેળવી છે. જે ખેતીના ક્ષેત્રમાં એક પ્રેરણાદાયક ઉદાહરણ બની રહ્યું છે. વધુમાં ખેડુતશ્રી કેળની ખેતી પણ કરે છે, જેમા બાગાયત ખાતા દ્વારા કેળ પાકમાં રૂ. ૩૭ હજારની સહાય આપવામાં આવી છે. નાયબ બાગાયત નિયામકશ્રી ડો. સ્મિતાબેન પિલ્લાઈના જણાવ્યા મુજબ ખેડૂતશ્રી કેતનભાઈની સફળતા પાછળ બાગાયત ખાતાની યોજનાના વિવિધ લાભો, ખેડૂતની મહેનત, યોગ્ય સમય પર ખેતીની કામગીરી, બજારની માહિતી સાથે જોડાયેલા નિર્ણય, ટેકનિકલ માર્ગદર્શન દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે.

### પ્રાકૃતિક ખેતી અપનાવી, એક વર્ષમાં, એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો

# ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ ખેડૂતે ટેક્નોલોજીના સહારે સ્ટ્રોબેરીની ખેતી શરૂ કરી

## આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પૂર્ણ કરતાં યુવાને ખેતીથી રોજગારી સર્જી - 'ખેત મજૂર નહીં પણ ખેત માલિક બનવું છે' : જિગ્નેશભાઇ ભોયે





ઉમેશ ગાવિત 'ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ', 'અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ'- ઝવેરચંદ મેઘાણી રચિત આ પંક્તિનો અર્થ થાય છે કે, જે વ્યક્તિ યુવા અવસ્થામાં સાહસ કરીને કામ કરે છે તે જીવન જીવી જાણે છે અને નવું સર્જન કરી શકવાની ક્ષમતા ધરાવે છે. ઉક્ત પંક્તિઓને સાબિત કરી બતાવી છે ડાંગના એક તરવરિયા યુવાને. ડાંગ જિલ્લાના મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલ મોટા માંળુગા ગામનો ૨૬ વર્ષીય યુવક શ્રી જિગ્નેશભાઇ મધુભાઇ ભોયે જેણે, પ્રાકૃતિક ખેતી કરનાર પ્રગતિશીલ ખેડુત તરીકે નામનાં મેળવી છે. પાણીની અછત છતાંય ફળાઉ પાકની ખેતીમાં સાહસિકતા દાખવી આ યુવકે એક એકર જમીનમાં સ્ટ્રોબેરીનો મબલક પાક રળ્યો છે. માત્ર ૧૦ ધોરણ સુધી અભ્યાસ કરેલ જિગ્નેશભાઇ ભોયેએ ટેક્નોલૉજીનો ઉપયોગ કરી યુટ્યુબના માધ્યમથી ખેતી વિશે જાણકારી મેળવી સ્ટ્રોબેરીની ખેતી કરવાનું શરૂ કર્યું હતું. છેલ્લાં ત્રણ વર્ષ થી તેઓ સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓ દર વર્ષે વાર્ષિક ૬ થી ૭ ટન જેટલું ઉત્પાદન મેળવે છે પરંતુ ચાલુ વર્ષ દરમિયાન એક એકર જમીનમાં રેકર્ડ બ્રેક ૧૦ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવી તેઓ અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ બન્યા છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત બનાવવાનું સ્વપ્ર ડાંગના મોટા માળુંગાનો આ યુવાન સ્વપ્ર સાકાર કરી રહ્યો છે. ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો, જે બાદ રોજગારી માટે વાપી કે અન્ય ઈન્ડસ્ટ્રિયલ એરીયામાં નોકરી કરી, સાથે જ નજીકના મહારાષ્ટ્ર રાજ્યમાં દ્રાક્ષ અને સ્ટ્રોબેરીના ખેતરોમાં ખેત મજૂર તરીકે કામ કર્યું. પરંતુ આંખોમાં નવા સ્વપ્ર સેવી રહેલાં આ યુવકે ખેત મજૂર નહીં પરંતુ ખેત માલિક બનવાનો નિર્ણય કર્યો. વર્ષો થી તેઓના બાપદાદાઓ અને માતા-પિતા ખેત મજૂર તરીકે કામ કરતાં હતાં, પરંતુ ખેત મજૂર માંથી માલિક બનવાનો નિર્ધારિત કરેલ નિર્ણય આ યુવકે, ખેતી ક્ષેત્રે સંશોધન શરૂ કર્યું, ખેતી વિશે જાણકારી મેળવી સરકારના વિવિધ કાર્યક્રમો તેમજ તાલીમ મેળવી, પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મેળવી અને ઘર બેઠાં પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો હતો. શરૂઆતમાં પારંપરિક ખેતી સિવાય કારેલાં, દૂધી અને ટાંમેટાની ખેતી કરી, પરંતુ તેમાં સફળતા મળી નહી. જે બાદ ઈન્ટરનેટ ઉપર ફળાઉ પાકો ની જાણકારી મેળવી સાથે જ ફળાઉ પાકો માટે સરકારની યોજનાઓની વિગતો મેળવી અને સ્ટ્રોબેરીની ખેતી કરવાનું નક્કી કર્યું. શરૂઆતના વર્ષોમાં ઓછી જગ્યામાં સ્ટ્રોબેરીની ખેતી કરી જેનું છૂટક વેચાણ આહવા તેમજ સાપુતારા ખાતે કર્યું. આ સાથે જ ડાંગ જિલ્લાના બાગાયતી વિભાગના અધિકારીઓ પાસેથી ખેતી વિશે વધુ જાણકારી મેળવી, ખેતી પધ્ધતીઓ જાણી અને ત્રીજા વર્ષે એક એકર જમીનમાં સાહસ કરીને સ્ટ્રોબેરીની ખેતી કરી જેમાં વાર્ષિક ૧૧ ટન સ્ટ્રોબેરીનો પાક મેળવ્યો જેનું તેઓ મોટ પાયે અમદાવાદમાં એક્સપોર્ટ કરી રહ્યાં છે. જિગ્નેશભાઇ ભોયે જણાવે છે કે, વર્ષો થી તેઓનો પરિવાર પારંપરિક ડાંગર, નાગલી, અડદ, વરઈ વગેરેની ખેતી કરી રહ્યાં છે. ભણતર બાદ તેઓ પોતે પણ છેલ્લાં ૬ વર્ષથી ખેતીના કામમાં જોતરાયેલા છે. તેઓએ પોતાની ખેતી સાથે બહાર ગામ મજુરી કામ પણ કર્યું પરંતુ આત્મનિર્ભર બનવાનું નક્કી કરી તેઓએ ખેતીમાં ઝંપલાવ્યું, ખેતી પ્રત્યે પ્રમે થયો અને ગામમાં જ પોતાના ખેતરમાં ખેતીની શરૂઆત કરી જે બાદ તેઓએ ખેતીમાં નવતર પ્રયોગો કરી સ્ટ્રોબેરીની ખેતી કરી રહ્યાં છે. તેઓએ અર્લી વિન્ટર અને વિન્ટર ડાઉન નામની ૨ સ્ટ્રોબેરીની જાતને ખેતરમાં વાવી છે. જેને સામાન્ય રીતના ૯૦ થી ૧૦૫ દિવસમાં પાક આવવાની શરૂઆત થાય છે. પાક આવ્યાં બાદ દર બે ત્રણ દિવસે સતત પાકની લણણી કરવી પડતી હોય છે. જેના માટે તેઓને સાત થી આઠ મજૂરોની જરૂર પડતી હોય છે. જેથી ખેતીના કામ થી તેઓએ ગામમાં જ રોજગારી સર્જી છે. તેમજ તેઓ જથ્થાબંધ સ્ટ્રોબેરી સુરત, ભરૂચ તેમજ મોટ પાયે અમદાવાદ માર્કેટમાં પોતાનો પાક વેંચી રહ્યાં છે. જેનાથી તેઓને ઘર બેઠાં આવક મળી રહે છે તેમજ ગામના લોકોને રોજગારી પણ મળી રહે છે. સ્ટ્રોબેરીના પાક થી તેઓ વાર્ષિક સરેરાશ ૭ થી ૮ લાખની મબલક કમાણી કરી રહ્યાં છે. જિગ્નેશભાઇ ભોયે સરકાર તેમજ બાગાયતી વિભાગનો આભાર વ્યક્ત કરતાં જણાવે છે કે, તેઓને બાગાયતી પાકોમાં કૃષિ સહાય, હાઈબ્રીડ બિયારણ માટે ૫૦ ટકા સહાય, તેમજ સ્ટ્રોબેરીના રોપા માટે સહાય, પ્લાસ્ટિક આવરણ, પેંકીગ મટીરિયલ, કાચા મંડપ સહાયમાં દરેક યોજના દીઠ કુલ ૭૫ ટકાની સહાય પ્રાપ્ત થઈ છે. ઉપરાંત બાગાયત વિભાગ માંથી પ્રેરણા પ્રવાસ તરીકે તેઓ સૌરાષ્ટ્ર જિલ્લાની મુલાકાતે પણ ગયાં હતાં. વધુમાં તેઓ જણાવે છે કે, ડાંગ જિલ્લાનું વાતાવરણ સ્ટ્રોબેરીના પાક માટે અનુકુળ છે. જેથી મહારાષ્ટ્રમાં ખેત મજૂર તરીકે જતાં લોકોએ પોતાના વતનમાં જ ખેતીની શરૂઆત કરવી જોઈએ, સરકાર બાગાયતી પાકોમાં સહાય તેમજ પ્રાકૃતિક કૃષિમાં સહાય આપી રહી છે. સ્ટ્રોબેરી પાક ડાંગની ઓળખ બનશે તેમજ અહિં મોટી સંખ્યામાં લોકો સ્ટ્રોબેરીના કારણે રોજગારી પ્રાપ્ત કરી શકે છે એવો મક્કમ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નાયબ બાગાયત નિયામક શ્રી તુષારભાઇ ગામીતે વિભાગ અંગેની માહિતી આપતાં જણાવે છે કે, પાક ઉત્પાદન થી બજાર વ્યવસ્થા સુધીની તમામ યોજનાઓ સરકારમાં ચાલુ છે. જેમાં બાગાયત વિભાગ દ્વારા શાકભાજી માટે હાઈબ્રિડ બિયારણ, કાચાં/અડધાં પાકા/ પાકા મંડપ, ફળાઉ પાક માટેની યોજના, પ્લાસ્ટીક આવરણ, બાગાયતી પેદાશો માટે પેંકિગ મટીરીયલમાં સહાય સાધનો (તાડપત્રી/વજન કાંટો અથવા પ્લાસ્ટિક કેરેટ), બાગાયતી યાંત્રિકીકરણ માટે (મિની ટ્રેક્ટર, પાવર ટીલર, સ્વયં સંચાલિત બાગાયતી મશીનરી પાવર વિડર, બૅટરી ઓપરેટેડ સ્પ્રે પંપ જેવી યોજનાઓ આપવામાં આવે છે. ડાંગ જિલ્લાના ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતી કરવામાં આવે છે. જેમાં રીંગણ, મરચાં, ટામેટાં, કારેલાં, ભીંડા, ડુંગળી, દુધી, ફણસી, આંબા, કાજુ, તરબૂચ, સ્ટ્રોબેરી, કોબી, હળદર, સફેદ મુશળી, વિગેરેની ખેતી કરવામાં આવે છે. જેમાં ૧૦ થી ૧૨ હેક્ટર વિસ્તાર જમીનમાં સ્ટ્રોબેરીની ખેતી કરવામાં આવે છે. ચાલુ વર્ષે ડાંગમાં સ્ટ્રોબેરીની ખેતી કરતાં ૬૪ ખેડુતો જે પૈકી ૭ મહિલાઓને સ્ટ્રોબેરી માટે વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણા થકી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ડાંગ સહિત ગુજરાતના ખેડૂતો 'નેચરલ ફાર્મીગ' તરફ પ્રયાણ કરી રહ્યા છે. સરકારના સતત કૃષિલક્ષી કાર્યક્રમોની સફળતાના પગલે ડાંગના છેવાડાના વિસ્તારના યુવા ખેડુત જિગ્નેશભાઇ ભોયે જેવા ખેડૂતોના આર્થિક, સામાજિક જીવનમાં પરિવર્તન આવ્યું છે. બાગાયતી યોજનાઓની સબસીડી તેમ ખેડુતોને આપવામાં આવેલ તાલીમોના કારણે ખેડૂતો પરંપરાગત ખેતી છોડી ને બાગાયતી પાકો અપનાવી વધુ આવક મેળવતા થયા છે. સાથે જ ઓછા ખર્ચે ખેતીમાં વધુ ઉત્પાદન મેળવતા થયા છે.

# આત્મા એટલે પ્રાકૃતિક ખેતીને લગતી તાલીમ અને કાર્યક્રમો યોજતી સંસ્થા

## આત્મા એટલે ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડતી સંસ્થા

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનું ચલણ વધે અને ખેડૂતો વધારેમાં વધારે પ્રાકૃતિક પેદાશો સાથે જોડાય; અને તે સિવાય પણ જે ખેડૂતો રાસાયણિક ખેતી સાથે જોડાયેલા છે તે પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે. ઘણી વાર ખેડૂતો અને સામાન્ય જનતા પણ પ્રાકૃતિક રીતે થતી ખેતીથી અજાણ હોય છે. પરંતુ, પ્રાકૃતિક કૃષિને લગતી ચર્ચાઓમાં આપણે ક્યારેક તો આત્માનું નામ સાંભળ્યું જ હશે. આત્મા **(ATMA - Agricultural Technology Management Agency)** એટલે એવી એક એજન્સી જેના દ્વારા પ્રાકૃતિક ખેતીને લગતી વિવિધ પ્રકારની તાલીમ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કૃષિ ટેકનોલોજી અને વ્યવસ્થાપન એજન્સી 'આત્મા' એ જિલ્લા સ્તરે કાર્યરત એક રજિસ્ટર્ડ સોસાયટી છે, જે જિલ્લાના તમામ કૃષિ સંબંધિત સંગઠનો અને કૃષિ ભાગીદારોને આયોજનથી અમલીકરણ સુધી સામેલ કરીને જિલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે પ્રયત્નો કરે છે.

આત્માનું મુખ્ય કાર્ય જિલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું છે. ઉપરાંત, જાહેર કૃષિ ટેકનોલોજીને લગતી સિસ્ટમનું રોજિંદું સંચાલન અને તેનું વિકેન્દ્રિકરણ કરવાનું છે. આત્મા પ્રાકૃતિક કૃષિને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા તમામ જિલ્લાના કૃષિ વિભાગો, સંશોધન સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને કૃષિ વિકાસ સાથે સંકળાયેલ સંસ્થાઓ વગેરે સાથે જીવંત જોડાણ સ્થાપિત કરવા માટે જવાબદાર છે.

આત્માનું મિશન અને તેનો હેતુ ખેડૂતોને ધિરાણ લાયક બનાવવા માટેનો છે. પ્રાકૃતિક કૃષિને લગતા નિર્ણય લેવાની પ્રક્રિયાને વેગ આપવા માટે અને ખેતીમાં વ્યાવસાયિક અભિગમ શરૂ કરવા માટે ખેડૂતોને **FIG** (ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગ્રૂપ), **CIG** (કન્સરવેશન ઈનોવેશન ગ્રાન્ટ), **FAO** (ફૂડ એન્ડ એગ્રીકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે જ, ખેડૂતો પાસેથી મેળવેલી માહિતી પર ધ્યાન કેન્દ્રિત કરવું, ભાગીદારોની જવાબદારી વધારવી, ખેડૂતોની ક્ષમતાઓને મજબૂત કરવી, ખાનગી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી, સ્ત્રી અને પુરુષ બંને ખેતી સાથે જોડાય તે માટે તેમની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું વગેરે છે. આત્મા ખેડૂતોની જરૂરિયાતો અનુસાર કૃષિને લગતું શિક્ષણ અને શિક્ષણ પ્રવૃત્તિઓના નવા સંશોધનો પૂરા પાડે છે. ખેડૂતો પોતાની ભાગીદારીથી, પોતાની મરજીથી નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ, કૃષિ વિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધ-સરકારી, બિન-સરકારી, વાણિજ્યિક ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા વિભાગોનું સંકલન પણ આત્મા દ્વારા કરવામાં આવે છે. આત્મા મુખ્યત્વે ટેકનોલોજી(ખેડૂતોનું કૃષિ સંશોધન)ના ટ્રાન્સફરમાં કામ કરે છે.

# પ્રાકૃતિક કૃષિમાં જળચક્ર, ખાદ્યચક્ર અને નાઇટ્રોજન ચક્ર દ્વારા છોડના વિકાસ માટેની તમામ જરૂરિયાતો કુદરતી રીતે સંતોષાય છે

હાલનાં સમયમાં પ્રાકૃતિક ખેતી એક વ્યાવહારિક ખેતી તરીકે પ્રસ્થાપિત થઈ રહી છે. આ ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતી ફક્ત નાના ખેડૂતો જ નહિં પણ, મધ્યમ અને મોટા ખેડૂતોને પણ લાભદાયી છે. પ્રાકૃતિક ખેતીથી ઉપજેલ ખેતપેદાશો ઝેરમુક્ત અને સ્વાસ્થ્યની દષ્ટીએ સવર્શ્રેષ્ઠ સાબિત થઈ છે.

ગુજરાત રાજ્યના કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત 'આત્મા' પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વર્ણવી છે, જેને આધારે પ્રાકૃતિક ખેતીમાં ખાતર અને જંતુનાશક દવાઓની જગ્યાએ કુદરતી ચક્રો દ્વારા છોડનું પોષણ અને રક્ષણ કેમ થાય છે? તે જાણીએ.

જળચક્ર

પ્રાકૃતિક ખેતીમાં સેન્દ્રીય પદાર્થો અને સૂક્ષ્મ જીવાણુઓની ગતિવિધિના કારણે જમીન છિદ્રાળુ અને ભરભરી બને છે. આ કારણે વરસાદના પાણીનો મોટો જથ્થો જમીનમાં ઊંડે સુધી ઊતરે છે અને સંગ્રહ થાય છે. આ સંગ્રહિત પાણીમાં જમીનમાં રહેલા પોષક તત્ત્વો અને ખનીજો મિશ્રિત થાય છે. જ્યારે ઉપરની જમીનમાં પાણીની અછત સર્જાય ત્યારે નીચેનું સંગ્રહિત પાણી કેશાકર્ષણ દ્વારા દ્રાવ્ય થયેલા પોષક તત્ત્વો સાથે મૂળ નજીક આવે અને છોડને જરૂરી ભેજ અને પોષક તત્ત્વો પૂરાં પાડે છે. આમ પ્રાકૃતિક કૃષિમાં થતા જળ વ્યવસ્થાપનના કારણે અતિવૃષ્ટિમાં પાકને નુકસાન થતું નથી અને પાણીની અછતમાં છોડને જરૂરી ભેજ મળી રહે છે.

ખાદ્યચક્ર

છોડના બંધારણમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજન (કાર્બોદિત પદાર્થો)નો હિસ્સો ૯૫થી ૯૬ ટકા જેટલો હોય છે. જેનું નિર્માણ છોડના પર્ણમાં સૂર્યપ્રકાશની હાજરીમાં પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા દ્વારા પાણી અને (હવામાં રહેલા) કાર્બન ડાયોક્સાઈડના સંયોજનથી થાય છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અરણેજ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કુલપતિ શ્રી ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ એગ્રી.ડ્રોન પ્રોજેક્ટ અંડર સબમિશન ઓન એગ્રીકલ્ચર મિકેનિઝેશન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનથી છંટકાવના પ્રત્યક્ષ નિદર્શનનું આયોજન કરવામાં આવતું હોય છે. માર્ચ મહિના દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા કુલ ૧૫ ગામોના ૧૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોની પસંદગી કરવામાં આવી કે જેઓ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવા સંમત થયા હતા. આ ખેડૂતોએ ખેતરમાં વિવિધ પાકો જેવા કે સુવા, ડાંગર, જીરું, ચણા તેમજ વરિયાળી વગેરે પાકોમાં જુદા જુદા દ્રાવણો જેવા કે સાગરિકા (દરિયાઈ શેવાળ), નેનો યુરિયા, નેનો ડી.એ.પી., ગોળ દૂધનું મિશ્રણ તેમજ જીવામૃતનો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો હતો. આ નિદર્શન હેઠળ ૪૦ એકર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો.

# રાસાયણિક ખાતરને છોડીને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા કંચનભાઈ રાઠવા

## ખેતી ખર્ચ ઘટે અને ઉત્પાદન સારું મળે એવી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી : કંચનભાઈ





છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટાઘોડા ગામના ખેડૂત અને ફાર્મર માસ્ટર ટ્રેનર કંચનભાઈ ધનજીભાઈ રાઠવા રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવોને ધ્યાને લઈને પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા. છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક કૃષિને અપનાવી અને અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા પ્રેરિત કરે છે.

પ્રાકૃતિક કૃષિ વિશે વાત કરતા તેઓ જણાવે છે કે, આત્મા પ્રોજેક્ટના અધિકારી સાથે અમારી મુલાકાત થઈ ત્યાંથી પ્રાકૃતિક કૃષિ વિશે માહિતી મળી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા અમને ખેડા ખાતે દેથલી ગામમાં ત્રણ દિવસિય સેમીનારમાં પ્રાકૃતિક કૃષિ વિશે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં પ્રાકૃતિક કૃષિ શું છે? તે કેવી રીતે કરાય તેની સમજ આપવામાં આવી હતી,

પહેલા ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બહુ કરતા હતા જેથી જમીન દૂષિત થઈ હતી.છેલ્લા ત્રણ વર્ષથી અમે ઘનજીવામૃત, બીજામૃત, જીવામૃત નો ખેતીમાં ઉપયોગ કરવાનું શરૂઆત કર્યું હતું. અત્યારે મારા ખેતરમાં ચોમાસાની અંદર રોપણી વાળી ડાંગર કરું છું અને એના પછી હું મકાઈનું વાવેતર કરું છું. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામથી જમીન ફળદ્રુપ બની છે. એક દેશી ગાયથી ૩૦ એકર ખેતી કરી શકાય છે. પહેલા ખેતી કરતા અઢી એકર જમીનમાં અંદાજે ૩૫ હજારનો ખર્ચ દવા-ખાતર, ખેડાણ અને મંજૂરીમાં થઈ જતો હતો. પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા ત્યારથી અમને નહિવત ખર્ચ થાય છે. જે કંઈ જ વસ્તુની જરૂર હોય તે મળી જતી હોવાના કારણે ઓછા ખર્ચમાં પ્રાકૃતિક ખેતી કરીએ છીએ અને નફો પણ સારો દેખાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન પાક પોતાના કુટુંબ માટે વાપરું છું. આ વર્ષે મારે ચોમાસેની સીઝનમાં ડાંગરની રોપણી કરી હતી જેમાં ૨૫ થી ૩૦ મણનો ઉતારો મળ્યો હતો. આ વખતના મકાઈમાં ૪૦ મણ જેટલું ઉત્પાદન થવાની શક્યતા છે. ગુજરાત સરકાર દ્વારા દેશી ગાયના નિભાવ ખર્ચ માટે માસિક ૯૦૦ રૂપિયા મળે છે. ખેડૂતોને સંદેશ આપતા કંચનભાઈ જણાવે છે કે, દરેક ખેડૂત પ્રાકૃતિક કૃષિ કરે એ જ મારો ઉદ્દેશ છે.

## UPના બરેલીમાં જુમ્માને લઈને એલર્ટ, બે દિવસ માટે ઈન્ટરનેટ બંધ

। (એજન્સી) બરેલી, તા.૦૨ ।

દશેરા ઉત્સવ દરમિયાન જુમ્માની નમાઝને લઈને તંત્ર દ્વારા ઉત્તરપ્રદેશના બરેલી મંડળના ચાર જિલ્લામાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ, પીએસી અને આરએએફના જવાનોને તૈનાત કરાયા છે. સાથે જ ડ્રોન દ્વારા દેખરેખ રખાઈ રહી છે. અધિકારીઓએ માહિતી આપી છે કે, ગુરૂવાર (૨ ઓક્ટોબર) બપોરે ૩ વાગ્યાથી ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવાઈ છે. આ પ્રતિબંધ શનિવાર બપોર સુધી રહેશે. આ અગાઉ પણ ઈન્ટરનેટ ૪૮ કલાક માટે બંધ કરી દેવાયું હતું. ઉત્તરપ્રદેશ સરકારના ગૃહ સચિવ ગૌરવ દયાલે આદેશ પણ જાહેર કર્યા છે. ગૃહ સચિવે આદેશમાં લખ્યું છે કે, બરેલીમાં કાયદો વ્યવસ્થા બગડવાની સ્થિતિ બની શકે છે. તેનાથી જાન-માલને નુકસાન પણ થઈ શકે છે. જીસ્જી અને વોટ્સએપની સાથે ફેસબુક અને યૂટ્યુબ સહિતના અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લોકોની ભાવનાઓને ભડકાવવાનો પ્રયાસ કરાઈ શકે છે. તેને જોતા ઈન્ટરનેટના દુરુપયોગને રોકવા માટે ગુરૂવારથી ૪ ઓક્ટોબર સુધી ટેલિકોમ સેવાઓ જેમ કે, મેસેજિંગ, ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ સ્થગિત કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. ડિવિઝનલ કમિશ્નર ભૂપેન્દ્ર એસ. ચૌધરીએ જણાવ્યું કે, બરેલીમાં હાલમાં થયેલી હિંસા બાદ આજે દશેરાના તહેવારને ધ્યાને રાખીને બરેલી, શાહજહાંપુર, પીલીભીત અને બદાયૂ જિલ્લાઓ માટે હાઈએલર્ટ જાહેર કરી દેવાયું છે. પોલીસ અધિકારીઓએ ભીડભાડ વાળા કાર્યક્રમો રામલીલા, દુર્ગા પૂજા મેળા અને રાવણ દહન કાર્યક્રમો દરમિયાન એલર્ટ રહેવાના વિશેષ નિર્દેશ અપાયા છે. વિજયાદશમી અને તેનાથી જોડાયેલા તહેવારોનું શાંતિપૂર્ણ આયોજન થઈ શકે તે માટે તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને દેખરેખ રખાઈ રહી છે.

### યુપીમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

# સંભલમાં મસ્જિદ, મદરેસા, મેરેજ હોલ પર બુલડોઝર ફેરવાયું

### સંભલ જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા સરકારી જમીન પર કરાયેલા અવૈધ બાંધકામને તોડી પાડવાની મોટી કાર્યવાહી

। (એજન્સી) સંભલ, તા.૦૨ ।

ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા સરકારી જમીન પર કરાયેલા અવૈધ બાંધકામને તોડી પાડવાની મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ અને ડ્રોન કેમેરાની સતત દેખરેખ વચ્ચે મસ્જિદ, મદરેસા અને મેરેજ હોલ પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે.

સંભલના અસમોલી પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં થઈ રહેલી આ કાર્યવાહી દરમિયાન ભારે પોલીસ બંદોબસ્ત પણ ખડકી દેવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જે જમીન પર બાંધકામ થયેલું છે, તે જમીન ગ્રામ સમાજની માલિકીની અને તળાવ માટેની હતી. લાંબા સમયથી આ જમીન પર ગેરકાયદે કબજો જમાવીને બાંધકામ કરી દેવામાં આવ્યું હતું.

સંભલના એસપી કે.કે.બિશ્નોઈએ જણાવ્યું કે, 'આ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે કબજેદારોને ૧૦ જુલાઈએ નોટિસ આપીને ૩૦ દિવસનો સમય અપાયો હતો. સમય પુરો થવા છતાં બાંધકામ ન હટાવતા તંત્રએ જાતે જ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. અહીં એક વિશાળ જગ્યામાં અનેક વીઘાની જમીન પર બાંધકામ કરી દેવાયું છે.'

બુલડોઝર કાર્યવાહી દરમિયાન વાતાવરણ તંગ ન બને તે માટે આખા વિસ્તારને છાવણીમાં ફેરવી દેવાયું છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. કાર્યવાહીની ગંભીરતા જોતાં જિલ્લા મેજિસ્ટ્રેટ (ḍસ) અને પોલીસ અધિક્ષક (જીઁ) ઘટનાસ્થળે હાજર રહીને સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

### કોમેડિયન મુનવ્વર ફારુકીને ટારગેટ કરવા આવ્યા હતા

# ગોલ્ડી બરાડ ગેંગના બે શૂટર એન્કાઉન્ટરમાં પકડાયા

### આ બંને શૂટર રોહિત ગોદારા, ગોલ્ડી બરાડ અને વીરેન્દ્ર ચારણના ઈશારે હત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૨ ।

દિલ્હીના જૈતપુર-કાલિંદી કુંજ રોડ પર આજે સવારે સ્પેશિયલ સેલની ટીમે એક એન્કાઉન્ટર બાદ રોહિત ગોદારા, ગોલ્ડી બરાડ, વીરેન્દ્ર ચારણ ગેંગના બે શૂટરોની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોમેડિયન મુનવ્વર ફારુકી આ શૂટરોના ટારગેટ પર હતો. ધરપકડ કરાયેલા શૂટરોના નામ રાહુલ (પાણીપત, હરિયાણા) અને સાહિલ (ભિવાની, હરિયાણા) છે. પ્રાથમિક માહિતી પ્રમાણે ઘાયલ શૂટર રાહુલ ડિસેમ્બર ૨૦૨૪માં યમુનાનગરમાં થયેલા ટ્રિપલ મર્ડર કેસમાં સંડોવાયેલો હતો અને ઓળખના અભાવે ફરાર હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ બંને શૂટર છેલ્લા કેટલાક દિવસોથી વિદેશી ગેંગસ્ટર રોહિત ગોદારા, ગોલ્ડી બરાડ અને વીરેન્દ્ર ચારણના ઈશારે એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરની હત્યા કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ મુંબઈ અને બેંગ્લોરમાં પોતાના ટારગેટની રેકી પણ કરી ચૂક્યા હતા. પોલીસને માહિતી મળી હતી કે, હરિયાણા ટ્રિપલ મર્ડર કેસના આરોપ ીઓ દિલ્હીના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની વિસ્તારમાં છે. પોલીસે તેમને સવારે લગભગ ૩:૦૦ વાગ્યે રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ બાઈક પર આવેલા ગુનેગારોએ ગોળીબાર કર્યો. જવાબી કાર્યવાહીમાં બંને શૂટરોને પગમાં ગોળી વાગી અને તેમની ધરપકડ કરીને હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા. ઘટનાસ્થળેથી તેમની પાસેથી હથિયાર અને એક મોટરસાયકલ જપ્ત કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસનું કહેવું છે કે, કોમેડિયન મુનવ્વર ફારુકી આ હત્યાના ષડયંત્રમાં ટારગેટ પર હતો, પરંતુ સમયસર કાર્યવાહીથી શૂટરોનું ષડયંત્ર નિષ્ફળ ગયું.



ચેન્નાઈમાં મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે લોકો તેમના ચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરે છે.

## IIT કાનપુરમાં ૨ વર્ષમાં ૭મા વિદ્યાર્થીનો આપઘાત

। કાનપુર, તા.૦૨ ।

કાનપુર આઈઆઈટીના એક વિદ્યાર્થીએ આપઘાત કર્યો છે. માત્ર બે વર્ષમાં આઈઆઈટીની સાતમી ઘટના છે. આ વિદ્યાર્થીનો શબ ત્રણ દિવસ સુધી રૂમમાં ટીંગાયેલો રહ્યો હતો. પરંતુ કોઈને જાણ થઈ ન હતી. આઈઆઈટી કાનપુરમાં ધીરજ સૈની નામના વિદ્યાર્થીએ આપઘાત કર્યો હતો. બીટેક ફાઈનલ યરના વિદ્યાર્થીએ હોસ્ટેલ નંબર ૧માં પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. તેના આપઘાતના ત્રણ દિવસ બાદ દુર્ગંધ આવતાં ઘટનાની જાણ થઈ હતી. ધીરજે સંભવિત ૩ દિવસ પહેલાં આપઘાત કર્યો હોવાનો પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે શબને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે તેમજ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ધીરજ સૈની હરિયાણાનો રહેવાસી છે. કેમિકલ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હોસ્ટેલમાં એકલો રહેતો હતો. બુધવારે તેના રૂમમાંથી દુર્ગંધ આવી રહી હતી અને દુર્ગંધભર્યું પાણી બહાર આવી રહ્યું હતું. જેથી આસપાસના વિદ્યાર્થીઓને શંકા ગી હતી. તેમણે તુરંત આઈઆઈટી તંત્ર અને પોલીસને આ અંગે જાણ કરી હતી. પોલીસે દરવાજો તોડી શબ બહાર કાઢ્યો હતો. તેના રૂમમાંથી હાલ કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી.

## બદ્રીનાથ ધામના કપાટ ૨૫ નવેમ્બરથી થશે બંધ

। (એજન્સી) બદ્રીનાથ, તા.૦૨ ।

બદ્રીનાથ ધામના કપાટ ૨૫ નવેમ્બરના રોજ સાંજે ૨.૫૬ વાગ્યે બંધ થશે. નવેમ્બરમાં શરૂ થઈ રહેલી શિયાળાની સીઝનમાં બદ્રીનાથના કપાટ બંધ થશે. જેના માટે ૨૧ નવેમ્બરથી પંચ પુજાઓ શરૂ થશે. આ સિવાય કેદારનાથના કપાટ ૧૮ નવેમ્બરના રોજ બંધ થશે. વિજયાદશમીના પર્વ પર ઓમકારેશ્વર મંદિર ઉખીમઠમાં પંચાંગની ગણના અનુસાર તારીખ જાહેર કરી છે.

વિજયાદશમીના શુભ પ્રસંગે, મંદિર પરિસરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે પંચાંગ ગણતરીઓના આધારે ભગવાન તુંગનાથના શિયાળામાં દરવાજા બંધ કરવાની તારીખ નક્કી કરવામાં આવી હતી. દેવરા માટે પ્રસ્થાન ૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ થશે. આ પછી, ૬ નવેમ્બર ૨૦૨૫ ના રોજ, બાબાના દરવાજા આગામી છ મહિના માટે ભક્તોને દર્શન આપશે નહીં.

### પૂર્વ રો પ્રમુખનું ચોંકાવનારું નિવેદન

# ભારતના વધતા દબદબાથી ડરેલું છે અમેરિકા, ડીપ સ્ટેટની રમત રમી રહ્યું છે

### ભારત મોટી આર્થિક મહાસત્તા બની ગયું છે તેથી અમેરિકા ભારતની ઝડપથી વિકસી રહેલી આર્થિક વૃદ્ધિ અંગે ચિંતિત છે

। નવી દિલ્હી, તા.૦૨ ।

રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (ઈછઉ)ના ભૂતપૂર્વ વડા વિક્રમ સૂદે જણાવ્યું હતું કે અમેરિકા અને પ ાકિસ્તાન વચ્ચે વર્તમાન દિવસોમાં મજબૂત સંબંધો સ્થાપિત થવા પ ાછળનું કારણ ભારત દ્વારા ઓપરેશન સિંદૂર દરમિયાન સંઘર્ષ વિરામમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકાના દાવાનો અસ્વીકાર છે. સુદે અમેરિકાના ડીપ સ્ટેટની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

સુદે કહ્યું કે, આ બળ ભારતની આર્થિક પ્રગતિમાં સૌથી મોટો અવરોધ બની રહ્યું છે. આ બધું ટ્રમ્પની વ્યક્તિગત નારાજગીથી શરૂ થયું હતું. જ્યારે ભારતે તેમને કથિત યુદ્ધવિરામ માટે શ્રેય આપવાનો ઈનકાર કર્યો હતો. સુદે ટ્રમ્પની આ નારાજગી પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની નેતા ઘૂંટણિયે પડી ગયા અને કહ્યું, આભાર, મારા સ્વામી. તમે નોબેલ પુરસ્કારને પાત્ર છો. આ ડીપ સ્ટેટનો ભ્રામક ખેલ છે. તેઓ ક્યારેય ઈચ્છતા નથી કે ભારત આર્થિક રીતે મજબૂત બને. સુદે વધુમાં જણાવ્યું હતું કે ભારત અને ચીન હવે વિશ્વની બે સૌથી મોટી આર્થિક મહાસત્તા બની ગયા છે, તેથી અમેરિકા ભારતની ઝડપથી વિકસી રહેલી આર્થિક વૃદ્ધિ અંગે ખૂબ ચિંતિત છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ પ ાછળ કોઈ રાષ્ટ્રવાદી હેતુ નથી. જ્યારે આપણે રાષ્ટ્રવાદની ચર્ચા કરીએ છીએ, ત્યારે તેઓ તેને હિન્દુ રાષ્ટ્રવાદ તરીકે ફગાવી દે છે. વાસ્તવિક ભય એ છે કે ચીન એક મોટી આર્થિક શક્તિ છે અને ભારત બીજા ક્રમે છે. અમેરિકાએ ચીનના ઉદાહરણમાંથી બોધપાઠ લીધો છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે મંગળવારે ટ્રમ્પે ફરી એકવાર પ ાકિસ્તાની નેતૃત્વની પ્રશંસા કરી અને અસીમ મુનીરને ખૂબ જ મહત્વપૂર્ણ વ્યક્તિ ગણાવ્યા હતાં. ભારતના પ ડોશી દેશોમાં ડીપ સ્ટેટ અને રાજકીય અસ્થિરતાના મુદ્દે સૂદે સમજાવ્યું કે આ શબ્દનો ઉપયોગ સૌપ્રથમ તૂર્કિયેમાં થયો હતો, જ્યાં ગુપ્તચર એજન્સીઓ, સૈન્ય અને એક અગ્રણી અધિકારીનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. એક ડ્રગ ટ્રાફિકર જે રોકડ, માદક દ્રવ્યો અને શસ્ત્રોનો ભંડાર લઈ જતો હતો, તે પણ તેમની સાથે હતો. તે સ્પષ્ટપણે દર્શાવે છે કે ડીપ સ્ટેટ સમાન જોડાણો દ્વારા કાર્ય કરે છે. ડીપ સ્ટેટનો અર્થ હવે કોર્પોરેટ જગત, લશ્કરી-ગુપ્તચર ઉપકરણ અને અન્ય પ્રભાવશાળી જૂથોનો સમાવેશ કરવા માટે વિકસિત થયો છે જે ગુપ્ત રીતે સત્તાના કબજાને નિયંત્રિત કરે છે. સમય જતાં તેનો અર્થ બદલાઈ ગયો છે.

### બાર મહિનામાં ત્રણ ટકા બરફ પીગળી ગયો

# સ્વિટ્ઝરલેન્ડના ગ્લેશિયર્સ ખૂબ જ જોખમમાં દેખાયા

। (એજન્સી) સ્વિટ્ઝરલેન્ડ, તા.૦૨ ।

સ્વિટ્ઝરલેન્ડના ગ્લેશિયર્સમાં છેલ્લા બાર મહિનામાં ત્રણ ટકા બરફ પીગળી ગયો છે. સ્વિટ્ઝરલેન્ડના ઈતિહાસમાં આ ચોથી વાર થયું છે જ્યારે એક વર્ષમાં ખૂબ જ વધુ બરફનું પાણી થયું હોય. આ ડેટાને ગ્લેશિયર મોનિટરિંગ સ્વિટ્ઝરલેન્ડ દ્વારા ૨૦૨૫ની પહેલી ઓક્ટોબરે રિલીઝ કરવામાં આવ્યા છે. હાઈડ્રોલોજિકલ યર એટલે કે ૨૦૨૪ના ઓક્ટોબરથી ૨૦૨૫ના સપ્ટેમ્બર સુધીના આ ડેટા છે. આ આંકડાને જોઈને સ્વિટ્ઝરલેન્ડની સરકાર ખૂબ જ એલર્ટ થઈ ગઈ છે.

૨૦૨૪-૨૫ના શિયાળામાં ધાર્યા કરતાં ખૂબ જ ઓછો બરફ પ ડ્યો છે, ખાસ કરીને નોર્થઈસ્ટર્ન સ્વિસ પર્વતોમાં. સ્વિટ્ઝરલેન્ડમાં આ વર્ષે ૧૩ ટકા ઓછો બરફ પ ડ્યો છે. આ પાછળનું કારણ જૂન અને ઓગસ્ટમાં હીટવેવ આવી હતી એ છે. ૨૦૦૩ બાદ આ વર્ષે જૂન મહિનો સ્વિટ્ઝરલેન્ડમાં બીજી વાર સૌથી ગરમ રહ્યો હતો. ૩૫૮૦ મીટર પર આવેલું ત્નેહપ્નકટ્ટિર્દ્મષ્ઠર અત્યાર સુધીનું સૌથી ગરમ રહ્યું હતું.

આ કારણસર ગ્લેશિયરનો બરફ પીગળ્યો હતો. આ બરફ પીગળતા જમીનની સપાટી પર ૧.૬ મીટર જેટલું પાણી થયું હતું. છેલ્લા એક દાયકાથી સ્વિટ્ઝરલેન્ડમાં સતત બરફ પીગળી રહ્યો છે અને આ વર્ષે એ ત્રણ ટકા પીગળ્યો છે.

ગ્લેશિયર મોનિટરિંગ સ્વિટ્ઝરલેન્ડના ડિરેક્ટર મેથિયાસ હસના કહ્યા મુજબ આ વર્ષ ખૂબ જ ગરમ રહ્યું છે. ૨૦૨૨માં ૫.૯ ટકા બરફ પીગળ્યો હતો અને ૨૦૨૩માં ૪.૪ ટકા બરફ પીગળ્યો હતો. જોકે ૨૦૧૦-૨૦૨૦ના એવરેજ કરતાં આ વર્ષ ખૂબ જ ખતરનાક રહ્યું છે. આ વર્ષે જે બરફ પીગળ્યો છે એ ખૂબ જ ચિંતાજનક રહ્યો છે. ૨૦૧૫-૨૦૨૫નો દાયકોઃ સ્વિટ્ઝરલેન્ડના ગ્લેશિયર માટે ખૂબ જ ખરાબ રહ્યો છે. આ દાયકામાં લગભગ ૨૪ ટકા બરફમાં ઘટાડો થયો હતો. ૨૦૧૦થી ૨૦૨૦માં આ બરફમાં ૧૭ ટકાનો ઘટાડો થયો હતો. ૨૦૦૦થી ૨૦૧૦માં ૧૪ ટકા બરફ ઓછો થયો હતો. આજે ફક્ત ૪૫.૧ ક્યુબિક કિલોમીટરનો બરફ બચ્યો છે. ૨૦૦૦ની સરખામણીએ એ ૩૦ ક્યુબિક કિલોમીટર્સ ઓછો છે. ગ્લેશિયરના વિસ્તારમાં ૭૫૫ સ્ક્વેર કિલોમીટર્સનો ઘટાડો થયો છે. આ ઘટાડો ૩૦ ટકા છે.

સ્વિટ્ઝરલેન્ડના નોર્થઈસ્ટમાં આવેલું સિલ્વ્રેટ્ટા ગ્લેશિયરમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી ઓછો બરફ પ ડ્યો છે. એવરેજ કરતાં ૨૫થી ૫૦ ટકા ઓછો બરફ પડ્યો છે. ૩૦૦૦ મીટરથી નીચેના ગ્લેશિયર પર સૌથી વધુ બરફ પીગળેલો જોવા મળ્યો છે. ૧૯૮૦ મીટર્સ પર આવેલું છજ્ઞીંજષ્ઠરપ્તજ્ઞીંજષ્ઠરી ગ્લેશિયર પર સૌથી વધુ બરફ પીગળ્યો છે. અહીં ૧૨ મીટર્સ સુધીનો બરફ પીગળ્યો છે. સાઉથમાં આવેલા વાલાઈસ ગ્લેશિયરમાં ૨૦૨૫ના એપ્રિલમાં દર વખત કરતાં ૨ મીટર વધુ બરફ પ ડ્યો હતો. આથી બરફમાં જે નુકસાન થયું છે એ થોડું સરભર થયું હતું. મેટર અને સાસ વેલીમાં હાઈ-એલ્ટિટ્યુડ ગ્લેશિયરમાં પણ એવરેજ કરતાં વધુ બરફ પીગળેલો જોવા મળ્યો છે. જુલાઈમાં વાતાવરણ ઠંડું રહ્યું હતું અને બરફ પણ પડ્યો હોવાથી થોડી રાહત મળી હતી. જોકે જેટલો બરફ પીગળ્યો એટલો નહોતો પ ડ્યો. સ્વિટ્ઝરલેન્ડના નોર્થઈસ્ટમાં આવેલું સિલ્વ્રેટ્ટા ગ્લેશિયરમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી ઓછો બરફ પ ડ્યો છે. એવરેજ કરતાં ૨૫થી ૫૦ ટકા ઓછો બરફ પડ્યો છે. ૩૦૦૦ મીટરથી નીચેના ગ્લેશિયર પર સૌથી વધુ બરફ પીગળેલો જોવા મળ્યો છે. ૧૯૮૦ મીટર્સ પર આવેલું છજ્ઞીંજષ્ઠરપ્તજ્ઞીંજષ્ઠરી ગ્લેશિયર પર સૌથી વધુ બરફ પીગળ્યો છે. અહીં ૧૨ મીટર્સ સુધીનો બરફ પીગળ્યો છે.

સાઉથમાં આવેલા વાલાઈસ ગ્લેશિયરમાં ૨૦૨૫ના એપ્રિલમાં દર વખત કરતાં ૨ મીટર વધુ બરફ પ ડ્યો હતો. આથી બરફમાં જે નુકસાન થયું છે એ થોડું સરભર થયું હતું. મેટર અને સાસ વેલીમાં હાઈ-એલ્ટિટ્યુડ ગ્લેશિયરમાં પણ એવરેજ કરતાં વધુ બરફ પીગળેલો જોવા મળ્યો છે. જુલાઈમાં વાતાવરણ ઠંડું રહ્યું હતું અને બરફ પણ પડ્યો હોવાથી થોડી રાહત મળી હતી. જોકે જેટલો બરફ પીગળ્યો એટલો નહોતો પડ્યો.

### કર્ણાટકના ડેપ્યુટી CMએ કોંગ્રેસ નેતાઓને આપી ચેતવણી

# કોઈને મુખ્યમંત્રી પદને લઈને ચર્ચા કરવાની જરૂર નથી

### મુખ્યમંત્રી પદ વિશે બોલનારાઓ સામે કાર્યવાહી કરવા સૂચન

। (એજન્સી) બેંગલુરુ, તા.૦૨ ।

કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે રાજ્યમાં સત્તા પરિવર્તન અંગે નિવેદનો આપી રહેલા કોંગ્રેસના નેતાઓને ચેતવણી આપી છે. શિવકુમારે કોંગ્રેસના નેતાઓને મુખ્યમંત્રી પદ અંગે કોઈપણ નિવેદન આપ વાથી દૂર રહેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેઓ સાથે મળીને કામ કરી રહ્યા છે. ડીકે શિવકુમારનું આ નિવેદન પ ાર્ટીના એક ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રી પદ માટે સમર્થન વ્યક્ત કર્યા બાદ આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે આવી ચર્ચાઓને બિનજરૂરી દર્શાવતાં કહ્યું કે, મુખ્યમંત્રી પદ અંગે ચર્ચા કરવાની કોઈ જરૂર નથી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેઓ સાથે મળીને કામ કરી રહ્યા છે. અમે હાઈકમાન્ડના માર્ગદર્શિકાનું પાલન કરી રહ્યા છીએ. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિ (કેપીસીસી)ના કાર્યકારી પ્રમુખ જીસી ચંદ્રશેખરને આ મુદ્દા પર બોલનારાઓ સામે કાર્યવાહી કરવા સૂચના આપી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, તેમણે કહ્યું, અમારે ભાજપના નિવેદનો પર પ્રતિક્રિયા આપવાની જરૂર નથી. તેમને જે કહેવું હોય તે કહેવા દો. મેં અમારા કાર્યકારી પ્રમુખ જીસી ચંદ્રશેખરને તેમને નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો છે. પક્ષના કોઈપણ વ્યક્તિએ મુખ્યમંત્રી પદ સંબંધિત કંઈપણ નિવેદન આપવું જોઈએ નહીં. કુનિગલના કોંગ્રેસ ધારાસભ્ય એચડી રંગનાથને બુધવારે કહ્યું હતું કે, મને આશા છે કે મારા રાજકીય ગુરુ ડીકે શિવકુમાર એક દિવસ મુખ્યમંત્રી બનશે. તેઓ ઉભરતા સ્ટાર અને અખિલ ભારતીય નેતા છે. કોંગ્રેસની ૨૦૨૩ની વિધાનસભા જીતનો શ્રેય પણ શિવકુમારને શિરે છે. ડીકે શિવકુમારે ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી માટે ખૂબ સારા પ રિણામો લાવવામાં મદદ કરી. મેં બીજા કોઈ નેતાને પાર્ટી પ્રત્યે આટલી પ્રતિબદ્ધતા સાથે જોયા નથી. એચડી રંગનાથના નિવેદન પછી તરત જ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પણ મુખ્યમંત્રી પદ સંભાળવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ મુખ્યમંત્રી તરીકેનો તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણીમાં જીત બાદ પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ સાથે અનેક રાઉન્ડની ચર્ચાઓ થઈ હતી. અંતે સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તે સમયે શિવકુમાર સાથે મુખ્યમંત્રી પદ માટે રોટેશનલ ગોઠવણીના અહેવાલો આવ્યા હતા. જોકે, કોંગ્રેસ હાઈકમાન્ડે ક્યારેય આ વાતની ખાતરી આપી ન હતી.

## સોશિયલ મીડિયા પર નજર રાખવા સમિતિ બનાવાઈ

। (એજન્સી) અમરાવતી, તા.૦૨ ।

આંધ્ર પ્રદેશ સરકારે રાજ્યમાં સોશિયલ મીડિયાની ગતિવિધિઓ પર નજર રાખવા અને ખોટી માહિતી તથા અફવાઓને કંટ્રોલ કરવા માટે મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે મંત્રીસ્તરીય સમિતિ (ર્ય્સ)ની રચના કરી છે. આ સમિતિનું મુખ્ય લક્ષ્ય સોશિયલ મીડિયાના દુરુપ યોગને અટકાવી સમાજમાં શાંતિ અને સૌહાર્દ જાળવવાનું છે. રિપોર્ટ મુજબ, સમિતિને સોશિયલ મીડિયા પ્લેટફોર્મોની જવાબદારી નક્કી કરવાનું, ખોટી માહિતીઓને અટકાવવાનું અને નાગરિકોના અધિકારની રક્ષા કરવાની કામગીરી સોંપ ાઈ છે. નાયડુ સરકારે રચેલી સમિતિમાં રાજ્યના આઈટી અને એચઆરડી મંત્રી નારા લોકેશ, આરોગ્ય મંત્રી વાય સત્ય કુમાર યાદવ, નાગરિક પ ુરવઠા મંત્રી નાદેન્દલા મનોહર, ગૃહ મંત્રી વાંગલાપુડી અનિતા અને હાઉસિંગ તથા આઈ એન્ડ પીઆર મંત્રી કોલુસુ પ ાર્થસારથીનો સમાવેશ કરાયો છે.

## હું ટૂંક સમયમાં કામ પર પાછો ફરીશ : કોંગ્રેસ અધ્યક્ષ

। (એજન્સી) બેંગલુરુ, તા.૦૨ ।

કોંગ્રેસ અધ્યક્ષ અને વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગેએ ગુરુવારે (બીજી ઓક્ટોબર), હૃદયની સર્જરી કરાવ્યાના એક દિવસ પછી, જાહેરાત કરી છે કે, હું ટૂંક સમયમાં કામ પર પાછો ફરીશ. નોંધનીય છે કે, ૮૩ વર્ષીય મલ્લિકાર્જુન ખડગેને મંગળવારે (૩૦મી સપ્ટેમ્બર) બેંગલુરુની એમએસ રામૈયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બુધવારે તેમના હૃદયમાં પેસમેકર ઈમ્પ્લાન્ટ કરવામાં આવ્યું હતું. ડૉક્ટરોએ સર્જરી બાદ તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. હૃદયની સર્જરી બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ દ્વારા પોતાના સ્વાસ્થ્યની માહિતી આપી હતી. તેમણે લખ્યું, હું કોંગ્રેસના કાર્યકરો, નેતાઓ અને સમર્થકોની શુભેચ્છાઓ બદલ આભાર વ્યક્ત કરું છું. હું ટૂંક સમયમાં કામ પર પાછો ફરીશ. ખડગેના સ્વાસ્થ્ય અંગેના આ સમાચારથી કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ રાહત અનુભવી છે અને તેઓ ઝડપ થી સ્વસ્થ થઈને પરત ફરે તેવી પ્રાર્થના કરી છે. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની મંગળવારે (૩૦મી સપ્ટેમ્બર) થયેલી હૃદયની સર્જરી સફળ રહી છે. તેમના પુત્ર અને કર્ણાટક સરકારના મંત્રી પ્રિયાંક ખડગેએ માહિતી આપી હતી કે, મલ્લિકાર્જુન ખડગેની તબિયત સંપૂર્ણપણે સ્થિર અને સારી છે. પ્રિયાંક ખડગેએ ઠ પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, ડૉક્ટરોની સલાહ બાદ કોંગ્રેસ અધ્યક્ષને પેસમેકર ઈમ્પ્લાન્ટ કરાવવા માટે સમયસર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે હવે સંપૂર્ણપણે સ્વસ્થ છે અને તેમની તબિયત સ્થિર છે. મલ્લિકાર્જુન ખડગેના સ્વાસ્થ્ય અંગે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પૂછપરછ કરી હતી. પીએમ મોદીએ પોતે આજે ખડગેના સ્વાસ્થ્ય વિશે જાણવા માટે તેમની સાથે ફોન પર વાતચીત કરી હતી, જેની માહિતી તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ મારફતે આપી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ઓવરસ્પીડ બુલેટ ચાલક બ્રિજ પરથી નીચે પટકાયો

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરાઃ શહેરના ફરી એકવાર રફતારના કહેરના કારણે એક ગંભીર અકસ્માતની ઘટના બની છે. આજે વહેલી સવારે બુલેટ લઈને ઓવર સ્પીડથી પસાર થઈ રહેલો એક યુવાન શહેરના લાલબાગ બ્રિજ પરથી નીચે પટકાતા તેનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ દુઃખદ ઘટના બાદ આસપાસના સ્થાનિક લોકો એકઠા થયા હતા અને તેમણે રેકોર્ડ કરેલો એક વીડિયો પણ હાલ સામે આવ્યો છે. જેમાં રોડ પર લોહીનું ખાબોચિયું ભરાયેલું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, એક ખાનગી કંપનીમાં નોકરી કરતો યુવક પ્રમોદકુમાર રોહિણીપ્રસાદ સેન આજે વહેલી સવારે બુલેટ લઈને લાલબાગ બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે બ્રિજના ડાબા બાજુના વળાંકે બન્યું. બુલેટની સ્પીડ વધારે હોવાથી બ્રિજના ટર્નિંગ વખતે બુલેટ અચાનક ડાબી બાજુની રેલિંગ સાથે અથડાઈ હતી. જે બાદ પ્રમોદકુમાર સેન બ્રિજ નીચે પટકાયો હતો.

### વીજ રીપેરીંગ અંગે વિવિધ વિસ્તારમાં તા.૩ થી તા.૧૧ વીજ પુરવઠો બંધ રહેશે

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરના વિવિધ વિસ્તારમાં રીપેરીંગ અંગે વીજ પુરવઠો સવારે ૬:૦૦ વાગ્યાથી ૧૦:૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. રીપેરીંગ પૂરું થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા વિના વીજ પુરવઠો શરૂ કરી દેવાશે. ઉલ્લેખનીય છે કે આવતીકાલે તા. ૩, શુક્રવારે વાસણા સબ ડિવિઝન, માઈલ સ્ટોન ફીડર શહીદ આસપાસનો વિસ્તાર. તેવી જ રીતે તા. ૪, શનિવારે અટલાદરા ફીડર, મહાબલીપુરમ ફીડરના આસપાસનો વિસ્તાર તથા તા. ૫, રવિવારે અલકાપુરી ફીડર, પનોરમાં ફીડરના આસપાસનો વિસ્તાર, એવી જ રીતે તા. ૭, મંગળવારે અલકાપુરી ફીડર, આર્કેડ ફીડર તથા અકોટા સબ ડિવિઝન, ગુજરાત ટ્રેક્ટર ફીડર, અટલાદરા સબ ડિવિઝન યોગી ફીડરના આસપાસનો વિસ્તાર સહિત તા. ૮, બુધવારે સમા સબ ડિવિઝન અણુશક્તિ ફીડર, ફતેગંજ સબ ડિવિઝનના આસપાસનો વિસ્તાર અને તા. ૯, ગુરુવારે લક્ષ્મીપુરા સબ ડિવિઝન, , અલકાપુરી સબ ડિવિઝન, અલકાપુરી ફીડરના આસપાસનો વિસ્તાર અને તા. ૧૦, શુક્રવારે, સમા સબ ડિવિઝન, ચાણક્ય પૂરી ફીડરના આસપાસનો વિસ્તાર તેમજ તા. ૧૧, શનિવારે અલકાપુરી ફીડર, ટ્રાઈડેન્ટ ફીડરના આસપાસના વિસ્તારમાં નિયત તારીખે અને સમયે વીજ પુરવઠો રીપેરીંગ માટે કામકાજ અંગે બંધ રહેવાનો હોવાનું વિશ્વામિત્રી પશ્ચિમ વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા જણાવ્યું છે.

### ભાચરગામના ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતોને હાલાકી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨ ।

બનાસકાંઠામાં ધોધમાર વરસાદ ખાબક્યો. થરાદ તાલુકામાં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયા.ભાચર ગામની સીમમાં ૨૫ દિવસ બાદ હજુ પણ ૩૦૦ એકર જમીન અને લોકોના ઘર વરસાદી પાણીમાં તરબોળ. વરસાદી પાણીના નિકાલ માટે તંત્ર નિષ્ફળ રહ્યું. વરસાદી પાણી ભરાયેલા હોવાથી ખેતરોમાં વસવાટ કરતાં ૩૦થી વધુ ખેડૂતોના ઘરમાં રહેતા પરિવારોનું જીવન જીવવું અતિ મુશ્કેલ બની રહ્યું છે. ખેડૂતો પાણીના નિકાલ માટે અનેક વખત રજૂઆત કરી છતાં કોઈ કામગીરી થઈ નથી.વસાદી પાણીના નિકાલ માટે વારંવાર રજૂઆત છતાં કોઈ વ્યવસ્થા ન થતા આખરે ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો. રોષે ભરાયેલા ખેડૂતોએ કહ્યું કે અમારે ઘરવખરી કેસ ડોલ પક નિષ્ફળ કે જમીન ધોવાણ નથી જોઈતું પરંતુ આ પાણીનો નિકાલ કરવામાં આવે. ૨૦૧૫ અને ૧૭ ના પૂરના પાણી કરતા પણ વધારે પાણી અત્યારે ભરાઈ ગયા છે. જેથી અમારી સરકારને નમ્ર વિનંતી છે કે વારંવાર ભરાતા પાણીનો કાયમી નિકાલ કરવામાં આવે તેવી અમારી માંગ છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલા વરસાદી પાણીપુરને લઈને થરાદ વાવ અને સુઈગામ વિસ્તારને ભારે પૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી.આ દરમિયાન કેટલાએ ગામો પાણીમાં તરબોળ થઈ ગયા છે જોકે હજુ કેટલાય ગામોની ગંભીર પરિસ્થિતિ જોવા મળી રહી છે જેની સામે જવાબદાર તંત્ર સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

# ફાસ્ટફૂડ શોપની બહાર મોડી રાત્રે ગ્રાહકોના વાહનોના ભયંકર દબાણથી રોડ જામ : HC

## ઓથોરિટી ટ્રાફિક-પાર્કિંગની ઝુંબેશ અટકાવી દેશે તો પરિસ્થિતિ 'જૈસે થે' જેવી થઇ જશે : હાઇકોર્ટની ટકોર





। અમદાવાદ, તા.૨ ।

બિસ્માર રોડ-રસ્તા, ટ્રાફિક-પાર્કિંગ અને દબાણના મુદ્દે કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણીમાં હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે,'રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને કારની કાચ પર બ્લેક ફિલ્મ હજુ પણ જોવા મળે છે. ફાસ્ટફૂડ શોપની બહાર મોડી રાત્રે ગ્રાહકોના વાહનોનો ભયંકર દબાણથી રોડ જામ થઈ જાય છે. ઓથોરિટી દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી રહી છે એના ભાગરૂપે લોકોના મનમાં ભય વધ્યો છે. પરંતુ જો એકવાર ઓથોરિટી એની ઝુંબેશ અટકાવી દેશે તો પરિસ્થિતિ 'જૈસે થે' જેવી થઈ જશે. એટલે ઓથોરિટીએ વર્ષ કે બે વર્ષ સુધી આકરી કાર્યવાહી ચાલુ રાખવી જોઈએ. જેથી લોકોમાં ભયના કારણે પણ ટ્રાફિકના નિયમોનો અમલ કરવાની ટેવ પડી જાય. પેટ્રોલ પંપ અને ડિવાઈડર્સની નજીકથી સૌથી વધુ રોંગ સાઈડ ડ્રાઈવિંગની બદી જોવા મળે છે.'અરજદાર તરફથી એડવોકેટ અમિત પંચાલે દલીલ કરી હતી કે,'સાત વર્ષથી અરજદાર કોર્ટને તમામ હકીકત જણાવી રહી છે. આજની તારીખે પણ અમદાવાદના ફૂટપાથો પર લારી-ગલ્લાનું દબાણ જોવા મળે છે. આ દબાણો ન થાય એ સુનિશ્ચિત કરવા આવા સ્થળોએ એક વાન રાખવી જોઈએ.' સુનાવણી દરમિયાન ઓથોરિટીએ નવરાત્રિના દિવસોમાં લીધેલા પગલાંનો રિપોર્ટ આપ્યો હતો. દરમિયાન ખંડપીઠે ટકોર કરી હતી કે,'ફાસ્ટફૂડ શોપની બહાર મોડી રાત્રે પણ ગ્રાહકોના વાહનોનો ભયંકર દબાણ જોવા મળે છે. જેના પગલે રોડનો એક ભાગ વાહનોથી જામ થઈ જાય છે. અમે અગાઉ પણ સૂચન કર્યું હતું કે આ ફૂડ શોપની બહાર ગેરકાયદેસર પાર્કિંગ હોય છે. લીગલ સર્વિસ ઓથોરિટીનો અગાઉ રિપોર્ટમાં અનેક જ્વલંત મુદ્દા સામે આવ્યા હતા. હાલ પણ આ તમામ મુદ્દા જીવંત છે. તેથી ઓથોરિટીએ નિયમિત રીતે કંઇ કરવું પડશે, પાર્કિંગ માટે ચાર્જ લો અથવા જે યોગ્ય લાગે તે કરવું જોઈએ. જેથી ટ્રાફિકનો ફ્લો ડિસ્ટર્બ ન થાય. કેમ કે જે ગ્રાહકો ફૂડ શોપ્સ, ઈટરીઝમાં ખાવા-પીવા માટે આવે છે તેઓ દુકાનોની બહાર જ વાહનો પાર્ક કરે છે. જેના લીધે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા સર્જાય છે.' સરકારી વકીલે જણાવ્યું હતું કે નવરાત્રિ દરમિયાન ૬૦૦થી વધુ ટ્રાફિક જવાનોને અમદાવાદ શહેરના રોડ ઉપર ટ્રાફિક મેનેજમેન્ટ માટે રાખવામાં આવ્યા છે. સવારે આઠથી રાતના નવ વાગ્યા સુધી જે ટ્રાફિક પોલીસ જવાનો રોડ ઉપર ટ્રાફિક મેનેજ કરે છે. તદુપરાંત આ જવાનો નવરાત્રિ દરમિયાન રાત્રિના આઠથી ત્રણ વાગ્યા સુધી ટ્રાફિક મેનેજ કરે છે. જ્યાં ગરબાના વધુ આયોજનો છે તેવા સિંધુભવન રોડ અને ભાડજ પાસે જ લોકોએ વધુમાં વધુ પાંચથી સાત મિનિટ ટ્રાફિકમાં ઊભા રહેવું પડ્યું હતું. સુનાવણી દરમિયાન ઓથોરિટીએ નવરાત્રિના દિવસોમાં લીધેલા પગલાંનો રિપોર્ટ આપ્યો હતો. દરમિયાન ખંડપીઠે ટકોર કરી હતી કે,'ફાસ્ટફૂડ શોપની બહાર મોડી રાત્રે પણ ગ્રાહકોના વાહનોનો ભયંકર દબાણ જોવા મળે છે. જેના પગલે રોડનો એક ભાગ વાહનોથી જામ થઈ જાય છે. અમે અગાઉ પણ સૂચન કર્યું હતું કે આ ફૂડ શોપની બહાર ગેરકાયદેસર પાર્કિંગ હોય છે. લીગલ સર્વિસ ઓથોરિટીનો અગાઉ રિપોર્ટમાં અનેક જ્વલંત મુદ્દા સામે આવ્યા હતા. હાલ પણ આ તમામ મુદ્દા જીવંત છે. તેથી ઓથોરિટીએ નિયમિત રીતે કંઇ કરવું પડશે, પાર્કિંગ માટે ચાર્જ લો અથવા જે યોગ્ય લાગે તે કરવું જોઈએ. જેથી ટ્રાફિકનો ફ્લો ડિસ્ટર્બ ન થાય. કેમ કે જે ગ્રાહકો ફૂડ શોપ્સ, ઈટરીઝમાં ખાવા-પીવા માટે આવે છે તેઓ દુકાનોની બહાર જ વાહનો પાર્ક કરે છે. જેના લીધે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા સર્જાય છે.' સરકારી વકીલે જણાવ્યું હતું કે નવરાત્રિ દરમિયાન ૬૦૦થી વધુ ટ્રાફિક જવાનોને અમદાવાદ શહેરના રોડ ઉપર ટ્રાફિક મેનેજમેન્ટ માટે રાખવામાં આવ્યા છે. સવારે આઠથી રાતના નવ વાગ્યા સુધી જે ટ્રાફિક પોલીસ જવાનો રોડ ઉપર ટ્રાફિક મેનેજ કરે છે. તદુપરાંત આ જવાનો નવરાત્રિ દરમિયાન રાત્રિના આઠથી ત્રણ વાગ્યા સુધી ટ્રાફિક મેનેજ કરે છે. જ્યાં ગરબાના વધુ આયોજનો છે તેવા સિંધુભવન રોડ અને ભાડજ પાસે જ લોકોએ વધુમાં વધુ પાંચથી સાત મિનિટ ટ્રાફિકમાં ઊભા રહેવું પડ્યું હતું.

### પોલીસે હુમલો કરનારા વકીલની અટકાયત કરી

## સાયલા કોર્ટ પરિસરમાં એક વકીલે અચાનક બીજા વકીલ પર હુમલો કર્યો

**એક વકીલે બીજા વકીલ પર હુમલો કરવાના બનાવથી સમગ્ર કોર્ટ પરિસરમાં ચકચાર મચી જવા પામી હતી**

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરમાં સાયલા કોર્ટ ખાતે બાર રૂમમાં બે વકીલો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. એક વકીલે બીજા વકીલ પર હુમલો કરવાના બનાવથી સમગ્ર કોર્ટ પરિસરમાં ચકચાર મચી જવા પામી હતી. બપોરના સમયે કોર્ટ પરિસરમા બનેલા હુમલાના બનાવમાં ઈજાગ્રસ્ત વકીલને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યારે હુમલો કરનાર વકીલની પોલીસે અટકાયત કરી હતી. સાયલા કોર્ટમાં બનેલા ચકચારી બનાવ અંગે પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે ગઈકાલે કોર્ટના બાર રૂમમાં હાજર વકીલ મુકેશભાઈ જાની પર અન્ય વકીલ હરેશ જોગરાણાએ ઓચિંતો હુમલો કરી દીધો હતો. આ દરમિયાન ત્યાં હાજર વકીલો પણ હતપ્રત થઈ ગયા હતા અને બન્નેને છૂટા પાડવા માટે પ્રયાસ કર્યા હતા.પોતાના અસીલોની અરજી કોર્ટે નામંજૂર કરતા તેનું મનદુઃખ રાખી સામે વાળાના વકીલ મુકેશભાઈ જાની પર હરેશ જોગરાણા એ હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. કોર્ટમાં થયેલ માથાકૂટમાં ઈજાગ્રસ્ત થયેલા વકીલ મુકેશભાઈ જાનીને માથાના ભાગે ઈજાઓ થવા સાથે શ્વાસ લેવામાં તકલીફ થતા સાથેના વકીલો દ્વારા તેમને તુરંત સાયલા સરકારી હોસ્પિટલ ખાતે અને ત્યાંથી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર લઈ જવાયા હતા. ઘટનાની ગંભીરતા પારખી સાયલા પોલીસ દ્વારા આરોપી વકીલની અટકાયત કરી હતી.

### વરસાદી પાણી ભરાઈ જવાને કારણે સમગ્ર કાર્યક્રમ રદ

## ગાંધીધામમાં ભારે વરસાદ અને પવનને કારણે રાવણ દહનનો કાર્યક્રમ મોકૂફ રખાયો

**રાવણદહનનો કાર્યક્રમ મોકૂફ રાખવા ગામના અગ્રણીઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે**

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

ગુજરાતમાં કચ્છ જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદ ખાબક્યો છે. જિલ્લામાં વરસાદ ખાબકતાં રસ્તા પર પાણી ફરી વળ્યાં છે. ગરબાના મેદાનમાં પણ પાણી ભરાઈ જતાં ખેલૈયાઓની મજા બગડી હતી. હવે ભારે વરસાદ અને પવનને કારણે ગાંધીધામમાં રાવણદહનનો કાર્યક્રમ મોકૂફ રાખવા ગામના અગ્રણીઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. વરસાદને કારણે પાણી ભરાઈ જતાં નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે કચ્છ જિલ્લામાં આ વખતે સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. જિલ્લામાં ભુજ, રાપર, સામખિયાળી અને ગાંધીધામ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે ખેલૈયાઓની ગરબા રમવાની મજા બગાડી છે. હવે ગાંધીધામમાં જ્યાં રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે સમગ્ર કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. ગામના અગ્રણીઓ દ્વારા કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કચ્છના રાપર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયાં છે. સામખિયાળી સહિત કાંઠા વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. સામખિયાળીના જંગી, વાંઢીયા, લાલિયાણા અને લાકડીયા સહિતના પંથકમાં વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત ભુજ, ગાંધીધામ અને રાપર તાલુકાના વિસ્તારોમાં પણ વરસાદ ખાબકતાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયાં છે. સતત ત્રણ દિવસથી ખાબકી રહેલા વરસાદને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

## લેન્ડ રોવર કાર ચાલકને લોકોએ મેથીપાક ચખાડ્યો : પોલીસ સાથે ઝપાઝપી

**ટ્રાફિક પોલીસ કર્મચારી સાથે હાથાપાઇ કરતો વીડિયો સામે આવ્યો છે આ ઘટના બાદ વૈભવી કાર સાથે યુવકને પોલીસે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી**

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરમાં અવાર નવાર નાના મોટા અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. ગત રોજ નવરાત્રીના નવમા નોરતે વધુ એક નશામાં ચકચૂર વૈભવી કાર ચાલકે એક યુવતીને પહેલા ટક્કર મારી અને બાદમાં રોંગ સાઈડ જતા ટ્રાફિક પોલીસ કર્મચારી સાથે હાથાપાઈ કરતો વીડિયો સામે આવ્યો છે. આ ઘટના બાદ વૈભવી કાર સાથે યુવકને પોલીસે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના દરમિયાન ટ્રાફિક શાખા પૂર્વ ઝોનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ છોટુભા અને અલસીંગભાઈ દલીયાભાઈ ભવન્સ સ્કૂલ પાસે ટ્રાફિક પોઈન્ટ પર હાજર હતા. આ ઘટના દરમિયાન એક લેન્ડ રોવર ફ્રીલેન્ડર ગાડીના ચાલકે સ્પંદન સર્કલ તરફથી આવીને ભવન્સ સ્કૂલ સર્કલ ફરવાને બદલે રોંગ સાઈડમાં ટર્ન લીધો હતો. દરમિયાન પ્રતાપનગર તરફ જતા ટ્રાફિકમાં બાઈકને ટક્કર મારી હતી. આ અથડામણમાં બાઈક પર પાછળ બેઠેલી યુવતીના પગમાં ઈજા પહોંચી હતી. આ ઘટના બાદ ફોર-વ્હીલ ચાલકે બાઈક સવારો સાથે બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. ટ્રાફિક પોલીસે ગાડી સાઈડમાં લેવાનું જણાવતાં, ચાલકે હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ સાથે અસભ્ય વર્તન કર્યું સાથે ગાળાગાળી અને હાથાપાઈ કરી હતી. નશામાં ધૂત કાર ચાલકે ભેગા થયેલા રાહદારીઓ સાથે પણ ઝઘડો કર્યો હતો, જેના કારણે પરિસ્થિતિ વધુ તંગ બની હતી. આ ઘટનાની જાણ હેડ કોન્સ્ટેબલ અલસીંગભાઈએ પોલીસ કંટ્રોલ રૂમને કરી હતી. જે બાદ મકરપુરા પોલીસ સ્ટેશનની ઝઈ વાન ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટના માંજલપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોવાથી આરોપીને માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો હતો. આ આરોપીનું નામ દેવેન્દ્રસિંહ હરિસિંહ સિંધા (રહે. સત્વ અરોમા ફ્લેટ, સાંઈ ચોકડી પાસે, માંજલપુર, વડોદરા; મૂળ રહે. નવાબજાર, સ્વામી નારાયણ મંદિર પાસે, કરજણ, જિ. વડોદરા) હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમિયાન આરોપીના મોઢામાંથી દારૂની વાસ આવતી હતી અને તેની આંખો લાલચોળ દેખાતી હતી. પોલીસે નશામાં ધૂત આ કાર ચાલક સામે ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ વૈભવી કાર લઈ રક્ષિત ચોરસિયા દ્વારા કારેલીબાગ વિસ્તારમાં ભયાનક અકસ્માત સર્જવામાં આવ્યો હતો ત્યારે તહેવાર ટાણે આ વધુ એક મોટી અકસ્માતની ઘટના ટળી છે. ત્યારે પોલીસે આરોપીની વૈભવી લેન્ડ રોવર ફ્રીલેન્ડર ગાડી કબજે કરવામાં આવી છે. માંજલપુર પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## વેરાવળ પાસે માતાજીના મઢે આયોજિત ઉત્સવમાં વીજશોક લગતાં ત્રણનાં મોત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા-સરા વચ્ચે રોડની સાઈડમાં પાણી ભરેલા ખાડામાં કાર ખાબકતાં એક જ પરિવારના ચાર સભ્યનાં કરૂણ મોત નીપજ્યાં છે. પરિવાર બીમાર મહિલાને સારવાર માટે હોસ્પિટલ લઈ જઈ રહ્યો હતો ત્યારે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક પુરુષ અને બે મહિલાનાં ઘટનાસ્થળે જ, જ્યારે અન્ય એક મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. અન્ય બે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.મૂળી તાલુકાના દાધોળિયા ગામના ૪૫ વર્ષીય ચોપાભાઈ બિજલભાઈ જેજરિયા તેમની સ્વિફ્ટ કાર લઈને ધ્રાંગધ્રા-સરા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ચિત્રોડી ગામ પાસે નિર્માણાધીન બ્રિજના ડાયવર્જન પાસે કારના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડની સાઈડમાં આવેલા પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી.આ ગોઝારા અકસ્માતમાં ચોપાભાઈ બિજલભાઈ જેજરિયા, બબુબેન છનાનાઈ દેવસીભાઈ જેજરિયા, ભાનુબેન રમેરાભાઈ જેઠાભાઈ જેજરીયા અને ભાનુબેન હમીરભાઈનાં મોત નીપજ્યાં હતાં.

### ૫૦ જેટલા યુવાનોએ ગરબાના ૩ આયોજકોને માર માર્યો

## માંગરોળના તરસાડીમાં ગરબાના મેદાનમાં ધમાલ

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના તરસાડી વિસ્તારમાં નવરાત્રિના અંતિમ દિવસે ગરબાના આયોજન સ્થળે ગંભીર બબાલ થતાં મામલો બિચક્યો હતો. આ મારામારીની ઘટના પાછળનું મુખ્ય કારણ એક છોકરીની છેડતી હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, ગરબા જોવા આવેલા અમુક યુવાનો દ્વારા એક છોકરીની છેડતી કરવામાં આવી હતી, જેની જાણ થતાં ગરબાના આયોજકોએ આ બાબતે યુવાનોને ટકોર કરી હતી અને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ ટકોર યુવાનોને ગમી ન હતી અને તેનાથી તેઓ ઉશ્કેરાયા હતા, જેના પરિણામે સમગ્ર મામલો મારામારીમાં પરિણમ્યો હતો. આયોજકની ટકોર બાદ મામલો શાંત થવાને બદલે વધુ વણસ્યો હતો. છેડતીની બાબતે ટકોર કરનાર આયોજકો પર લગભગ ૫૦ જેટલા યુવાનોના ટોળાએ એકસાથે હુમલો કર્યો હતો.

## ભવન્સ સર્કલ પાસે બાઇકને ટક્કર મારનાર નશેડી કારચાલકની ધરપકડ




। વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરમાં નશાની હાલતમાં બેફામ કાર ચલાવીને અકસ્માત સર્જનાર એક કારચાલકની પોલીસે ધરપકડ કરી છે. આ આરોપીનું નામ દેવેન્દ્રસિંહ સિંધા છે. પોલીસે તેના વિરુદ્ધ તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે માહિતી આપતા SP પ્રણવ કટારીયાએ જણાવ્યું હતું કે, આ ઘટના ભવન્સ સ્કૂલ સર્કલ પાસે રાત્રિના સમયે બની હતી. આરોપી દેવેન્દ્રસિંહ સિંધાએ પોતાની કાર રોંગ સાઈડમાં ચલાવી હતી અને બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગના કારણે એક બાઈકને ટક્કર મારી હતી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસે તુરંત કાર્યવાહી કરી હતી. અકસ્માતની આ ઘટના વધારે ગંભીર બની જ્યારે આરોપી દેવેન્દ્રસિંહની કારમાંથી દારૂની બોટલ મળી આવી. આના પરથી સ્પષ્ટ થાય છે કે આરોપી દારૂના નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યો હતો. એટલું જ નહીં, SP કટારીયાએ વધુમાં જણાવ્યું હતું કે, નશેડી કારચાલકે માત્ર બાઈકને જ ટક્કર નહોતી મારી, પરંતુ ત્યાં હાજર ટ્રાફિક પોલીસના જવાનને પણ ઈજા પહોંચાડી હતી. આ બનાવ બાદ પોલીસે આરોપીની તાત્કાલિક ધરપકડ કરી લીધી હતી. તેના પર દારૂ પીને વાહન ચલાવવા, બેફામ ડ્રાઈવિંગ, રોંગ સાઈડ ગાડી ચલાવવા સહિતની ગંભીર કલમો લગાવીને ગુનો નોંધવામાં આવ્યો છે. વડોદરા પોલીસ દ્વારા આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે અને આરોપી સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દેવેન્દ્રસિંહ સિંધા વિરુદ્ધ લગાવવામાં આવેલી કલમો દર્શાવે છે કે પોલીસ નશાની હાલતમાં બેફામ ડ્રાઈવિંગ કરનારાઓ પ્રત્યે કોઈ પણ પ્રકારની નરમાશ રાખવા તૈયાર નથી. પોલીસે આરોપીને કોર્ટ સમક્ષ રજૂ કરવાની અને નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવાની તૈયારી કરી છે. આ કડક પગલાંથી સમાજમાં એક મજબૂત સંદેશ જશે કે બેફામ અને નશામાં ડ્રાઈવિંગ કરનાર વ્યક્તિઓને બક્ષવામાં આવશે નહીં.

## ગોધરામાં અસામાજિક તત્વોએ ગેરકાયેદ બનાવેલ મકાનો પર ફરી વળ્યુ બુલડોઝર

। ગોધરા, તા.૨ ।

ગુજરાતમાં ફરી એક વાર દાદાનું બુલડોઝર ફર્યું છે. પંચમહાલના દશેરાના દિવસે અસામાજિક તત્વોએ કરેલા દબાણ પર બુલડોઝર ફેર્યું છે. ગોધરામાં અસામાજિક તત્વો અને આરોપીઓ દ્વારા કરવામાં આવેલા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલા નાગા તલાવડી વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવી છે. સરકારી જગ્યામાં અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હતું. સરકારી જગ્યામાં બાંધવામાં આવેલા ૩૫ જેટલા કાચા પાકા મકાનો તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહત્વનું છે કે ગત માર્ચમાં ગોધરાના ભામૈયા ગામના શિવ મંદિરમાં તોડફોડ કરી ચોરી કરનાર આરોપીઓ દ્વારા આજ વિસ્તારમાં કરવામાં આવેલા ગેરકાયદે કાચા તેમજ પાકા દબાણો તોડી પાડવાની કામગીરી શરૂ કરાઈ છે. પોલીસ બંદોબસ્ત સાથે દબાણ તોડવાની કામગીરી હાથ ધરાઈ છે. ગોધરા નગરપાલિકા, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ અને મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સંયુક્ત ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ બંદોબસ્ત સાથે દબાણ તોડવાની કામગીરી હાથ ધરાઈ છે. ગોધરા નગરપાલિકા, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ અને મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સંયુક્ત ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે.

## ગેરકાયદે મુસાફરોને લઈ જતા વાહન ચાલકો વિરૂધ્ધ પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી

। અમદાવાદ, તા.૨ ।

અનઅધિકૃત રીતે પેસેન્જરો બેસાડી હેરાફેરી કરતાં વાહન ચાલકો તેમજ અડચણરૂપ પાર્ક કરતાં વાહન ચાલકો વિરૂધ્ધ પોલીસ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વાહનોમાં અધિકૃત સંખ્યાથી વધુ મુસાફરોની સવારી અટકાવવા સારૂં અને ટ્રાફિક નિયમોનું પાલન ન કરતાં વાહન ચાલકો ઉપર અંકુશ લાવવા તેમજ અકસ્માત અને મૃત્યુદરમાં ઘટાડો લાવવા તા. ૦૧/૧૦/૨૦૨૫ના રોજ એક ખાસ ઝુંબેશનું આયોજન શહેર પોલીસ તંત્ર દ્વારા આજ ધરવામાં આવેલ હતું. ઝુંબેશ દરમ્યાન વડોદરા શહેર ટ્રાફિક શાખા પૂર્વ ઝોનના અધિકારી/કર્મચારીઓ, ટુ વ્હિલર કેઈન, હાઈડ્રા કેઈનની ટીમ બનાવી, અમિતનગર સર્કલ અને માણેકપાર્ક સર્કલ ખાતે નિયત મર્યાદા કરતાં વધુ પેસેન્જર તેમજ અનઅધિકૃત રીતે પેસેન્જરો બેસાડી હેરાફેરી કરતાં વાહન ચાલકો તેમજ જાહેર રોડ ઉપર અડચણરૂપ પાર્ક કરતાં તેમજ અન્ય ટ્રાફિક નિયમોનો ભંગ કરતાં વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં અનઅધિકૃત રીતે પેસેન્જરો બેસાડી હેરાફેરી કરતાં કુલ-૬ વાહનો ડિટેઈન કરવામાં આવેલ તેમજ અડચણરૂપ પાર્ક કરેલ કુલ-૨૨ વાહનો જપ્ત કરી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.